RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 15 Issue : 087 Dt. 17-10-2025 Page : 08 Price : Rs 3




Editor : PRATIPALSINH NARENDRASINH JADEJA, Publisher, Printer & Owner : YASHPALSINH JAYCHANDRASINH JADEJA
Place of Publication and Printing : 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT

ધરખમ ફેરફારોના અનુમાન છે પરંતુ કોણ આવે, કોણ કપાય એ તો માત્ર પીએમ, અમિતભાઈ, રત્નાકરજી તથા જગદીશ વિશ્વકર્મા જ કહી શકે બાકી મોદીજીની ફિતરત રહી છે કે કોથળામાંથી બિલાડુ કાઢે

# રાજયના મંત્રીમંડળમાં થશે ધરખમ ફેરફારો

## પાંચ કલાકની મેરેથોન બેઠકમાં કેબિનેટ વિસ્તરણની યાદી તૈયાર : તમામ મંત્રીઓના રાજીનામા લેવાયા




### ધારાસભ્ય જીતુ વાઘાણી, કૌશિક પટેલ, અનિરૂદ્ધ દવે, પ્રદ્યુમન વાજા, ઉદય કાનગડ, માલતીબેન મહેશ્વરી, દર્શનાબેન વાઘેલા, રમેશ ટીલાળા, ડો. દર્શિતા શાહ, રિવાબા જાડેજા, બાલકૃષ્ણ શુક્લને મંત્રીમંડળમાં સ્થાન મળે તેવા ઉજળા સંજોગો છે

અમદાવાદ, તા. ૧૬

રાજ્ય સરકારના મંત્રીમંડળ વિસ્તારણની ઘડીઓ ગણાઇ રહી છે અને આ સમયે અનેક નામો ઉપસી રહ્યા છે. ત્યારે જે શક્યતાઓ સેવાઇ રહી છે તે મુજબ, ભૂપેન્દ્રભાઇના મંત્રીમંડળમાં માત્ર છ જેટલા મંત્રીઓને રિપીટ કરવામાં આવે. જ્યારે બાકી નવા ચહેરાઓના નામ ચર્ચાઇ રહ્યા છે. ગઈકાલની પાંચ કલાકની મેરેથોન બેઠકમાં કેબિનેટ વિસ્તરણની યાદી તૈયાર કરાઈ હતી. વિસ્તરણની સાથોસાથ મંત્રીમંડળમાં મોટા ફેરફારની પણ શક્યતા છે. રાજ્યના મંત્રી મંડળના વિસ્તરણને લઈને જાણકારી સામે આવી છે. મંત્રીમંડળનું વિસ્તરણ ગુરૂવાર સુધીમાં નક્કી થશે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ હાલના ૧૭ પૈકીના ૧૦ થી ૧૧ મંત્રીઓને પડતા મૂકાશે.૧૬ નવા ધારાસભ્યને મંત્રીમંડળમાં સ્થાન મળી શકે છે. વર્તમાન મંત્રીમંડળમાં મુખ્યમંત્રી સહિત હર્ષ સંઘવી, પ્રફુલ પાનસેરીયા, કનુભાઇ દેસાઇ, ઋષિકેશ પટેલ યથાવત રહે તેવી સંભાવનાઓ વ્યક્ત કરાઇ રહી છે. જો રાઘવજીભાઇને રિપીટ કરવામાં આવે તો જયેશભાઇને ચોક્કસ નારાજગી નડી શકે છે. જાણકાર વર્તુળોના જણાવ્યા અનુસાર, વનમંત્રી મૂળુભાઇ બેરાને પણ પડતા મુકવામાં આવે તો નવાઇ નહીં. જ્યારે રાજકોટના ધારાસભ્ય ઉદયભાઇ કાનગડને મંત્રી પદ મળવાના ચાન્સ પણ વધુ છે. ઉલ્લખનિય છે કે, હર્ષ સંઘવી અને પ્રફુલ્લ પાનસેરિયાને કેબિનેટ મંત્રીનું પ્રમોશન મળી શકે છે. જીતુ વાઘાણી, અર્જુન મોઢવાડિયાને મંત્રી મંડળમાં સ્થાન મળી શકે છે.

શુક્રવારે યોજાનાર મંત્રીમંડળમાં મોટા ફેરફાર પહેલા મોટા રાજકીય પરિવર્તનના ભાગ રૂપે ગુજરાત સરકારના તમામ મંત્રીઓએ રાજીનામા આપી દીધા છે. લગભગ સાતથી દસ મંત્રીઓને જાળવી રાખવામાં આવે તેવી શક્યતા છે. ભાનુબેન બાબરિયાને પડતા મુબાઇ તેવી ચર્ચા વચ્ચે માલતીબેન મહેશ્વરી તથા દર્શનાબેન વાઘેલાને મંત્રીમંડળમાં સ્થાન મળવાની શક્યતાઓ વ્યક્ત કરાઇ રહી છે. કુંવરજી બાવળિયા કોળી સમાજમાંથી આવે છે ત્યારે તેમનું મંત્રીપદ જોખમમાં ન મુકાઇ તેવી પણ અટકળો છે. તો બીજી તરફ જૂનાગઢ જિલ્લાના પ્રદ્યુમન વાજાને મંત્રીમંડળમાં સમાવવામાં આવી શકે છે. રાજકોટ જિલ્લાના નવા મંત્રીમંડળમાં કોને સ્થાને મળે છે તે ચર્ચામાં ઉદય કાનગડ, ડો. દર્શિતા શાહ અને ધારાસભ્ય એવા રમેશ ટીલાળાનું નામ પણ ચર્ચામાં છે. જ્યારે બાકીના પદો નવા ચહેરાઓ દ્વારા ભરવામાં આવશે. અહેવાલ મુજબ, પુનઃસ્થાપિત કરાયેલા લોકોના રાજીનામા રાજ્યપાલને સુપરત કરવામાં આવશે નહીં. સૂત્રોના જણાવ્યા અનુસાર, વર્તમાન ગુજરાત મંત્રીમંડળ, જેમાં ૧૬ સભ્યો છે, તે વધારીને ૨૬ કરવામાં આવશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ વર્તમાન મંત્રીમંડળના એકમાત્ર સભ્ય છે જે પદ પર રહેશે. તેઓ આજે રાત્રે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતને મળીને ઔપચારિક રીતે રાજીનામું સુપરત કરે તેવી અપેક્ષા છે.

નવી ગુજરાત મંત્રીમંડળ શુક્રવારે સવારે ૧૧:૩૦ વાગ્યે ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ અને ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જેપી નડ્ડાની હાજરીમાં શપથ લેશે. પાર્ટીના સૂત્રોએ જણાવ્યું હતું કે નવી ટીમમાં યુવાન અને અનુભવી નેતાઓનું મિશ્રણ હશે, જેનો હેતુ તમામ સમુદાયોમાં જાતિ સંતુલન જાળવવાનો છે. ગુરુવારે સાંજે મુખ્યમંત્રી નિવાસસ્થાને મળેલી બેઠક બાદ આ પગલું લેવામાં આવ્યું હતું, જેમાં ભાજપના રાષ્ટ્રીય મહાસચિવ (સંગઠન) સુનિલ બંસલ અને મુખ્યમંત્રી પટેલ હાજર રહ્યા હતા. સૂત્રોના જણાવ્યા અનુસાર, બંસલ અને પટેલે દરેક મંત્રી સાથે વ્યક્તિગત રીતે મુલાકાત કરી હતી અને તેમના રાજીનામા સ્વીકારતા પહેલા તેમને કેન્દ્રીય નેતૃત્વના નિર્ણયની જાણ કરી હતી.

પક્ષના નેતાઓએ જણાવ્યું હતું કે આ રાજીનામા રાજકીય અને સંગઠનાત્મક પડકારોના આગામી તબક્કા પહેલા રાજ્ય મંત્રીમંડળમાં ફેરબદલ કરવાની ભાજપની યોજનાનો એક ભાગ છે. પક્ષના આંતરિક સૂત્રોએ જણાવ્યું હતું કે ગુજરાત ભાજપ પ્રમુખ જગદીશ વિશ્વકર્માએ પ્રક્રિયાનું સંકલન કર્યું હતું અને નેતૃત્વના નિર્ણયની મંત્રીઓને જાણ કરી હતી. આ ફેરબદલને આગામી મ્યુનિસિપલ ચૂંટણીઓ અને ૨૦૨૭ વિધાનસભા ચૂંટણીઓ પહેલાં નવી ઊર્જા ભરવા અને જાતિ અને પ્રાદેશિક પ્રતિનિધિત્વને સંતુલિત કરવાની ભાજપની વ્યાપક વ્યૂહરચનાના ભાગ રૂપે જોવામાં આવી રહ્યું છે. નવા મંત્રીઓના નામોને અંતિમ સ્વરૂપ આપવા માટે એક મહત્વપૂર્ણ બેઠક આજે રાત્રે ૮ વાગ્યે મુખ્યમંત્રી નિવાસસ્થાને યોજાશે. મંત્રીમંડળ વિસ્તરણ પહેલા આ મહત્વપૂર્ણ બેઠક માટે ભાજપ પ્રમુખ જેપી નડ્ડા પહેલાથી જ ગાંધીનગર પહોંચી ગયા છે.

આગામી મ્યુનિસિપલ ચૂંટણીઓ અને અઅઙના વધતા પ્રભાવને ધ્યાનમાં રાખીને જાતિ સમીકરણને સંતુલિત કરવા માટે આ નિર્ણય લેવામાં આવ્યો છે. ૨૦૧૫ના પાટીદાર અનામત આંદોલન દરમિયાન પ્રસિદ્ધિ મેળવનારા અઅઙ નેતા ગોપાલ ઇટાલિયા હવે ખાસ કરીને લેઉવા પાટીદારોમાં પોતાની પકડ મજબૂત કરી રહ્યા છે.

અહેવાલો અનુસાર, સૌરાષ્ટ્ર, જ્યાં અઅઙનો પ્રભાવ વધી રહ્યો છે, ત્યાંથી યુવા ઈઉંઙ ધારાસભ્યો - રીવાબા જાડેજા, જયેશ રાદડિયા અને ઉદય કાંગર - રાજ્ય કેબિનેટ મંત્રી તરીકે બઢતી મેળવવાની રેસમાં આગળ છે. ગુજરાતમાં ભાજપ સતત સાત ટર્મથી સત્તામાં છે, અને છેલ્લી ૨૦૨૨ ની ચૂંટણીઓમાં, પાર્ટી એ ઐતિહાસિક બહુમતી મેળવી હતી. ૧૮૨ સભ્યોની વિધાનસભામાં ૧૫૬ બેઠકો સાથે પાર્ટી સત્તામાં પાછી આવી હતી.

હવે, સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ પહેલા, જેને મીની-વિધાનસભા તરીકે જોવામાં આવી રહી છે, ભાજપ તેની બધી ખામીઓને દૂર કરવાનો પ્રયાસ કરી રહી છે. ભાજપના એક નેતાએ જણાવ્યું હતું કે, વડા પ્રધાન મોદીને લાગે છે કે કોઈપણ સરકારમાં અમુક અંશે સત્તા વિરોધી ભાવના હંમેશા રહે છે, અને ગુજરાત, જે કેન્દ્ર સરકારની શક્તિનો લગભગ પર્યાય બની ગયું છે, તે એટલું પ્રતિષ્ઠિત છે કે કોઈપણ સંભવિત સત્તા વિરોધી ભાવનાનું મૂલ્યાંકન કરવું મુશ્કેલ છે.

ગુજરાતમાં તેનું વર્ચસ્વ સુનિશ્ચિત કરવા માટે ભાજપની સતત વ્યૂહરચનાઓમાંની એક રહી છે, અમદાવાદ યુનિવર્સિટીના શિક્ષણવિદ સાર્થક બાગચીએ ધ પ્રિન્ટને જણાવ્યું. તેમણે વધુમાં કહ્યું કે ૨૦૧૬ માં, તત્કાલીન મુખ્યમંત્રી આનંદીબેન પટેલને રાજીનામું આપવાનું કહેવામાં આવ્યું હતું, અને નવા મંત્રીમંડળે કાર્યભાર સંભાળ્યો હતો. ૨૦૨૧ માં, વિજય રૂપાણીને રાજીનામું આપવાનું કહેવામાં આવ્યું, અને તે જ થયું. તેમણે કહ્યું કે આ વખતે પણ રણનીતિ એ જ છે, ફક્ત એક ફેરફાર સાથેઃ ભાજપ મુખ્યમંત્રી જાળવી રહી છે.

# ૨૫૮ નક્સલીઓનું કર્યું આત્મસમર્પણ

## કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ એ કહ્યું, નક્સલવાદ સામેની લડાઈમાં મોટી સફળતા મળી છે

નવીદિલ્હી, તા. ૧૬

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહે કહ્યું છે કે છેલ્લા બે દિવસમાં છત્તીસગઢ અને મહારાષ્ટ્રમાં ૨૫૮ નક્સલીઓએ આત્મસમર્પણ કર્યું છે, જે નક્સલવાદ સામેની લડાઈમાં મોટી સફળતા છે. તેમણે કહ્યું કે આજે છત્તીસગઢમાં ૧૭૦ નક્સલીઓએ આત્મસમર્પણ કર્યું છે, જ્યારે ગઈકાલે છત્તીસગઢમાં ૨૭ નક્સલીઓએ અને મહારાષ્ટ્રમાં ૬૧ નક્સલીઓએ આત્મસમર્પણ કર્યું છે.



કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે ડ પર એક પોસ્ટમાં કહ્યું હતું કે, નક્સલવાદ સામેની લડાઈમાં મોટી સફળતા મળી છે. આજે છત્તીસગઢમાં ૧૭૦ નક્સલીઓએ આત્મસમર્પણ કર્યું છે, ૨૭ લોકોએ ગઈકાલે આત્મસમર્પણ કર્યું હતું. મહારાષ્ટ્રમાં પણ ૬૧ નક્સલીઓએ તેમના શસ્ત્રો છોડી દીધા અને ગઈકાલે મુખ્ય પ્રવાહમાં પાછા ફર્યા. છેલ્લા બે દિવસમાં, કુલ ૨૫૮ ડાબેરી ઉગ્રવાદીઓએ હિંસાનો માર્ગ છોડી દીધો છે.'' ગૃહમંત્રીએ કહ્યું, ''હિંસાનો ત્યાગ કરવા અને ભારતના બંધારણમાં વિશ્વાસ પુનઃસ્થાપિત કરવાના તેમના નિર્ણય બદલ હું બધાની પ્રશંસા કરું છું.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં સરકારના સતત પ્રયાસોનું પરિણામ એ છે કે નક્સલવાદ અંતિમ શ્વાસ લઈ રહ્યો છે. નક્સલવાદીઓ સામેની અમારી નીતિ સ્પષ્ટ છેઃ જે લોકો આત્મસમર્પણ કરવા માંગે છે તેમનું સ્વાગત છે, પરંતુ જે લોકો શસ્ત્રો ઉપાડવાનું ચાલુ રાખે છે તેમને આપણા સુરક્ષા દળો દ્વારા કડક કાર્યવાહીનો સામનો કરવો પડશે. હું બધા નક્સલવાદીઓને તેમના શસ્ત્રો છોડીને મુખ્ય પ્રવાહમાં પાછા ફરવાની અપીલ કરું છું.''

અમિત શાહે કહ્યું, ''આ ખૂબ જ આનંદની વાત છે કે છત્તીસગઢના અબુઝમાદ અને ઉત્તર બસ્તર, જે એક સમયે આતંકવાદનો ગઢ હતા, આજે નક્સલવાદી હિંસાથી સંપૂર્ણપણે મુક્ત જાહેર કરવામાં આવ્યા છે. હવે દક્ષિણ બસ્તરમાં ફક્ત થોડા જ નક્સલવાદીઓ બાકી છે, જેમને આપણા સુરક્ષા દળો ટૂંક સમયમાં ખતમ કરશે. જાન્યુઆરી ૨૦૨૪માં અમારી પાર્ટી એ છત્તીસગઢમાં સરકાર બનાવી ત્યારથી, ૨૧૦૦ નક્સલવાદીઓએ આત્મસમર્પણ કર્યું છે, ૧૭૮૫ લોકોની ધરપકડ કરવામાં આવી છે અને ૪૭૭ લોકોને તટસ્થ કરવામાં આવ્યા છે. આ ૩૧ માર્ચ, ૨૦૨૬ પહેલા નક્સલવાદને જડમૂળથી ઉખેડી નાખવાના અમારા દૃઢ નિર્ધારનું પ્રતિબિંબ છે.

### યુગાન્ડામાં ૧૯મી ગઅખ મધ્ય-સત્ર મંત્રીસ્તરીય બેઠકમાં ભારતનું નિવેદન આપતા, વિદેશ રાજ્ય મંત્રી કીર્તિ વર્ધન સિંહે કહ્યું કે આતંકવાદ એક 'સામાન્ય ખતરો' છે જેનો સામનો ફક્ત ઊંડા આંતરરાષ્ટ્રીય સહયોગ દ્વારા જ કરી શકાય છે

# આતંકવાદ પ્રત્યે શૂન્ય સહિષ્ણુતા દર્શાવવા ભારતની વિશ્વને હાકલ

નવીદિલ્હી, તા. ૧૬

ભારતે ગુરુવારે બિન-જોડાણવાદી ચળવળના સભ્ય દેશોને આતંકવાદ પ્રત્યે શૂન્ય સહિષ્ણુતા દર્શાવવા હાકલ કરી હતી, અને કહ્યું હતું કે આતંકવાદનું કોઈપણ પ્રાયોજક, સમર્થન, વાજબીપણું અથવા ઢાંકપિછોડો ફક્ત તે લોકોને જ નુકસાન પહોંચાડશે જેઓ તેને આચરે છે. યુગાન્ડામાં ૧૯મી ગઅખ મધ્ય-સત્ર મંત્રીસ્તરીય બેઠકમાં ભારતનું નિવેદન આપતા, વિદેશ રાજ્ય મંત્રી કીર્તિ વર્ધન સિંહે કહ્યું કે આતંકવાદ એક ''સામાન્ય ખતરો'' છે જેનો સામનો ફક્ત ઊંડા આંતરરાષ્ટ્રીય સહયોગ દ્વારા જ કરી શકાય છે.

દશકોથી, ભારત સરહદ પારના બર્બર આતંકવાદી હુમલાઓનો ભોગ બન્યું છે, જેમાં સૌથી તાજેતરનો હુમલો ૨૨ એપ્રિલ, ૨૦૨૫ ના રોજ જમ્મુ અને કાશ્મીરના પહેલગામમાં થયો હતો, જ્યારે નિર્દોષ પ્રવાસીઓની હત્યા કરવામાં આવી હતી,'' તેમણે ઉમેર્યું હતું કે ચળવળના લગભગ દરેક સભ્ય આતંકવાદ દ્વારા ઉભા થયેલા પડકારથી વાકેફ છે અને તેનો સામનો કરવા માટે પ્રતિબદ્ધ છે. ''જોકે, તે ખૂબ જ દુઃખદ છે કે જ્યારે યુએન સુરક્ષા પરિષદે પહેલગામ આતંકવાદી હુમલા પર ચર્ચા કરી, ત્યારે એક સભ્ય રાષ્ટ્રએ ગુનેગારો - ધ રેઝિસ્ટન્સ ફ્રન્ટ - નો બચાવ કરવાનું પસંદ કર્યું અને તેમના કોઈપણ જાહેર સંદર્ભને દૂર કરવાનો



પ્રયાસ પણ કર્યો,'' સિંહે પરોક્ષ રીતે પાકિસ્તાનનો ઉલ્લેખ કરતા કહ્યું.

દુર્ભાગ્યવશ, આપણી પાસે એક બીજું સભ્ય રાજ્ય છે જે આ દેશની કાર્યવાહીનો બચાવ કરી રહ્યું છે,'' શ્રી સિંહે આડકતરી રીતે પાકિસ્તાનના સદાબહાર સાથી ચીનનો ઉલ્લેખ કરતા કહ્યું. ''તે જરૂરી છે કે બિન-જોડાણવાદી ચળવળ આતંકવાદ પ્રત્યે શૂન્ય સહિષ્ણુતા દર્શાવે. આતંકવાદનું કોઈપણ પ્રાયોજકતા, સમર્થન, વાજબીપણું અથવા છુપાવવું તે લોકોને નુકસાન પહોંચાડશે જેઓ તેને આચરે છે,'' તેમણે કહ્યું. તેમણે કહ્યું કે જ્યારે રાષ્ટ્રો આતંકવાદને રાજ્ય નીતિ તરીકે જાહેર કરે છે, જ્યારે આતંકવાદી કેન્દ્રોને મુક્તિ સાથે ફેલાવવાની મંજૂરી આપવામાં આવે છે, જ્યારે કોઈ રાજ્યના કાર્યકરો દ્વારા આતંકવાદીઓને મહિમા આપવામાં આવે છે, ત્યારે આવી કાર્યવાહીની ફક્ત સ્પષ્ટપણે નિંદા કરવી જોઈએ.

### જસદણના નવા જસાપર ગામના ચકચારી ડબલ મર્ડર કેસમાં ત્રણેય આરોપીઓને તકસીરવાન ઠેરાવતી રાજકોટ સેશન્સ કોર્ટ

# બે પટેલ યુવકની હત્યા કેસમાં પિતા-પુત્રને આજીવન કેદ

## ૧૧ લાખ વળતર ચૂકવવાનો હુકમ : સ્પે.પી.પી. ધીરૂભાઈ પીપળીયા અને ફરીયાદી તરફે રોકાયેલ અભય ભારદ્વાજ એન્ડ એસોસીએટ્સના અંશ ભારદ્વાજ તેમજ ટીમની સફળ કામગીરી

રાજકોટ, તા. ૧૬
કેસની પ્રાપ્ત હકિકતો મુજબ, ફરિયાદી હરેશભાઈ શીવાભાઈ વાસાણીએ ૮ મે ૨૦૧૭ના રોજ રાજકોટ ગ્રામ્યના જસદણ પોલીસ સ્ટેશન સમક્ષ પોતાની ફરીયાદ સુપ્રત કરાવતા જણાવ્યું હતું કે, ૭ મે ૨૦૧૭ના રોજ આ કામના આરોપી જીતેન્દ્રગીરી ગણપતગીરી ગોસાઈનું મોટર સાયકલ અને મરણજનાર વિમલભાઈનું મોટર સાયકલ આમને સામને ભટકાતા આરોપી જીતેન્દ્રગીરીના મોટર સાયકલમાં સામાન્ય નુકશાન થયેલ હતું. જેથી આરોપી જીતેન્દ્રગીરી ઉશ્કેરાઈ જઈ મરણજનાર વિમલભાઈના મોટર સાયકલ ઉપર ઘા મારી નુકશાન કરી ગાળો આપી મારી નાખવાની ધમકી આપેલ હતી. જે બાબતે મરણજનાર વિમલભાઈ આ કામના ફરીયાદીને ફોનથી વાત કરેલ હતી.

જેથી ફરીયાદીએ જણાવેલ કે આવી સામાન્ય બાબતે ઝઘડો કરાય નહી અને આપણે જીતેન્દ્રગીરીના પિતા ગણપતગીરીને આ બાબતે વાત કરી સમાધાન કરાવી લઈએ. તેમ કહી ફરીયાદી અને મરણજનાર વિમલભાઈ જીતેન્દ્રગીરીના ઘર પાસે ગયેલ હતા અને ફરીયાદી હરેશભાઈ તેમજ મરણજનાર વિમલભાઈ ત્યાં ઉભેલા ગણપતગીરી ગોસાઈ અને તેમના પત્ની લાભુબેનને કહેતા હતા કે આપણે એક જ ગામના છીએ સામાન્ય બાબતમાં ઝઘડો સારો ન લાગે તેમ વાતચીત કરતા હતા ત્યારે જીતેન્દ્રગીરી ગણપતગીરી બાવાજી તેમના ઘરમાંથી હાથમાં છરી લઈને આવેલ અને ફરીયાદીના ભાઈ વિમલને પેટમાં ઉપરા ઉપરી છરીના ચાર ઘા મારી દીધેલ. તે દરમ્યાન ગામના આગેવાન ગોવિંદભાઈ ભાયાણી (ઈજા પામનાર સાહેદ) અને તેમના પુત્ર લાલજીભાઈ ભાયાણી (મરણજનાર) પણ ત્યાં આવી પહોંચતા તેઓ ગોવિંદભાઈને છોડાવવા જતા તેવામાં આ જીતેન્દ્રગીરીના બાલાભુબેને તેના હાથમાં ધોકો હોય જે લાલજીના માથામાં મારેલ અને જીતેન્દ્રગીરીના બાપુજી ગણપતગીરીએ તેના પેન્ટના નેફામાંથી છરી કાઢી લાલજીભાઈને બે-ત્રણ ઘા પેટના ભાગે મારેલ અને ગોવિંદભાઈ વચ્ચે પડતા તેઓને પણ આ જીતેન્દ્રગીરી તથા તેના બાપુજી ગણપતગીરી છરીના ઘા મારી દીધેલ. આમ ત્રણેય વ્યકિતઓને છરી અને ધોકાના ઘા મારતા લોહીલુહાણ હાલતમાં પડી ગયેલ હતા અને આવો બનાવ બનતા ફરીયાદી બીકના લીધે દોડીને ગામમાં તેમના ઘર તરફ ભાંગેલ અને થોડીવાર પછી પાછા બનાવ સ્થળે આવેલા.



ત્યારબાદ ઈજા પામનારા લાલજીભાઈ, વિમલભાઈ અને ગોવિંદભાઈને અલગ અલગ ફોરવ્હીલ ગાડીઓમાં જસદણના કોટડીયા સાહેબના દવાખાને લઈ ગયેલા અને ત્યાં કોટડીયા સાહેબે ગોવિંદભાઈને તાત્કાલીક રાજકોટ સારવાર માટે લઈ જવાનું કહેલ અને લાલજીભાઈ તથા વિમલભાઈની તપાસ કરી જસદણ દવાખાને લઈ જવાનું કહેલ અને ત્યારબાદ લાલજીભાઈને અને વિમલભાઈને જસદણ સરકારી દવાખાને લઈ ગયેલ ત્યાં બંનેને ફરજ પરાના ડોકટરે તપાસી મરણ ગયેલનું જણાવેલ હતું. ઉપરોકત હકિકતની ફરીયાદ ફરીયાદી હરેશભાઈ શીવાભાઈ વાસાણીએ આરોપીઓ જીતેન્દ્રગીરી ગણપતગીરી ગોસાઈ તથા ગણપતગીરી ગજરાજગીરી ગોસાઈ તથા લાભુબેન ગણપતગીરી ગોસાઈ સામે નોંધાવેલ હતી. જે બાદ પોલીસે ઉપરોક્ત ત્રણેય આરોપીઓની અટક કરેલ હતી અને તપાસના અંતે તેમની સામેનું ચાર્જશીટ નામદાર સેશન્સ કોર્ટમાં રજુ કરવામાં આવેલ હતું.

કેસની ગંભીરતાને જોતા અને સમાજમાં આ બનાવની પડેલ ઉંડી અસરને ધ્યાને લઈ ગુજરાત સરકારે કેસ ચલાવવા માટે સીનીયર એડવોકેટ ધીરજકુમાર એસ. પીપળીયાને સ્પે. પબ્લીક પ્રોસીક્યુટર તરીકે નીમેલ હતા. જ્યારે ફરીયાદી તરફે અભય ભારદ્વાજ એન્ડ એસોસીએટ્સના એડવોકેટ અંશ ભારદ્વાજ વિકલ તરીકે રોકાયેલ હતા.

સેશન્સ કોર્ટમાં કેસ ચાલુ થતા કુલ ૨૩ સાક્ષીઓને તપાસવામાં આવેલ હતા અને ૩૮ થી વધુ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલ હતા. ત્યારબાદ બચાવપક્ષે બે બચાવના સાહેદ તરીકે પોલીસ અધિકારીઓને તપાસેલ હતા. સરકારપક્ષ તરફે પુરાવો પુર્ણ થઈ જતા આરોપીનો જવાબ કોર્ટે નોંધેલ હતો અને ત્યારબાદ કેસ આખરી દલીલ પર આવી પહોંચ્યો હતો. ત્યારબાદ બંને પક્ષ દ્વારા વિગતવારની દલીલો કરવામાં આવી હતી જેમાં સરકાર તરફે સ્પે.પી.પી. ધીરજભાઈ એસ. પીપળીયાએ દલીલ જુબાનીને ન માનવાને કોઈ કારણ રહેતું ન હોય આરોપીઓને તકસીરવાન ઠરાવવા માટેની દલીલ કરવામાં આવેલ હતી. જે દલીલોને ધ્યાને લઈને સેશન્સ કોર્ટે ત્રણેય આરોપીઓને તકસીરવાન ઠેરવેલ હતા.

આ કામમાં સ્પે.પી.પી. તરીકે ધીરજકુમાર એસ. પીપળીયાએ સરકાર તરફે કેસ ચલાવેલ હતો અને તે કેસમાં મુળ ફરીયાદીના તેમજ ક્રોસ કેસમાં ગોવિંદભાઈના વિકલ દરજ્જે અભય ભારદ્વાજ એન્ડ એસોસીએટ્સ રોકાયેલ હતા. જે અભય ભારદ્વાજ એન્ડ એસોસીએટ્સની ટીમમાં એડવોકેટસ અંશ ભારદ્વાજ, ગૌતમ પરમાર, વિજય પટેલ, જીજ્ઞેશ વિરાણી, જીતેન્દ્ર કાનાબાર, રાકેશ ભટ્ટ, કમલેશ ઉઘરેજા, તારક સાવંત, શ્રેયસ શુકલ, ચેતન પુરોહીત, અતુલ બોરીચા, દિશા ફળદુ, મિહિર શુકલ વિગેરેનો સમાવેશ થાય છે.

# પશ્ચિમ રેલવે રાજકોટ ડિવિઝન ખાતે સ્વચ્છતા પખવાડિયાની ઉજવણી

### ડિવિઝનના તમામ વિભાગો, અધિકારીઓ, કર્મચારીઓ અને નાગરિકોએ સક્રિય ભાગ લીધો અને અનેક થીમ-આધારિત સ્વચ્છતા પ્રવૃત્તિઓનું આયોજન કર્યું



રાજકોટ, તા. ૧૬
સમગ્ર દેશમાં રેલવે વિભાગ દ્વારા વિવિધ ડિવિઝનોમાં સ્વચ્છતા પખવાડિયાની ઉજવણી કરવામાં આવતી હોય છે ત્યારે પશ્ચિમ રેલવે રાજકોટ ડિવિઝન દ્વારા પેલી ઓક્ટોબર થી ૧૫ ઓક્ટોબર દરમિયાન સ્વચ્છતા પખવાડિયાનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં રેલ કર્મચારીઓની સાથોસાથ તેમના પરિવારના સભ્યો પણ સ્વચ્છતા ઝુંબેશમાં સહભાગી થયા હતા.

રાજકોટ ડિવિઝન રેલ પ્રબંધક ગિરિરાજ કુમાર મીણાના માર્ગદર્શન હેઠળ ચલાવવામાં આવેલા આ અભિયાનનો ઉદ્દેશ્ય સ્વચ્છતાને જન-આંદોલન તરીકે આગળ વધારવાનો અને મુસાફરોને સ્વચ્છ, સુરક્ષિત અને ગુણવત્તાયુક્ત સેવાઓ ઉપલબ્ધ કરાવવાનો રહ્યો. આ પખવાડિયા દરમિયાન ડિવિઝનના તમામ વિભાગો, અધિકારીઓ, કર્મચારીઓ અને નાગરિકોએ સક્રિય ભાગ લીધો અને અનેક થીમ-આધારિત સ્વચ્છતા પ્રવૃત્તિઓનું આયોજન કર્યું.

સ્વચ્છતા પખવાડિયા દરમિયાન રાજકોટ ડિવિઝનમાં અનેક થીમ-આધારિત સ્વચ્છતા અભિયાનોનું આયોજન કરવામાં આવ્યું. શરૂઆતમાં ડિવિઝન કાર્યાલય સહિત અનેક સ્ટેશનો પર માસ સ્વચ્છતા શપથ અને જાગૃતિ કાર્યક્રમો યોજાયા. સ્વચ્છ સ્ટેશન અભિયાન હેઠળ મુખ્ય સ્ટેશનો પર પ્લેટફોર્મ, વેઈટિંગ હોલ, ડ્રેનેજ, ફૂટ-ઓવર બ્રિજ અને હાઇડ્રન્ટ પાઈપની સઘન સફાઈ કરવામાં આવી તેમજ પ્લાસ્ટિક-ફ્રી અભિયાન અંતર્ગત બોટલ ક્રશર મશીનો અને વધારાના ડસ્ટબિન લગાવવામાં આવ્યા.

રાજકોટ ડિવિઝને ૧ થી ૧૫ ઓક્ટોબર ૨૦૨૫ દરમિયાન ચાલેલા ''સ્વચ્છતા પખવાડિયા''માં ૨૧૦ પ્રવૃત્તિઓનું આયોજન કર્યું, જેમાં ૨૮૦થી વધુ સ્થળો પર સઘન સફાઈ કરવામાં આવી. આ સમયગાળા દરમિયાન લગભગ ૨૦ ટન કચરાનો નિકાલ કરવામાં આવ્યો. ડિવિઝનના ૧,૮૦૦થી વધુ અધિકારીઓ, કર્મચારીઓ અને નાગરિકોએ સક્રિય ભાગીદારી સુનિશ્ચિત કરી. વિશેષ સ્વચ્છતા અભિયાન ૫૩ રેલવે સ્ટેશનો પર ચલાવવામાં આવ્યું અને ૨,૫૦૦થી વધુ સહભાગીઓએ સ્વચ્છતાના શપથ લીધા. આ ઉપરાંત, ૪૫૦ વૃક્ષારોપણ કરવામાં આવ્યું, જે પર્યાવરણ સંરક્ષણ પ્રત્યે ડિવિઝનની પ્રતિબદ્ધતા દર્શાવે છે.

અભિયાન હેઠળ કાર્યકારી અને મુસાફર સુવિધાઓ પર પણ વિશેષ ધ્યાન આપવામાં આવ્યું. ૧,૪૦૦થી વધુ કર્મચારીઓ અને નાગરિકોના શ્રમદાનથી ૪.૮ કિલોમીટર રેલ ટ્રેકની સફાઈ કરવામાં આવી. મુસાફરો માટે, ૨૫ ટ્રેનોનું નિરીક્ષણ અને સફાઈ કાર્ય કરવામાં આવ્યું. 'સ્વચ્છ આહાર' અને 'સ્વચ્છ નીર' અભિયાનો હેઠળ ૪૦ ફૂડ સ્ટોલ અને ૧૦૦ વોટર બૂથોનું નિરીક્ષણ અને સફાઈ સુનિશ્ચિત કરવામાં આવી. જન-જાગૃતિ વધારવા માટે ૬૦૦ એન્ટી-લિટરીંગ સ્ટીકર લગાવવામાં આવ્યા અને ૧૦ વેબિનાર તથા સેમિનારનું આયોજન કરવામાં આવ્યું. રાજકોટ ડિવિઝને સ્વચ્છતા, પર્યાવરણ સંરક્ષણ અને જન-જાગૃતિની દિશામાં મહત્વપૂર્ણ સિદ્ધિઓ હાંસલ કરી છે, જે તેને ''સ્વચ્છ, સુરક્ષિત અને આધુનિક રેલવે'' બનાવવાની દિશામાં એક મોટું પગલું છે.

### દિવાળીના તહેવારમાં કમાઇ લેવા માટે નવા-જૂના બૂટલેગરો આવ્યા મેદાને

# થોરાળા પોલીસના બે દરોડાઃ અઢી અને અડધા લાખના દારૂ સાથે બે પકડાયા

## સંત કબીર રોડેથી રિક્ષા સાથે એકને પકડ્યોઃ જંગલેશ્વરના શખ્સનું નામ ખુલ્યુંઃ મયુરનગરમાં ઘરમાંથી એકની ધરપકડ

રાજકોટ તા. ૧૬
દિવાળીના તહેવારમાં કમાણી કરી લેવા બૂટલેગરો મેદાને આવ્યા છે. સાથે પોલીસ પણ સક્રિય બની છે. થોરાળા પોલીસે એક જ રાતમાં બે દરોડામાં ૩ લાખથી વધુનો દારૂ પકડી લીધો છે. જેમાં એક દરોડામાં જંગલેશ્વરના શખ્સનું સપ્લાયર તરીકે નામ ખુલ્યું છે.

જાણવા મળતી વિગતો મુજબ, થોરાળા પોલીસે વિદેશી દારૂના જથ્થા સાથે એક શખ્સને ઝડપી લીધા છે. સંત કબીર રોડથી ગોકુલનગર આવાસ તરફ જતાં રસ્તા પર દ્વારકેશ ટેલીવીઝન નામની દૂકાન સામેથી રિક્ષામાં ૨,૫૪,૫૯૨નો દારૂ લઇ નીકળેલા મુળ કાલાવડના મુળીયા ગામના અને હાલ કાલાવડ રોડ પર આંબેડકરનગર-૬માં રહેતાં જીતુ ઉર્ફ હીતો નાથાભાઇ ચંદ્રપાલ ને પકડી લઇ દારૂ, રિક્ષા મળી રૂ. ૪,૦૯,૫૯૨નો મુદ્દામાલ કબ્જે કર્યો છે. જ્યારે આ દારૂ મોકલનાર તરીકે જંગલેશ્વરના આલમઅલી અનીશભાઇ શેખનું નામ ખુલતાં તેની શોધખોળ થઇ રહી છે. દિવાળીના તહેવાર અંતર્ગત દારૂની હેરાફેરી અટકાવવા થોરાળા પોલીસની ટીમ પેટ્રોલીંગમાં હતી ત્યારે એએસઆઇ દેવશીભાઇ ખાંભલા, કોન્સ. સંજયભાઇ માંડાણીને બાતમી મળી હતી કે સંત કબીર રોડ ગોકુલનગર આવાસ તરફ જતાં રોડ પરથી એક રિક્ષા નીકળવાની છે અને તેમાં દારૂ ભર્યો છે. આથી ટીમે વોચ રાખતાં બાતમી મુજબની પોપટી કલરની રિક્ષા નં. જીજે૧૦ટીઝેડ-૨૨૪૫ નીકળતાં



તેને અટકાવીને જોતાં રિક્ષામાં ૧૮૦ એમએલના ૮૧૬ નંગ ચપાલ રૂ. ૨,૫૪,૫૯૨ના મળી આવતાં તે તથા રિક્ષા કબ્જે કરી ચાલક જીતુ ઉર્ફ હીતો ચંદ્રપાલની ધરપકડ કરી હતી. આ શખ્સની પુછતાછ થતાં તેણે જંગલેશ્વરના આલીમઅલી શેખે દારૂ ભરી દીધાનું અને ફોન કરે તે સ્થળે પહોંચાડવાનો હોવાનું જણાવતાં પોલીસે આ શખ્સની તપાસ હાથ ધરી છે.

બીજી તરફ થોરાળા પોલીસ મથકના પીએસઆઇ એમ. એસ. મહેશ્વરી, વ્કિમભાઇ લોખીલ, એએસઆઇ જયેશભાઇ નિમાવત સહિતની ટીમે પેટ્રોલીંગ દરમિયાન બાતમી મળી હતી કે મયુરનગર-૧ શ્રમજીવી સોસાયટી રાવણ ચોક પાસે રહેતાં કિશન મનસુખભાઇ સિતાપરાના ઘરમાં દારૂનો જથ્થો ઉતર્યો છે. આ બાતમી પરથી દરોડો પાડવામાં આવતાં ઘરમાંથી રૂા. ૪૮૯૬૦ની કિંમતના ૧૮૦ એમએલના પોલેન્ડ પ્રાઇડ વ્હીસ્કીના ૨૮૮ નંગ ચપલા મળતાં જપ્ત કરી કિશનની ધરપકડ કરી વધુ પુછતાછ હાથ ધરી હતી. ડીસીપી હેતલ પટેલ, એસીપી બી. વી. જાધવની સુચના અંતર્ગત પીઆઇ એન. જી. વાઘેલા, પીએસઆઇ એન.આર. ડોબરીયા, એમ. એસ. મહેશ્વરી, એએસઆઇ દેવશીભાઇ ખાંભલા, હેડકોન્સ. હિતેષભાઇ પરમાર, કોન્સ. સંજયભાઇ માંડાણી, દિવ્યરાજસિંહ ઝાલાએ આ કામગીરી કરી હતી.

# વિકાસમાં યોગદાન આપનાર સૌરાષ્ટ્રના ઉદ્યોગકારોનું BIS દ્વારા સન્માન

## ભારતીય માનક બ્યૂરો દ્વારા વિશ્વ માનક દિવસે 'માનક મહોત્સવ ૨૦૨૫' યોજાયો

રાજકોટ તા. ૧૪
ભારતીય માનક બ્યૂરો (BIS)ની રાજકોટ અને ગાંધીધામ શાખા દ્વારા સંયુક્તપણે 'વિશ્વ માનક દિવસ' નિમિત્તે ''માનક મહોત્સવ - ૨૦૨૫''નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ઉત્પાદનોમાં ઉચ્ચ માપદંડોનું પાલન કરીને દેશના વિકાસમાં મહત્વનું યોગદાન આપનારા સૌરાષ્ટ્ર-કચ્છના ઉદ્યોગકારો, BIS અંગે જનજાગૃતિમાં ઉત્તમ ભૂમિકા નિભાવતા માધ્યમો તેમજ શાળાઓનું સાંસદ રામભાઈ મોકરિયાના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું.

આ અવસરે અખિલ ભારતીય લાયસન્સ મેળવનારા રાજકોટના બે ઉદ્યોગ ગોદાવરી પાઇપ્સ તથા લોકવેર ઇન્ડસ્ટ્રીનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રાજ્યસભાના સાંસદ રામભાઈ મોકરિયાએ દેશના વિકાસમાં ઉદ્યોગોની ભૂમિકાની સરાહના કરી હતી. તેમણે કહ્યું હતું કે, ઉચ્ચ ગુણવત્તાયુક્ત ઉત્પાદન થકી અને તેની વિદેશમાં નિકાસ કરીને હૂંડિયામણ રળીને ઉદ્યોગકારો અર્થવ્યવસ્થામાં મહત્વનું યોગદાન આપે છે. વસ્તુઓ, ઉત્પાદનોના માનકીકરણમાં ભારતીય માનક બ્યૂરોના સતત પ્રયાસો અને કામગીરીની પણ તેમણે સરાહના




કરી હતી. આત્મનિર્ભર ભારત માટે સ્વદેશી વસ્તુઓના ઉપયોગ માટે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ કરેલી અપીલને અનુસરવા અને સ્વદેશી વસ્તુઓ ખરીદવા, ઉપયોગ કરવા પર તેમણે ભાર મૂક્યો હતો.

આ કાર્યક્રમમાં બી.આઈ.એસ. રાજકોટ શાખાના અધ્યક્ષ પારિજાત શુક્લાએ સ્વાગત પ્રવચન સાથે વિશ્વ માનક દિવસની પૂર્વભૂમિકા આપી હતી. જ્યારે ગાંધીધામ શાખાના અધ્યક્ષ રીતુરાજ સિંઘે સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ્સની માહિતી આપીને, ટકાઉ વિકાસમાં માનક બ્યૂરોની ભૂમિકા અંગે મહત્વપૂર્ણ જાણકારી આપી હતી. 'એક બહેતર વિશ્વ માટેનો સહિયારો દ્રષ્ટિકોણ' (Shared Vision for a Better World)ની થીમ અંગે પણ તેમણે છણાવટ કરી હતી. રાજકોટમાં આયોજિત આ કાર્યક્રમમાં પૂર્વ સાંસદ રામજીભાઇ માવાણી, રમાબેન માવાણી તથા સૌરાષ્ટ્ર - કચ્છના જાણીતા ઉદ્યોગકારો, વેપારીઓ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

### ચર્ચાના ચકડોળે ન ચડે તો તો એ રાજકોટની સરકારી હોસ્પિટલ જ નહિ

# સિવિલ હોસ્પિટલમાં વેન્ટીલેટરમાં ધૂમાડાઃ દરદી દાઝ્યા

## ટ્રોમા સેન્ટરના ટીબી વોર્ડમાં બનાવઃ તબિબી અધિક્ષક, RMOએ તપાસ શરૂ કરાવીઃ શોર્ટ સરકિટથી આમ બન્યાની શક્યતાઃ સિક્યુરીટીએ આગ આગળ વધતી અટકાવી

રાજકોટ તા. ૧૬
રાજકોટઃ ચર્ચાના ચકડોળે ન ચડે તો એ સિવિલ હોસ્પિટલ જ નહિ. કોઇને કોઇ કારણે ચર્ચા જગાવતી પીડીયુ સિવિલ હોસ્પિટલ વધુ એક વખતે ચર્ચાએ આવી છે. આ વખતે એક વોર્ડમાં વેન્ટીલેટરમાં શોર્ટ સરકીટ થતાં દર્દી દાઝી ગયાની ઘટના બની છે. બનાવને પગલે અધિકારીઓએ તપાસ શરૂ કરાવી છે.

વિગતો પર નજર કરીએ તો શહેરની પીડીયુ સિવિલ હોસ્પિટલ અવાર-નવાર કોઇને કોઇ કારણે ચર્ચાના ચકડોળે ચડતી રહે છે. અહિ દર્દી ઓને અદ્યતન સુવિધાઓ સાથે સારવાર મળી રહે છે અને લગભગ દરેક રોગના નિદાન પણ વિનામુલ્યે થઇ જાય છે. પરંતુ ક્યારેક એવુ થાય છે કે દર્દીઓમાં ભય ફેલાઇ જાય છે. વહેલી સવારે પીડીયુ સિવિલ હોસ્પિટલના ટીબી વોર્ડમાં શોર્ટ સરકીટને કારણે વેન્ટીલેટરમાં ધૂમાડા નીકળતાં અને ગરમ થઇ જતાં એક વૃધ્ધ દર્દીની દાઢી સળગી ગઇ હતી અને મોઢાના ભાગે દાઝી ગયા હતાં. આ બનાવને પગલે વોર્ડમાં દાખલ દર્દીઓમાં દેકારો મચી ગયો હતો. ટીબી વોર્ડમાં વહેલી સવારે એક મોટી ઉમરના દર્દી સારવાર હેઠળ હોઇ તેમને વેન્ટીલેટર ઉપર રાખવામાં આવ્યા હતાં.

અચાનક વેન્ટીલેટરમાં ધૂમાડો નીકળવા માંડતાં ગરમ થઇ જતા દેકારો મચી ગયો હતો. દર્દીની દાઢીનો ભાગ સળગી ગયો હતો અને મોઢા પર દાઝી ગયા હતાં. આ બનાવથી દર્દી માં અને તેમના સગામાં ભય ફેલાઇ ગયો હતો. વોર્ડમાં પણ દોડધામ મચી ગઇ હતી. બનાવની જાણ થતાં સિક્યુરીટીની ટીમ દોડી ગઇ હતી અને તત્કાળ વેન્ટીલેટર હટાવતાં ધૂમાડા બંધ થઇ ગયા હતાં. શોર્ટ સરકિટ થવાને કારણે વેન્ટીલેટરમાં આમ થયાનું તારણ નીકળ્યું હતું. આ બનાવની








જાણ વોર્ડ ઇન્ચાર્જને પણ કરવામાં આવી હતી. સદ્દનસિબે આગ આગળ વધતી અટકી હતી.

દાઢીના ભાગે સ્હેજ દાઝી ગયેલા દર્દીને તુરત શીફ્ટ કરવામાં આવ્યા હતાં. આ બનાવને પગલે ટીબી વોર્ડમાં દોડધામ મચી ગઇ હતી. વધુમાં જાણવા મળ્યા મુજબ દાઝી ગયેલા દર્દીનું નામ મહમદહુશેન અલ્લારખાભાઇ પંજા-સિપાહી છે. ૬૫ વર્ષના આ વૃધ્ધ માંગરોળ જુનાગઢના વતની છે. તેમને શ્વાસની બિમારી લાગુ પડી હોઇ ગઇ ૧૪/૧૦ના રોજ સારવાર માટે સિવિલ હોસ્પિટલે લાવવામાં આવતાં તેમને ટ્રોમા સેન્ટરમાં બીજા માળે આવેલા ટીબી વોર્ડમાં દાખલ કરવામાં આવ્યા હતાં.

અહિ તેમને વેન્ટીલેટર પર રખાયા હોઇ સવારે ચારેક વાગ્યે અચાનક વેન્ટીલેટરમાં ધૂમાડા નીકળવા માંડ્યા હતાં અને જોતજોતામાં તેઓ દાઝી જતાં થતાં દોડધામ મચી ગઇ હતી. આ વૃધ્ધ નિવૃત જીવન જીવે છે અને સંતાનમાં બે દિકરા તથા બે દિકરી છે. બનાવની જાણ તબિબી અધિક્ષક ડો. મોનાલી માકડીયા, આરએમઓ ડો. દૂસરા સહિતને થતાં તેઓ દોડી ગયા હતાં અને તપાસ શરૂ કરાવી હતી. તેમના કહેવા મુજબ વેન્ટીલેટર ચાલુ હાલતમાં છે, ત્યારે ધૂમાડા કઇ રીતે નીકળ્યા? તેની તપાસ શરૂ કરાવાઇ છે. સદ્દનસિબે મોટી આગ લાગી નહોતી નહિતર શું થયું હોત તે વિચાર જ થથરાવે તેવો છે.

# રાજકોટમાં દિવાળી કાર્નિવલનો ધમાકેદાર પ્રારંભ

## સરકારી કચેરીઓ રોશનીથી સુશોભિતઃ મનપા દ્વારા દિવાળી તહેવાર નિમિત્તે યોજાશે અને વિવિધ કાર્યક્રમો




રાજકોટ, તા. ૧૬

દિવાળીના દે હવે રહ્યા ગણતરીના દિવસો બાકી ત્યારે ગઈકાલથી જ જાણે રાજકોટમાં દિવાળી ઉત્સવ શરૂ થઈ ગયો હોય તેવા ચિત્રો નજરે પડ્યા હાલ મહાનગરપાલિકા દ્વારા દિવાળી કાર્ડ દિવાલનું જે આયોજન કરવામાં આવ્યું તે ગઈકાલથી શરૂ કરી દેવાયું છે ત્યારે ગઈકાલથી જ રાજકોટ શહેર રોશની થી ઝગમગી ઉઠયું છે સાથોસાથ લોકોમાં પણ એક અનેરો આનંદ અને ઉમંગ જોવા મળી રહ્યો છે. માત્ર રોશની નહીં પરંતુ રાજકોટની મુખ્ય બજારમાં પણ ખાસ એવી ભીડ જોવા મળી છે અને જાણે હૈયે હૈયું દડાતું હોય તેવું સ્પષ્ટ ચિત્ર દેખાઈ રહ્યું છે.

રંગીલા રાજકોટમાં ગઈકાલથી દિવાળી કાર્નિવલનો પ્રારંભ થઈ ગયો છે. આ પર્વ દરમિયાન વિવિધ કાર્યક્રમો યોજાશે. ખાસ ગઈકાલથી દિવાળી કાર્નિવલ માટે રેસકોર્ષ રીંગ રોડને રોશનીથી સજાવવા સાથે લેસર લાઈટીંગ પણ કરવામાં આવ્યું છે.

જેમાં એન્ટ્રી ગેઈટ, આકર્ષક થીમ બેઈઝ લાઈટીંગ ડેકોરેશન કરવામાં આવ્યું છે. આજથી પ્રારંભ થતા સ્વચ્છ હરિયાળા અને રંગીલા રાજકોટ દિવાળી ઉત્સવના ભાગરૂપે આયોજીત અવનવી રોશનીને જોવા શહેરીજનો ઉમટી પડશે. આ ઉપરાંત દિવાળી કાર્નિવલમાં રંગોળી સ્પર્ધા અને ધનતેરસે આતશબાજી પણ કરવામાં આવશે. અવનવી લાઈટીંગથી રેસકોર્ષએ જાણે કે નવા શણગાર સજ્યા હોય તેવું વાતાવરણ સર્જાશે.

દિવાળી શરૂ થવાને આડે હવે એક જ દિવસ બાકી રહ્યો છે ત્યારથી બજારમાં તેની અલગ જ રોનક જોવા મળી રહી છે દિવાળી તહેવારને લઈને બજારોમાં ખરીદીની કહી શકાય કે ખૂબ મોટી ભીડ જોવા મળે છે અને લોકો પોતાના ઘરને સુશોભિત કરવા માટેના જરૂરી તમામ સાધન સામગ્રીઓ લઈ રહ્યા છે. ત્યારે માત્ર ખાનગી ઈમારતો જ નહીં દર વખતની જેમ આ વખતે પણ સરકારી ઈમારતોને રોશની થી શણગારવામાં આવી છે જેમાં કહી શકાય કે ગાંધી મ્યુઝિયમ, જામ ટાવર, જિલ્લા બેંક શહીદ અને કચેરીઓ અવનવી રોશનીનું આભૂષણ ગ્રહણ કર્યું હોય તેવું જોવા મળી રહ્યું છે.

માત્ર સરકારી કચેરીઓ જ નહીં પરંતુ તેની સાથે મોટી ઈમારતો કોમર્શિયલ કોમ્પ્લેક્સ સહિતની તમામ જગ્યાઓ હાલ રોશની થી સુશોભિત થઈ છે કારણ કે દિવાળી તહેવાર પ્રકાશનો પર્વ છે ત્યારે જ્ઞાનરૂપી પ્રકાશ ચોમેર ફેલાઈ તે પ્રમાણે હાલ જિલ્લા વહીવટી વિભાગ અને મહાનગરપાલિકા દ્વારા ખૂબ સારું આયોજન હાથ ધરવામાં આવ્યું છે જેમાં કોઈ શંકાને સ્થાન નથી ત્યારે દિવાળી ત્યોહાર લોકો હર્ષ ઉલ્લાસ સાથે મનાવે તેવી અપીલ પણ કરવામાં આવી છે.

દિવાળીના તહેવાર શરૂ થવામાં હવે બે દિવસ રહ્યા છે. ત્યારે બજારમાં તેની રોનક જોવા મળી રહી છે. દિવાળીના તહેવારને લઇને બજારોમા ખરીદીની ભીડ જોવા મળી રહી છે તો લોકો પોતાના ઘરને પણ રોશનીથી સજાવવા લાગ્યા છે. ત્યારે દિવાળી પર્વને લઇને રાજકોટની સરકારી ઈમારતોને પણ શણગારવામા આવી છે. શહેરમા આવેલા ગાંધી મ્યુઝીયમ, જામટાવર, જીલ્લા બેંક ભવન સહીતની કચેરીઓમાં અવનવી રોશનીનો શણગાર કરાયો છે.

તેવી જ રીતે શહેરની મુખ્ય બજારોમા પણ ખાનગી ઈમારતોએ પણ નવા શણગાર સજયા હોય તેમાં રોશનીથી ઝગમગી ઉઠી છે. દિવાળીમાં રોશનીનુ ખાસ મહત્વ હોય છે જેના કારણે સાંગણવા ચોકની લાઇટીંગ બજારમા પણ અવનવી લાઇટીંગ જોવા મળી રહી છે. આ વખતે બજારમાં મોદક, સ્ટાર, દીવા અને સ્ટીક સીરીઝ તો બાંધણી, પતંગિયા અને ફૂલની ડિઝાઇનમાં સીરીઝ જોવા મળી રહી છે.



# રાજકોટ જિલ્લાને ૨૭ કરોડથી વધુના વિકાસ કામોની મળી ભેટ

### માર્ગ અને મકાન વિભાગ, આર.એમ.સી., પંચાયત વગેરે દ્વારા માળખાકીય સુવિધા વિકસાવવા રૂ.૨૩,૪૧૫ લાખના ખર્ચે ૪૧૩ કામોના ખાતમુહુર્ત અને રૂ. ૪૪૮૨ લાખના ખર્ચે ૩૯૫ કામોના લોકાર્પણ કરાયા

રાજકોટ, તા. ૧૬

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના વડપણ હેઠળ અને મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શનમાં ગુજરાત રાજ્યમાં થયેલા બે દસકાથી વધુના વિકાસ કાર્યોને જન જન સુધી પહોંચાડવા વિકાસ સપ્તાહ અન્વયે અનેકવિધ પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી હતી. જેમાં યુવાનો માટે ભરતી મેળો, ખેડૂતો માટે રવિ કૃષિ મહોત્સવ, દિવાળી પર્વ પર ખરીદી માટે હર ઘર સ્વદેશી, ઘર ઘર સ્વદેશીના સંકલ્પને સાર્થક કરવા સ્વદેશી મેળો, આંગણવાડીમાં પોષણ સંગમ કાર્યક્રમ યોજાયા હતા.

તા.૦૭થી ૧૫ ઓક્ટોબર વિકાસ સપ્તાહની ઉજવણી અન્વયે રાજકોટ જિલ્લા તથા શહેર માર્ગ અને મકાન વિભાગ દ્વારા અનુક્રમે રૂ.૭૧૦૦ લાખના ખર્ચે ૭ કામો અને રૂ. ૧૧,૭૫૪ લાખના ખર્ચે આઠ કામોના ખાત મુહુર્ત કરવામાં આવ્યા હતા. જિલ્લાની તમામ તાલુકા પંચાયત કચેરીઓ દ્વારા રૂ.૧૮૯૦.૭૪ લાખના ખર્ચે તાલુકાના જુદા જુદા ૩૮૯ કામોના લોકાર્પણ તથા રૂ.૨૦૪૬.૭૦ લાખના ખર્ચે ૨૯૩ કામોના ખાતમુહુર્ત કરાયા હતા. ગુજરાત વોટર સપ્લાય અને સેવેજ બોર્ડ દ્વારા રૂ.૧૭૮૪ લાખના ખર્ચે એક કામ અને જસદણ નગરપાલિકા દ્વારા રૂ.૮૦૮ લાખના ખર્ચે પાંચ કામોના લોકાર્પણ કરાયા હતા. રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા રૂ.૨૧૬૫ લાખના ખર્ચે ૧૦૪ કામો, માર્ગ અને મકાન વિભાગ પંચાયત દ્વારા રૂ.૨૦૦ લાખના ખર્ચે એક કામ અને ઉપલેટા નગરપાલિકા દ્વારા રૂ. ૧૫૦ લાખના ખર્ચે એક કામનું ખાતમુહુર્ત કરવામાં આવ્યું હતું. આમ, રાજકોટ જિલ્લામાં દિવાળી પર્વ પર વિકાસ સપ્તાહ અન્વયે રૂ.૨૭,૮૯૮.૬૪ લાખના ખર્ચે કુલ ૮૦૮ વિવિધ વિકાસ કામોની ભેટ નાગરિકોની સુખાકારીમાં વધારો કરશે.

# ૩૦ દિવસીય મેદસ્વિતા મુક્તિ કેમ્પનો સમાપન

## ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા યોજાયો સમાપન સમારોહ




રાજકોટ, તા. ,૧૬

ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસ નિમિત્તે તા.૧૭ સપ્ટેમ્બરથી ૧૬ ઓક્ટોબર સુધી આયોજીત ત્રીસ દિવસીય વિશેષ મેદસ્વિતા મુક્તિ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કેમ્પનું આયોજન રાજકોટના મુંગા બહેરાની શાળામાં સળંગ એક માસ સુધી સવારે ૬.૦૦થી ૦૮.૦૦ વાગ્યા દરમિયાન કરવામાં આવ્યું હતું.જેમાં પ્રતિ દિવસ ૧૦૦ થી વધુ લોકો જોડાયા હતા. મોટા ભાગના લોકોએ વધુ વજનની સમસ્યામાંથી મુક્તિ મેળવી હતી. યોગાભ્યાસ કરનાર લોકોના સુગર અને ડાયાબિટીસ કંટ્રોલમાં પણ મહત્તમ સુધારો જોવા મળ્યો છે, તેમ યોગ કોચ અને કો-ઓર્ડીનેટર શ્રી મીતા તેરૈયાએ જણાવ્યું હતું.

મેદસ્વિતા એક વૈશ્વિક આરોગ્ય સમસ્યા બનતી જાય છે. તેલ, ખાંડ અને પ્રોસેસ્ટ ફૂડ (કોલ્ડ ડ્રિંક્સ,જંક ફૂડ) વધુ પ્રમાણમાં લેવાથી, શારીરિક કસરત અને ફિટનેસના અભાવથી, વધુ કેલેરીવાળા અને અસંતુલિત આહારથી, તણાવ અને અનિયમિત જીવનશૈલીથી, કુટુંબમાં મેદસ્વિતાનો ઈતિહાસ અને હોર્મોનલ અસંતુલનથી મેદસ્વિતા થાય છે. આ સમસ્યા માત્ર શરીરની ચરબી વધવાની સમસ્યા નથી, પરંતુ તે હૃદયરોગ, ડાયાબિટીસ, હાઈ બ્લડપ્રેશર, ઘૂંટણ દર્દ, કમર દર્દ, કેન્સર સહિત અન્ય ગંભીર રોગોનું મુખ્ય કારણ બની શકે છે. આધુનિક જીવન શૈલી, અસંતુલિત આહાર અને શારીરિક સક્રિયતાના અભાવના કારણે આજની પેઢી વધુ મેદસ્વિતા તરફ ધકેલાય છે. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનએ મેદસ્વિતાને વર્ષ ૧૯૯૭માં 'ગ્લોબલ હેલ્થ પેન્ડેમિક' જાહેર કરી છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ગુજરાતના મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ 'સ્વસ્થ ગુજરાત મેદસ્વિતા મુક્ત ગુજરાત' અભિયાનની શરૂઆત કરવામાં આવી છે. આ અભિયાનને સફળ બનાવવા માટે મીનુશ્રી રાખોલીયા, અજય જોશી, તૃપ્તિ રાંક સહીતના લોકોએ પ્રયત્નો કર્યા હતા.

### લોધીકાની કોર્ટ દ્વારા બે અલગ-અલગ કેસમાં દબાણદારને કુલ ૫૫,૨૫૦નો દંડ ફટકારી દબાણ દૂર કરવા કર્યો હુકમ

# હરીપર તરવાડાની સરકારી જમીન પર ગેરકાયદે ખેતી કરતા બે દંડિત



રાજકોટ, તા. ૧૬

ગેરકાયદેસર રીતે દબાણ કરનાર અથવા તો પેશકદમી કરનાર આસામીઓ સામે રાજ્ય સરકાર કડક વલણ અપનાવી રહી છે અને આ દિશામાં અનેક નવા નિર્ણયો પણ લેવામાં આવી રહ્યા છે ત્યારે રાજ્ય સરકારના સ્પષ્ટ આદેશ બાદ રાજકોટ સહિતના જિલ્લાઓમાં આ અંગેની ખાસ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે ત્યારે તમામ જિલ્લા કલેકટરોને તાકીદ કરવામાં આવ્યા છે કે તેઓ આ બાબતે ઝડપે પગલા લ્યે. મળતી માહિતી મુજબ હાલ આજ ઉમેશને આવનાર દિવસોમાં વધુ તીવ્ર બનાવવા માટે અત્યારથી જ આકરા પગલા લેવામાં આવી રહ્યા છે. હાલ રાજકોટ વહીવટી તંત્ર એટલે કે જિલ્લા કલેકટર દ્વારા ગેરકાયદેસર ખેતી વિષયક દબાણ કરનાર આસામીઓને દંડિત કરવામાં આવી રહ્યા હોવાનું જાણવા મળ્યું છે અને આ દિશામાં પગલાં પણ ભરવામાં આવી રહ્યા છે.

મળતી માહિતી મુજબ રાજકોટ કલેકટરના સીધા આદેશથી લોધિકા તાલુકામાં સરકારી જમીન ઉપર ગેરકાયદેસર ખેતી વિષયક દબાણ કરનાર બે લોકો સામે મામલતદાર દ્વારા કડક કાર્યવાહી કરવામાં આવી હતી અને ગેરકાયદે દબાણ કરનારને ૫૦૦૦૦ નો દંડ ફટકારવામાં આવ્યો હતો.

વાત અહીં જ પૂર્ણ થતી નથી આગામી દિવસોમાં પણ આ પ્રકારના કોઈપણ દબાણ કરનારાઓ હશે તો તેના ઉપર આકરા પગલા લેવામાં આવશે તેવો સ્પષ્ટ આદેશ જિલ્લા કલેક્ટર ઓમ પ્રકાશ દ્વારા કરવામાં આવ્યો છે. લોધીકા તાલુકામાં સરકારી જમીન ઉપર ગેરકાયદેસર ખેતી વિષયક દબાણ કરનારા બે લોકો સામે મામલતદારે કડક કાર્યવાહી હાથ ધરી છે. અને ગેરકાયદે દબાણ કરનારા આસામીઓને રૂમ.અર્ધો લાખથી વધુનો દંડ ફટકાર્યો છે.

આ અંગેની પ્રાપ્ત થતી વધુ વિગતો મુજબ રાજકોટ જિલ્લાના લોધીકા તાલુકાના હરીપર (તરવડા) ગામે દબાણની જમીન સ.નં. ૧૬૦ સરકારી ખરાબાની જમીન પર ગેરકાયદેસર ખેતી વિષયક દબાણ કરવા બદલ મામલતદાર, લોધીકાની કોર્ટ દ્વારા બે અલગ-અલગ કેસમાં દબાણદારને કુલ રૂમ.૫૫,૨૫૦ નો દંડ ફટકારી દબાણ દૂર કરવા હુકમ કરવામાં આવ્યો છે.

આ હુકમ જમીન મહેસૂલ કાયદાની કલમ-૬૧ હેઠળ કરવામાં આવ્યો છે. આ દબાણ કેસની કાર્યવાહી ગુલાબભાઈ દાઉદભાઈ ઠેબા વિ. (૨) નામના વ્યક્તિઓની ખેતીની જમીન માટે બીનખેતી પરવાનગી આપવા કલેક્ટર રાજકોટને કરેલી ઓનલાઈન અરજીના સંદર્ભે સ્થળ-સ્થિતિની ખરાઈ દરમિયાન સરકારી ખરાબાની જમીન હોવાનું સામે આવ્યું હતું

મામલતદાર, લોધીકાની કોર્ટ દ્વારા હુકમ મળ્યાના ૧૦ દિવસમાં દબાણવાળી તમામ સરકારી જમીનનો કબજો સ્વમેળે અને સ્વખર્ચે ખુલ્લો કરવો અને બિનઅધિકૃત દબાણ બદલ નક્કી કરાયેલ દંડની રકમ હુકમ મળ્યાની તારીખથી એક (૧) માસમાં તલાટી-કમ-મંત્રી હરીપર તરવડા ગ્રામ પંચાયત કચેરી ખાતે ભરપાઈ કરવા માટેનો હુકમ કર્યો છે. રાજકોટ શહેર અને જિલ્લામાં આ પ્રકારના અનેક દબાણો ભૂતકાળમાં થયેલા છે જ્યારે આ અંગે હવે ગભેરતાપૂર્વક કલેક્ટર દ્વારા નોંધ લેવામાં આવી છે અને તાકીદે કાર્યવાહી કરવા પણ અધિકારીઓને સૂચિત કરાયા છે.

# દવાના ગોડાઉનમાં થયેલી તપાસ માત્ર ડિંડક

## ગોડાઉનના પૂર્વ મેનેજર મહેન્દ્ર બગડાએ લગાવ્યા અનેકવિધ આરોપો કહ્યું ફાયર એનઓસી પણ નથી અને કોલ્ડ સ્ટોરેજ માટે જનરેટરની દશા પણ ખરાબ

રાજકોટ તા. ૧૬

હાલ સિવિલ હોસ્પિટલમાં દવાઓની અછતને લઈને જે પ્રશ્નો ઊભો થયો હતો તે બાદ તાકીદે ગવાના ગોડાઉન ઉપર વિવિધ એજન્સીઓ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી જેમાં દવાઓનો જથ્થો પલળી ગયો હોવાનું માલુ પડ્યું હતું ત્યારે હાલ બે દિવસ પૂર્વે ગુજરાત મેડિકલ સર્વિસ કોર્પોરેશન લિમિટેડ ના રાજકોટ સીટ કોડાઉનમાં ટીમ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી હતી જેમાં કે આ પ્રકારની વ્યવસ્થા છે શું દવાઓનો સ્ટોક છે આ તમામ બાબતો ઉપર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું પરંતુ તપાસ પૂર્ણ થતાની સાથે ગોડાઉનના પૂર્વ કર્મચારી મહેન્દ્ર બગડાએ આરોપ લગાવ્યો હતો અને કહ્યું હતું કે ગાંધીનગરની ટીમ દ્વારા જે તપાસ કરવામાં આવી તે માત્ર ડિંડક હતું. હાલ રાજકોટ સ્થિત ગોડાઉનમાં કોઈ જગ્યા જ નથી કે જ્યાં નવી દવાઓનો સંગ્રહ સરળતાથી થઈ શકે ત્યારે બંધ કવરમાં જ જે તે દવાઓને રાખવી પડતી હોય છે. જ્યારે ગાંધીનગરની ટીમ દ્વારા કેવી રીતે તપાસ કરવામાં આવીને શું તપાસ કરવામાં આવી તે ચર્ચાનો વિષય છે.

ગુજરાત મેડિકલ સર્વિસ કોર્પોરેશન લિમિટેડ (GMSCL)ના રાજકોટ સ્થિત ગોડાઉનમાં સરકારી દવાઓના જથ્થા અને વહીવટમાં વ્યાપેલી ગંભીર બેદરકારી તેમજ ભ્રષ્ટાચારનો પર્દાફાશ થયો છે. ગોડાઉનના પૂર્વ કર્મચારી મહેન્દ્ર બગડાએ ગઈકાલે (૧૫ ઓક્ટોબર) ગાંધીનગરની ટીમ દ્વારા કરવામાં આવેલી તપાસ માત્ર ઢોંગ હોવાનો આરોપ લગાવ્યો છે. તેમજ રાજકોટમાં સરકારી દવાઓનાં જથ્થાની અવ્યવસ્થા-ભ્રષ્ટાચારનાં આરોપ લગાવ્યા છે, જેને



લઈને આરોગ્ય વિભાગના વહીવટ સામે અનેક સવાલો ઉભા થયા છે.

પૂર્વ કર્મચારી મહેન્દ્ર બગડાએ જણાવ્યું કે, ગાંધીનગરથી આવેલી તપાસ ટીમ માત્ર ઢોંગ કરીને ગઈ છે. આ સમગ્ર મામલે મેનેજર કક્ષાનો ખુલાસો તેમની પાસે માંગવામાં આવ્યો હતો. ગોડાઉનમાં દવાઓ રાખવા માટે જરા પણ જગ્યા નથી, તેમ છતાં ગાંધીનગરથી એકસાથે ૫થી ૬ ટ્રક ભરીને દવાઓનો જથ્થો મોકલી દેવામાં આવે છે. વધારાની જગ્યાના અભાવે આ બધી દવાઓ બોક્સમાં જ પડી રહે છે. સૌથી ગંભીર ખુલાસો કોલ્ડ સ્ટોરેજ અંગેનો છે, જ્યાં માઇનસ ડિગ્રીમાં રાખવી જરૂરી એવી જીવનરક્ષક દવાઓ પણ જોખમમાં છે. આ અંગે મહેન્દ્ર બગડાએ જણાવ્યું કે, ગોડાઉનમાં કોલ્ડ સ્ટોરેજ છે, પરંતુ લાઇટ જતી રહે ત્યારે બેકઅપ માટેનું જનરેટર ગ્રાન્ટના અભાવે છેલ્લા દોઢ વર્ષથી ચાલુ થઈ શક્યું નથી. ગ્રાન્ટ આપવામાં ન આવતા, લાઇટ જાય તો માઇનસ ડિગ્રીમાં રાખવાની દવાઓ બગડી જવાની પૂરેપૂરી સંભાવના છે, જે દર્દીઓના સ્વાસ્થ્ય સાથે મોટો ખતરો ઊભો કરી શકે છે. જીજી ચોક આવનારી બાબત તો એ છે કે રાજકોટ સ્થિત દવાના ગોડાઉનમાં આજે પણ ફાયર એનઓસી નથી ત્યારે જરૂરી એ છે કે સર્વપ્રથમ જે વસ્તુ ખૂટે છે તેની ભરપાઈ કરવામાં આવે સાથોસાથ કોલ્ડ સ્ટોરેજ ન પણ ધાંધિયા છે અને જે જીવન જરૂરી દવાઓ જે સચ વાવી જોઈએ તે સચવાતી નથી અને પરિણામ સ્વરૂપે જરૂરિયાતમંદ લોકોને જે તે જરૂરી દવાઓ મળી શકતી નથી આ તમામ બાબતોની ગંભીરતાને ધ્યાને લઈને હવે ખરા અર્થમાં તંત્રએ સફાળે જાગવાની જરૂર છે.

રાજકોટ મિરર
તંત્રીની કલમે

# વિપક્ષને પડકાર

## સચોટ રણનીતિ ગોઠવાઇ રહી છે, મોટું પરિવર્તન




ગુજરાતની રાજનીતિમાં રહસ્ય અને રોમાંચની પરાકાષ્ઠા છવાઇ છે. આજે પ્રધાન મંડળનું વિસ્તરણ થવાનું છે. કોણ-ક્યાં ગોઠવાશે તેની અટકળોની ચર્ચા સર્વત્ર જામી છે. ઘણાં સમયથી ચાલતા રહસ્યનો આજે ઉઘાડ થશે.

ગુજરાતમાં પક્કડ થોડી ઓછી થયાનો અહેસાસ થતા ભાજપના રાષ્ટ્રીય મોવડીઓ એલર્ટ થઇ ગયા અને દોર હાથમાં લઇ લીધો છે. ભાજપની થીંક ટેન્ક તથા રણનીતિના ઘડવૈયાઓ સોલીડ છે. લાંબાગાળાના મોનમંથન બાદ ગુજરાતમાં આજે નિર્ણાયક દિન છે. વિસ્તારો-જ્ઞાતિઓ તથા અન્ય અનેક પાસાઓને નજરમાં રાખીને નિર્ણયો થયા છે.

ભાજપ રણનીતિ માટે પ્રખ્યાત બની ગયો છે. દરેક નિર્ણય પરિણામલક્ષી હોય છે. સૂત્રો કહે છે કે, પ્રધાન મંડળના વિસ્તરણ બાદ સરકારમાં અલગ સ્ફૂર્તિ જોવા મળશે. રણનીતિ પ્રમાણે દરેક પ્રધાનોને લોકોમાં છવાઇ જવા અને છેવાડાના લોકોને અસર કરતા કામ કરી દેખાડવા ટાર્ગેટ અપાશે. સરકાર નવા જોમમાં જોવા મળશે.

દિપાવલી બાદ સંગઠનમાં પણ નિમણૂકો થનાર છે. પ્રદેશ અધ્યક્ષ ગુજરાતભરમાં રૂબરૂ પહોંચીને સ્થિતિનો અંદાજ મેળવી રહ્યા છે. સંગઠનમાં પણ ટાર્ગેટ સેટ કરીને હોદ્દા આપવામાં આવશે. પક્ષના દરેક મોરચા અને સરકાર બધાં સંયુક્ત અભિયાન હેઠળ મેદાનમાં આવીને માહોલ સરકારાત્મક અને જોરદાર નિર્માણ કરી દેશે. ભાજપનું સૌથી મોટું જમા પાસુ મોદી બ્રાન્ડ અને શાહ રણનીતિ છે.

ગુજરાત ભાજપ અંગે ચાર-છ મહિનાથી ચાલેલા વ્યાયામ બાદ ઘડાયેલી રણનીતિ વિપક્ષ માટે પડકારજનક બનશે. શાસક માટે માહોલ ખરાબ હોય ત્યારે વિપક્ષ માટે ચૂંટણી જંગ સરળ બની જતો હોય છે. ભાજપ અને તેની સરકાર હાઇ એલર્ટ બનીને નવી સ્ફૂર્તિ, નવી શક્તિ, નવી દ્રષ્ટિ સાથે મેદાનમાં આવી રહ્યો છે. જે વર્તમાન માહોલના પરિવર્તન પર કાર્ય કરશે.

શાસક માટે માહોલ સકારાત્મક બને તો વિપક્ષ માટે જંગમાં શક્તિ દેખાડવી પડકારજનક બની જશે. ગુજરાતમાં છેલ્લા ત્રણ દાયકામાં મુખ્ય વિપક્ષ કોંગ્રેસ સોલીડ રણનીતિ કે નેતાગીરી સર્જી શકી નથી, છતાં શાસન વિરોધી માહોલમાં કોંગ્રેસ માટે મોટી તક હતી.

માહોલ પરિવર્તિત કરવા ભાજપની મથામણ કોંગ્રેસને વધારે દોડવા ફરજ પાડશે. જંગને એક તરફી બનતો અટકાવવા અને પોતાનો પ્રભાવ સ્થાપિત કરવા ગુજરાતમાં કોંગ્રેસે નિર્ણાયક રણનીતિ સેટ કરવી પડે તેમ છે. ગુજરાતમાં આમ આદમી પાર્ટી પણ કોંગ્રેસ માટે અવરોધક બનીને ઊભરી રહી છે. રાજ્યમાં રાજનૈતિક રોમાંચ ગજબનો છવાયો છે. મુખ્ય નિર્ણય તો લોકો દ્વારા જ થશે.



પુ ભકિત સ્વામીજી (હિન્દુ રાષ્ટ્રહિત રક્ષક )
શ્રી સ્વામિનારાયણ સનાતન આશ્રમ-ખીરસરા

# બિહારમાં જંગલરાજ-ભાઈ-ભત્રીજાવાદ

## ભારતીય જનતા પાર્ટીએ બિહાર વિધાનસભા ચૂંટણી માટે બ્યુગલ વગાડ્યું



રાજકોટ, તા. ૧૬

ભારતીય જનતા પાર્ટીએ બિહાર વિધાનસભા ચૂંટણી માટે ચૂંટણીનું બ્યુગલ વગાડ્યું છે. આજે ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે દાનાપુર વિધાનસભામાં એક જાહેર સભાને સંબોધિત કરી હતી. પોતાના સંબોધન દરમિયાન સીએમ યોગીએ જણાવ્યું હતું કે બિહારમાં વર્ષોથી જંગલરાજ અને ભાઈ-ભત્રીજાવાદ પ્રવર્તતો હતો. ૧૯૯૦ થી ૨૦૦૫ સુધી વિકાસના નામે અરાજકતા ફેલાવવામાં આવી હતી. છેલ્લા વીસ વર્ષમાં એનડીએ સરકારે બિહારને બચાવ્યો છે. સીએમ યોગીએ કહ્યું કે જ્ઞાનની ભૂમિ ગુનાખોરીની ભૂમિમાં ફેરવાઈ ગઈ છે. જંગલરાજ બિહારમાં સ્થળાંતરનું કારણ બની રહ્યું છે. આ શાસન હેઠળ ગુનેગારોને રક્ષણ મળ્યું છે. એનડીએએ બિહારને આ કલંકમાંથી મુક્ત કર્યો છે. ડબલ-એન્જિન સરકાર ફરીથી સ્થાપિત થવી જોઈએ અને છેલ્લા વીસ વર્ષોમાં સીએમ નીતિશ કુમારના નેતૃત્વમાં ડબલ-એન્જિન સરકારે કરેલા કામ ચાલુ રહેવા જોઈએ.

યોગીએ કહ્યું કે બધા જાણે છે કે બિહારે ૧૯૯૦ થી ૨૦૦૫ સુધી જંગલરાજ અને ભાઈ-ભત્રીજાવાદનો અનુભવ કર્યો હતો. ૧૯૯૦ થી ૨૦૦૫ સુધી, બધો વિકાસ બરબાદ થઈ ગયો હતો, અને લોકો બિહારથી સ્થળાંતર કરવા લાગ્યા હતા. એક સમયે રાષ્ટ્રને નેતૃત્વ પૂરું પાડતું બિહાર જંગલ રાજ દ્વારા બરબાદ થઈ ગયું.

૨૦ વર્ષથી, NDA સરકારે બિહારમાં કામ કર્યું છે અને જંગલ રાજનો અંત લાવ્યો છે. બિહારના વિકાસને કોઈ અવરોધી શકતું નથી. કોઈ ગુનાને જન્મસિદ્ધ અધિકાર બનાવી શકતું નથી. કોઈ અપહરણ ઉદ્યોગ ચલાવી શકતું નથી. હવે, કેન્દ્ર અને રાજ્ય સરકારોએ વિકાસને પ્રોત્સાહન આપ્યું છે. CM યોગીએ કહ્યું કે NDA સરકારે બિહારમાં કામ કર્યું છે. બિહારના યુવાનોએ દરેક ક્ષેત્રમાં શ્રેષ્ઠ પ્રદર્શન કર્યું છે. ૨૦૦૫ પહેલા, બિહાર કટોકટીથી ઘેરાયેલું હતું. વિકાસ અને રોજગાર પર ખર્ચ કરી શકાતા પૈસા ઘાસચારા કૌભાંડમાં વેડફાયા હતા. આ લોકોએ SIR પર RJD અને કોંગ્રેસ દ્વારા ઉઠાવવામાં આવેલા પ્રશ્નો, શું કોંગ્રેસ અને RJDને અહીં આવવા દેવા જોઈએ, અને શું વિદેશી ઘુસણખોરોને અહીં આવવા દેવા જોઈએ તે અંગે પણ પ્રશ્ન ઉઠાવ્યા છે.

જ્યારે NDAએ SIRને ટેકો આપ્યો, ત્યારે છઉંઉ અને કોંગ્રેસે કહ્યું કે બિહારમાં બળજબરીથી મતદાન કરાવવું જોઈએ. કોઈ પણ બિહારના અધિકારોને કચડી શકે નહીં. તેઓ ચૂંટણી પંચ વિરુદ્ધ પ્રચારનો આશરો લઈ રહ્યા છે. ૨૦ વર્ષથી, આ ગઉઅ સરકારે બિહારમાં કામ કર્યું છે અને જંગલ રાજનો અંત લાવ્યો છે. સીએમ યોગીએ કહ્યું કે ૨૦૦૫ પહેલા બિહાર કટોકટીનો પર્યાય બની ગયું હતું. વિકાસ અને રોજગાર માટે જે પૈસા ખર્ચી શકાયા હોત તે ઘાસચારા કૌભાંડ પર ખર્ચવામાં આવ્યા હતા. આ લોકો ચહેરા કે ઓળખ જોયા વિના દરેકને મતદાન કરવાની મંજૂરી આપવા માંગે છે. તેઓ મતદાન કરવા માટે દબાણ કરવા માંગે છે. બિહારના મતદારોએ આગળ આવવું જોઈએ. કેન્દ્રમાં મોદીની સરકાર અને બિહારમાં નીતિશની સરકારે આગળ આવવું જોઈએ.

તેમણે વધુમાં કહ્યું કે રામકૃપાલને હવે દાનાપુરમાં સ્થાપિત કરવામાં આવ્યા છે. બિહારમાં હવે ૯૦૦ કરોડના ખર્ચે કામ ચાલી રહ્યું છે. અમે ભગવાન રામ અને માતા સીતાના લોકો છીએ અને ચાણક્યની પરંપરાનું પાલન કરીએ છીએ. જ્યારે કોંગ્રેસે બિહારના બંધારણ અને લોકશાહીને કચડી નાખવાનો પ્રયાસ કર્યો ત્યારે બિહાર ગર્જના કરતું હતું. આજે, આરજેડી એ જ કોંગ્રેસની ખોળામાં બેઠી છે.

# બિહાર ચૂંટણીમાં ભાજપમાં સીટ ફાળવણી અંગે અસંતોષ

## અલીનગર મતવિસ્તારમાંથી યુવા લોક ગાયિકા મૈથિલી ઠાકુરને ટિકિટ આપી છે, જેનાથી પાર્ટીમાં બળવો શરૂ થયો




નવીદિલ્હી, તા. ૧૬

સીટ ફાળવણી અંગેનો હોબાળો ફક્ત રાષ્ટ્રીય જનતા દળ (RJD) કે જનતા દળ (યુનાઈટેડ) પૂરતો મર્યાદિત નથી. ભારતીય જનતા પાર્ટી (BJP) માં પણ સીટ ફાળવણી અંગેનો અસંતોષ સ્પષ્ટ છે. ભાજપે અલીનગર મતવિસ્તારમાંથી યુવા લોક ગાયિકા મૈથિલી ઠાકુરને ટિકિટ આપી છે, જેનાથી પાર્ટીમાં બળવો શરૂ થયો છે. મૈથિલી પાર્ટીમાં જોડાયાના થોડા કલાકોમાં જ પાર્ટીએ તેમને ટિકિટ આપી દીધી. મતવિસ્તારના સાત મંડળ પ્રમુખો મૈથિલી વિરુદ્ધ થઈ ગયા છે અને સંજય સિંહને ટેકો આપ્યો છે. દરભંગા જિલ્લાની અલીનગર બેઠક પરથી મૈથિલી ઠાકુરને ટિકિટ આપવાના ભાજપના નિર્ણયથી સ્થાનિક પક્ષના નેતાઓ નારાજ હોવાનું કહેવાય છે. વિસ્તારના તમામ સાત મંડળ પ્રમુખોએ મૈથિલી ઠાકુરનો વિરોધ કર્યો છે અને સંજય સિંહને ટેકો આપ્યો છે.

અત્યાર સુધી મળેલી માહિતી અનુસાર, સંજય સિંહના સમર્થનમાં મૈથિલી ઠાકુર વિરુદ્ધ પોતાનો અભિપ્રાય નોંધાવનારા મંડળ પ્રમુખોમાં તારડીહ પૂર્વના પુરુષોત્તમ ઝા, તારડીહ પશ્ચિમના પંકજ કંથ, ઘનશ્યામપુર પૂર્વના સુધીર સિંહ, ઘનશ્યામપુર પશ્ચિમના ચંદન કુમાર ઠાકુર, નગર મંડળના રણજીત કુમાર મિશ્રા, અલીનગર પૂર્વના લાલ મુખિયા અને અલીનગર પશ્ચિમના ગંગા પ્રસાદ યાદવનો સમાવેશ થાય છે. અલીનગર વિધાનસભા મતવિસ્તારના માત્ર પક્ષના અધિકારીઓ જ નહીં પરંતુ સ્થાનિક મતદારો પણ ભારે ગુસ્સે છે. તેઓ કહે છે કે તેઓ બહારના ઉમેદવારોને સ્વીકારશે નહીં; તેઓ સ્થાનિક ઉમેદવારો ઇચ્છે છે.

ઘણા સ્થાનિક નેતાઓ અને ભાજપના કાર્યકરોએ પાર્ટી નેતૃત્વને ચેતવણી આપી છે કે જો કોઈ બહારના ઉમેદવારને ટિકિટ આપવામાં આવશે, તો તેઓ તેમનો ટેકો પાછો ખેંચી લેશે અને સામૂહિક રીતે રાજીનામું પણ આપી દેશે. સ્થાનિક નેતાઓ જ નહીં, પરંતુ મોટી સંખ્યામાં ગ્રામજનો, પક્ષના સમર્થકો અને કાર્યકરો કહે છે કે વિસ્તારના લોકો છેલ્લા પાંચ વર્ષમાં છેતરાયા હોવાનું અનુભવે છે અને હવે તેઓ ફક્ત સ્થાનિક, જવાબદાર અને સક્રિય પ્રતિનિધિઓ ઇચ્છે છે. અલીનગરના લોકો મૈથિલી ઠાકુરની ઉમેદવારીથી ગુસ્સે છે.

ભાજપના કાર્યકરો ''બહારના લોકોને હાંકી કાઢો, અલીનગર બચાવો, અમે બહારના લોકોને સ્વીકારતા નથી, અમે બહારના ઉમેદવારોને સહન કરીશું નહીં'' જેવા નારા લગાવી રહ્યા છે. સ્થાનિક નેતાઓ અને કાર્યકરોએ ભારપૂર્વક જણાવ્યું હતું કે તેઓ હવે એવા નેતાઓ પર વિશ્વાસ કરતા નથી જેમણે તેમના અગાઉના કાર્યકાળ દરમિયાન વિસ્તારના વિકાસ માટે કંઈ કર્યું નથી. સ્થાનિકોની ફરિયાદ છે કે ભૂતપૂર્વ ધારાસભ્ય મિશ્રીલાલ યાદવે તેમના કાર્યકાળ દરમિયાન કોઈ સંપર્ક કર્યો નથી અને કોઈ કામ કર્યું નથી. જનતા છેતરપિંડીનો અનુભવ ફરીથી નહીં કરે, અને તેમણે રાજ્ય અને રાષ્ટ્રીય નેતૃત્વને પુનર્વિચાર માટે અપીલ કરી છે.

## એડવોકેટ રાકેશ કિશોરે સુપ્રીમ કોર્ટમાં ચીફ જસ્ટિસ બી.આર. ગવઈ પર જૂતું ફેંકવાનો પ્રયાસ કર્યો હતો

# એટર્ની જનરલ વેંકટરામણીએ એડવોકેટ રાકેશ કિશોર સામે ફોજદારી કાર્યવાહીની આપી મંજૂરી

નવીદિલ્હી, તા. ૧૬

ભારતના એટર્ની જનરલ આર. વેંકટરામણીએ એડવોકેટ રાકેશ કિશોર સામે ફોજદારી અવમાનનાની કાર્યવાહી શરૂ કરવાની મંજૂરી આપી છે. એક અઠવાડિયા પહેલા, એડવોકેટ રાકેશ કિશોરે સુપ્રીમ કોર્ટમાં ચીફ જસ્ટિસ બી.આર. ગવઈ પર જૂતું ફેંકવાનો પ્રયાસ કર્યો હતો. કોર્ટે કહ્યું હતું કે આ ન્યાયતંત્રની ગરિમા વિરુદ્ધ છે. આ કેસની સુનાવણી દિવાળીની રજાઓ પછી થશે. વરિષ્ઠ વકીલ અને સુપ્રીમ કોર્ટ બાર એસોસિએશનના પ્રમુખ વિકાસ સિંહ અને સોલિસિટર જનરલ ઓફ ઈન્ડિયા તુષાર મહેતાએ જસ્ટિસ સૂર્યકાંતની આગેવાની હેઠળની બેન્ચ સમક્ષ આ બાબતનો ઉલ્લેખ કર્યો હતો. સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે કોર્ટ માટે વધુ સમય બગાડવા કરતાં કેસોની સુનાવણીના તેના દૈનિક કાર્ય પર ધ્યાન કેન્દ્રિત કરવું વધુ સારું રહેશે.

એસજી તુષાર મહેતાએ જણાવ્યું હતું કે સંસ્થાકીય અખંડિતતા જોખમમાં છે. તેમણે નોંધ્યું હતું કે કેટલાક વ્યક્તિઓ સોશિયલ મીડિયા પર આ કૃત્યનો મહિમા કરી રહ્યા છે. જસ્ટિસ સૂર્યકાંતે જણાવ્યું હતું કે ચીફ જસ્ટિસની ઉદારતા દર્શાવે છે કે સંસ્થા આવી ઘટનાઓથી અપ્રભાવિત રહે છે. તેમણે અભિવ્યક્તિની સ્વતંત્રતા અને શિસ્ત વચ્ચે સંતુલન પર ભાર મૂક્યો હતો. જસ્ટિસ જોયમલ્યા બાગચીએ કહ્યું હતું કે ન્યાયતંત્ર તેના આચરણ અને ગરિમાથી ટકી રહે છે. તેમણે કહ્યું હતું કે ચીફ જસ્ટિસની શાંતિપૂર્ણ પ્રક્રિયા સંસ્થાની સાચી ભાવનાને પ્રતિબિંબિત કરે છે. ન્યાયાધીશ સૂર્યકાંતે કહ્યું કે હિંસાને ક્યારેય પ્રોત્સાહન આપી શકાય નહીં. કલ્પના કરો કે જ્યારે તમે આવી કાર્યવાહી શરૂ કરશો ત્યારે શું થશે? સોશિયલ મીડિયા, બધું જ માર્કેટેબલ બની જશે. વિકાસ સિંહે કહ્યું કે જૂતા ફેંકવાની ઘટનાનું મહિમા બંધ થવું જોઈએ. એસજી મહેતાએ કહ્યું કે સોશિયલ મીડિયા અલ્ગોરિધમ પર કામ કરે છે, અને તે જ આપણને તેના વ્યસની બનાવે છે.



ન્યાયાધીશ બાગચીએ કહ્યું કે આપણે કોર્ટમાં આપણા આચરણ માટે જીવીએ છીએ. આ ભાવના મુખ્ય ન્યાયાધીશે દર્શાવી હતી, પરંતુ તેને અવગણવામાં આવી છે. તમે અમારી સમક્ષ આવ્યા છો, અમે તમને વિનંતી કરીએ છીએ કે તમે વિચાર કરો કે શું આવા મુદ્દામાં ઊંડા ઉતરવું યોગ્ય છે. ન્યાયાધીશ બાગચીએ કહ્યું કે આપણી સમક્ષ ઘણા મહત્વપૂર્ણ કેસ છે... શું આ સમય બગાડશે નહીં? સીજેઆઈ બીઆર ગવઈ પર હુમલાના પ્રયાસના કેસની સુનાવણી દિવાળીની રજાઓ પછી થશે. એસસીબીએ પ્રમુખ વિકાસ સિંહે કહ્યું કે વકીલને કોઈ અફસોસ નથી, પરંતુ ઘટના પર કાર્યવાહી જરૂરી છે. આ ઘટના પર ચિંતા વ્યક્ત કરતા ન્યાયાધીશ સૂર્યકાંતે કહ્યું કે આપણે બધા અભિવ્યક્તિની સ્વતંત્રતાના પક્ષમાં છીએ.

# પ.બંગાળમાં ભાજપ નવી રણનીતિ સાથે લડવા તૈયાર

## ૨૦૨૧ ની પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણીઓમાં, ભાજપે મુખ્યમંત્રી મમતા બેનર્જીની આસપાસ તેની રણનીતિ બનાવી હતી

નવીદિલ્હી, તા. ૧૬

ભાજપે આગામી વર્ષે પશ્ચિમ બંગાળની ચૂંટણીઓ નવી રણનીતિ સાથે લડવાની તૈયારી કરી છે. ભાજપની રણનીતિમાં ફેરફાર પાછલી વિધાનસભા ચૂંટણીઓમાંથી શીખેલા પાઠમાંથી ઉદ્ભવ્યો છે. ૨૦૨૧ ની પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણીઓમાં, ભાજપે મુખ્યમંત્રી મમતા બેનર્જીની આસપાસ તેની રણનીતિ બનાવી હતી. ચૂંટણી પ્રચાર દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી સહિત ભાજપના નેતાઓએ મુખ્યમંત્રી મમતા બેનર્જી પર વ્યક્તિગત હુમલાઓ કર્યા હતા, જેનો પડઘો બંગાળના લોકોમાં પડ્યો હતો. મતદારોએ ખાસ કરીને મહિલા મુખ્યમંત્રી વિરુદ્ધ વ્યક્તિગત ટિપ્પણીઓને નાપસંદ કરી હતી, જેના પરિણામે ભાજપને તેના પરિણામો ભોગવવા પડ્યા હતા. વધુમાં, મમતા બેનર્જી પર ભાજપના નેતાઓના વ્યક્તિત્વ હુમલાઓનો મમતા બેનર્જી અને ટીએમસીને ફાયદો થયો હતો. હવે, પાર્ટીએ તેની રણનીતિ બદલી છે અને મમતા બેનર્જી પર વ્યક્તિગત હુમલાઓથી દૂર રહેવાનું નક્કી કર્યું છે, પરંતુ તેના બદલે શાસક પક્ષ અને તેના નેતાઓ અને મંત્રીઓના ભ્રષ્ટાચાર અને સરકારના વડા તરીકે કાયદો અને વ્યવસ્થાની નિષ્ફળતા પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. બેનર્જીને નિશાન બનાવવામાં આવશે અને આ આરોપોનો જવાબ આપવા માટે કહેવામાં આવશે.

ભાજપ ટૂંક સમયમાં જેલમાં રહેલા અથવા હાલમાં જેલમાં રહેલા ટીએમસી મંત્રીઓ અને નેતાઓના ભ્રષ્ટાચારને ઉજાગર કરીને તેનું અભિયાન શરૂ કરશે. ભાજપ તેના ચૂંટણી પ્રચારમાં કાયદો અને વ્યવસ્થાને મુખ્ય મુદ્દો બનાવવાનો ઈરાદો ધરાવે છે. તાજેતરના બળાત્કારના કિસ્સાઓ અને આરજી કાર હોસ્પિટલની ઘટનાને મહિલાઓની સલામતી અને કાયદો અને વ્યવસ્થાના મુદ્દાઓ તરીકે પ્રકાશિત કરવામાં આવશે. પાર્ટીએ ફક્ત સ્થાનિક મુદ્દાઓ પર ધ્યાન કેન્દ્રિત કરવાનું પણ નક્કી કર્યું છે. આ વખતે, પાર્ટી અન્ય પક્ષોના નેતાઓને જોડવા પર વધુ ભાર મૂકશે નહીં, પરંતુ તેના બદલે વરિષ્ઠ અને વફાદાર કાર્યકરો અને નેતાઓ સાથે ફરી જોડાશે જેઓ ઉતાર-ચઢાવમાંથી પણ ભાજપને વફાદાર રહ્યા છે. ટિકિટ વિતરણ માટે આવા વ્યક્તિઓને પ્રાથમિકતા આપવામાં આવશે.



ભાજપ તેના પાયાના કાર્યકરોના ઇનપુટના આધારે પ્રચારના મુદ્દાઓ અને ટિકિટ વિતરણ નક્કી કરશે. રાજ્યભરના તમામ મતદાન મથકો પર ટૂંક સમયમાં સક્રિયતા શરૂ થશે. ચૂંટણી પ્રચારમાં રાજ્યની સંસ્કૃતિ અને પરંપરાઓને પણ પ્રકાશિત કરવામાં આવશે. ડબલ-એન્જિન સરકારના ફાયદાઓ પર પ્રકાશ પાડવામાં આવશે, ખાસ કરીને મહિલાઓ અને યુવાનોને આકર્ષવા માટે.

આ ઉપરાંત, રાજ્યના લઘુમતી પ્રભુત્વ ધરાવતા મતવિસ્તારો માટે એક અલગ રણનીતિ વિકસાવવામાં આવશે. પાર્ટીની રણનીતિ રાજ્યની ૮૩ મુસ્લિમ બહુમતી બેઠકો પર વધુ ધ્યાન કેન્દ્રિત કરવાને બદલે ટીએમસી અને રાજ્ય સરકારના વિરોધનું વાતાવરણ બનાવવાનું છે. બિહાર ચૂંટણી પછી તરત જ ભાજપ આ ઝુંબેશ શરૂ કરશે, જેમાં ટીએમસી નેતાઓના ગઢને નિશાન બનાવવામાં આવશે. ભાજપ ખાસ કરીને કોલકાતા અને દક્ષિણ ૨૪ પરગણા પર ધ્યાન કેન્દ્રિત કરશે, જ્યાં ઘણા ટોચના ટીએમસી નેતાઓ આવે છે.

# વેસ્ટ ઝોનના છ વોર્ડમાં ૧૨૭ કરોડના ખર્ચે બનશે નવા રોડ

## મનપાની મૂર્ખાઈ : અનેક વિસ્તારોમાં મકાન ડામરના લેવલે આવતા આગામી ચોમાસુ પણ ભારે

રાજકોટ તા. ૧૬

મહાનગરપાલિકાની ચૂંટણીઓ આગામી મહિનાઓમાં યોજવાની છે ત્યારે આ વખતે રાજકોટ મનપા માટે કપડા ચડાણ છે. કારણકે ચોમાસા દરમિયાન જે રીતે રોડ રસ્તાની સ્થિતિ અત્યંત દયનીય બની તેનાથી લોકો હેરાન પરેશાન થઈ ચૂક્યા છે અને આ અંગેની ફરિયાદ રાજ્ય સરકાર સુધી પણ કરવામાં આવી હતી તાકીદે તમામ બગડેલા રોડ રસ્તાઓની મરામત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. પરંતુ વાસ્તવિકતા એ છે કે આજ દિન સુધી આ અંગે કોઈ યોગ્ય નિર્ણય લેવામાં આવ્યો નથી અને હજુ પણ રોડ રસ્તાઓના કામ હાથ ધરવાની વાત મહાનગરપાલિકા કરી રહી છે.

રાજકોટ શહેરના ધોવાઈ ગયેલા રોડ રસ્તા ના પેચ વર્કનું કામ પૂર્ણ થઈ ચૂક્યું છે અને એક્શન પ્લાન અંતર્ગત આગામી ત્રણ ઝોનમાં નવા રોડ બનાવવાની જાહેરાત પણ મહાનગરપાલિકા દ્વારા ભૂતકાળમાં કરવામાં આવી જેમાં દર વર્ષે સરકાર દ્વારા જે ગ્રાન્ટ આપવામાં આવે છે તેનાથી અલગ અલગ



ટેન્ડરો કરવામાં આવે છે. ત્યારે વેસ્ટ ઝોનના છ વોર્ડમાં રોડ પહોળા કરવા અને નવા રોડનું કામ કરવા માટે ૧૨૭ કરોડનું ટેન્ડર પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે જેથી વેસ્ટ ઝોનમાં જે છેવાડાના વિસ્તારો છે કે જ્યાં પાકા રસ્તા આજની તારીખે નથી તે તમામ વિસ્તારોમાં નવા રસ્તા બનાવવામાં આવશે.

વેસ્ટ ઝોન માંથી જે વિગતો મળી રહી છે તે મુજબ વોર્ડ નંબર ૧,૮,૯,૧૧,૧૨,૧૦ માં અગાઉ તૈયાર થયેલા રોડને પહોળા કરવા માટે મંજૂરી મળી છે તેમ જ નવી ટીપી અમલમાં આવ્યા બાદ નવા ડામર રોડ બનાવવા માટેની ટેન્ડર પ્રક્રિયા પણ હાથ ધરાઈ છે. રાજકોટ મહાનગર વિસ્તારમાં દર વર્ષે ચોમાસા દરમિયાન રોડ રસ્તાની એક નહીં અનેક ફરિયાદો આવતી હોય છે ત્યારે આ વખતે તો ખરા અર્થમાં માઝા મુકવામાં આવી હોય તેવું જોવા મળ્યું છે.

વેસ્ટઝોન વિસ્તારમાં તાજેતરમાં ભળેલા મુંજકા, મનહરપુર, મોટા મવા, માધાપર અને ઘંટેશ્વરના હાલમાં રહેલા અમૂક રોડ પહોંળા કરવામાં આવશે. તેમજ જે સોસાયટીઓમાં રોડ રસ્તાની સુવિધા ન હોય અને ગત વર્ષે મેટલીંગ કામ પૂર્ણ થઇ ગયુ હોય તેવા વિસ્તારોમાં પેવર રોડ બનાવવામાં આવશે. તેવી જ રીતે રીંગરોડ-૨ ઉપર ટ્રાફિકનું ભારણ વધતા અને નવા તેમજ મવડી, વાવડી સહિતના ઈન્ડસ્ટ્રીયલ વિસ્તારોની કનેક્ટીવિટી રીંગરોડ સાથે જોડવામાં આવતા આ પ્રકારના તમામ રોડ ભારે વાહનોનું વહન કરી શકે તે રીતના પહોંળા અને મજબૂત બનાવવામાં આવશે. હાલ ટેન્ડર પ્રસિધ્ધ થયેલ હોય સંભવત ડિસેમ્બર માસ દરમિયાન વેસ્ટ ઝોનના છ વોર્ડમાં પેવર રોડ બનાવવાનું કામ શરૂ કરવામાં આવશે.

મનપા દ્વારા વેસ્ટ ઝોનના છ વોર્ડમાં રૂા.૧૨૭.૧૪ કરોડના ખર્ચ નવા પેવર રોડ બનાવવા ટેન્ડર પ્રક્રિયા હાથ ધરી છે. પરંતુ વોર્ડ નં.૧,૮,૯,૧૦ અને ૧૨માં આવેલ જૂની સોસાયટીઓના મુખ્ય રોડ ઉપર છેલ્લા ૧૦ વર્ષથી થર ઉપર થર ચઢાવવામાં આવી રહ્યા છે. જેના લીધે અનેક સોસાયટીઓમાં મકાનના લેવલે રોડનું લેવ પહોંચી ગયુ છે. આથી હવે નવો ડામર પાથરવાના કારણે ચોમાસામાં રોડ ઉપર વહેતુ પાણી લોકોના ઘરમાં ઘુસી જશે. મનપાના ઈજનેરો દ્વારા કયારેય રોડ રસ્તાનુ લેવલ નીયમ મુજબ કરવાનો પ્રયાસ હાથ ધરાયો નથી અને તે વિસ્તારના કોર્પોરેટરોએ પણ લોકોની આ સમસ્યા જાણવાનો પ્રયાસ કર્યો નથી. જેના લીધે આવતા ચોમાસામા અનેક સોસાયટીઓ જળબંબાકાર ન થાય તો જ નવાઇ લાગશે.

# ST બસ માટે લોકોને હાલાકી

## એક્સ્ટ્રા બસના ભાડામાં 30%નો વધારો

### એડવાન્સ બુકિંગ બારીનો સમય વધારવા હિત રક્ષક સમિતિની માંગ






રાજકોટ , તા. ૧૬

રાજકોટ દિવસેને દિવસે વિકાસની હરણફાળ ભરી રહ્યું છે ત્યારે સૌરાષ્ટ્રના પાટનગર ની જો વાત કરવામાં આવે તો એક જ નામ લોકોના મુખ્ય હોય અને તે છે રાજકોટ ત્યારે હાલ દિવાળીનો તહેવાર કહી શકાય કે શરૂ થઈ ચૂક્યો છે અને રાજકોટ એસટી બસની સ્થિતિ પણ અત્યંત કફોડી બની છે કારણ કે હાલ બસમાં જે ભીડ જોવા મળી રહી છે તે અસહ્ય છે ત્યારે બસપોટ જે નવું બનાવવામાં આવ્યું તેનાથી લોકોને સહુલત નહીં પરંતુ હેરાનગતિનો સામનો કરવો પડે છે કારણ કે અપૂરતી બેઠક વ્યવસ્થા ના કારણે મુસાફરોએ ફરજિયાત પણે ઊભું રહેવું પડે છે અને માત્ર એડવાન્સ બુકિંગની જ વ્યવસ્થા હાલ બસપોર્ટ ઉપર ઉભી રાખવામાં આવી છે જેનાથી લોકોને ખરા અર્થમાં ભારે હાલાકીનો સામનો કરવો પડે છે. સેટેલાઈટ એસ.ટી બસ સ્ટેશન, માધાપર એસટી બસ સ્ટેશન કે ગ્રીનલેન્ડ ચોકડી પીક અપ પોઇન્ટ પર રિઝર્વેશનની બારી ઉપલબ્ધ નથી જે પગલે મુસાફરોને ફરજિયાત છેવાડાના વિસ્તારોમાંથી એસટી બસપોર્ટ પર રિઝર્વેશન માટે આવવું પડે છે.

અગાઉ સુવિધા ઉપલબ્ધ હતી પરંતુ તેનું બાળ મરણ થયું છે. આધુનિક ઈન્સ્ફ્રાસ્ટ્રક્ચર સાથે મુસાફરોને સારી સુવિધા આપવા એસ.ટી તંત્ર કટિબધ્ધ છે ત્યારે એડવાન્સ બુકિંગ ના રિઝર્વેશન માટે પૂરતી સુવિધા ઉપલબ્ધ નથી. યુપીઆઈ પેમેન્ટ થી કંડકટર માં ટિકિટ લઈ શકાય છે પરંતુ એડવાન્સ બુકિંગ પર કોઈ સ્કેનરની સુવિધા છે નહીં જે પગલે ફરજિયાત રોકડા પૈસા ચૂકવવા પડે છે. હાલ રાજકોટ ડિવિઝન દ્વારા એક્સ્ટ્રા બસો નું સંચાલન કરી ૧૦૦ બસો દોડાવવામાં આવશે. ત્યારે અત્યારે જે મુસાફરો છે તેમનું કહેવું છે કે એડવાન્સ રિઝર્વેશન માટે યોગ્ય વ્યવસ્થા ઉભી કરવામાં આવે જેથી લોકોને કોઈ પણ પ્રકારની હાલાકી નો સામનો ન કરવો પડે.

વાત અહીં પૂર્ણ થતી નથી ગુજરાત એસટી મુસાફર હિત રક્ષક સમિતિ દ્વારા એવો પણ આક્ષેપ કરવામાં આવ્યો છે કે દિવાળી નિમિત્તે સમગ્ર રાજ્યમાં ૨,૦૦૦ થી વધુ એક્સ્ટ્રા ૨૦૦ દોડાવવામાં આવશે પરંતુ તેના જે ભાડા છે તે સામાન્ય ભારા કરતાં વધુ છે અને તેનો માર લોકોના ખિસ્સા પર પડશે. એ વાત સ્પષ્ટ છે કે એસટીમાં આવનારો વર્ગ મધ્યમ વર્ગનો જોવાનો છે જેથી તે વધુ નાણાં ખમી શકે તેમ ન હોય ત્યારે આ અંગે એસટી ડિવિઝનને પણ યોગ્ય નિર્ણય લેવો ખૂબ જરૂરી છે.

હાલ માધાપર ચોકડી સેટેલાઈટ એસટી બસ સ્ટેશન ગ્રીનલેન્ડ ચોકડી એ એડવાન્સ બુકિંગના રિઝર્વેશન પોઇન્ટ શરૂ કરવાની દાનત ન હોય તો બંને બારીનો સમય બસપોર્ટ ખાતે વધારવા થી મુસાફરોને હાલાકી વેઠવી નહીં પડે. વધુમાં મુસાફરોને ત્યાં એડવાન્સ બુકિંગ કરવા આવે ત્યારે ફરજિયાત ઊભું રહેવું પડે છે બેસવાની કોઈ વ્યવસ્થા છે નહીં જે પગલે ત્યાં બેઠક વ્યવસ્થા કરવા અમારી માંગ છે. દિવાળીના તહેવારોમાં રિઝર્વેશન બારી અંગેનો સમય વધારવા અંગે એસ.ટી બસપોર્ટ ના સ્ટેન્ડ ઈન્ચાર્જ સાથે ગુજરાત એસટી મુસાફર હિતરક્ષક સમિતિએ મુસાફરોને પડતી હાલાકી અંગે રજૂઆત કરવામાં આવી છે.

## યુનિવર્સિટી દ્વારા વિશેષ આયોજન હાથ ધરાયું છતાં આજે પણ કોઈ નિર્ણય નહીં, NSUIએ કરી રજૂઆત

# ૨૦૧૦ થી ૨૦૧૮ સુધીના નાપાસ છાત્રોએ ભરેલા ફોર્મ આજે પણ અધરતાલ

રાજકોટ, તા. ૧૬

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં એક ને સમયાંતરે અનેકવિધ મુદ્દાઓ સામે આવતા હોય છે અને તેને લઈ વિવિધ રાજકીય સંગઠનો દ્વારા તેનો વિરોધ નોંધાવવામાં આવતો હોય છે આ તમામ બાબતોની ગંભીરતાને ધ્યાને લઈ આજે પણ યુનિવર્સિટીના સત્તાધિશો જાણે નકટા થઈ ગયા હોય તેવું ચિત્ર સામે આવ્યું છે કારણ કે આજે પણ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં સુચારું આયોજનના અભાવે વિદ્યાર્થી ઓએ ઘણું સહન કરવું પડે છે વિદ્યાર્થીઓએ ઘણું સહન કરવું પડે છે પરંતુ જે વ્યવસ્થા થવી જોઈએ તે થઈ શકતી નથી. ત્યારે ગઈકાલે એને સિવાય દ્વારા ફરી વખત ધારણા કરવામાં આવ્યા હતા અને રજીસ્ટ્રારને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું. મુદ્દા અંગે જો ચર્ચા કરવામાં આવે તો યુનિવર્સિટી દ્વારા ૨૦૧૦ થી ૨૦૧૮



સુધીમાં જે વિદ્યાર્થીઓ કોઈ પણ રીતે ગ્રેજ્યુએટ થયા ન હોય અથવા તો ડિગ્રી મળી ન હોય તેમના માટે એક વિશેષ વ્યવસ્થા ઊભી કરવામાં આવી હતી અને તે માટે તેઓને ફોર્મ પણ ભરાવવામાં આવ્યા હતા પરંતુ આજ દિન સુધી તે અંગે કોઈ નિર્ણય લેવાયો નથી જેને લઇ એને સિવાય દ્વારા રજીસ્ટર કચેરી ખાતે ધારણા કરવામાં આવ્યા.

સૌરાષ્ટ્ર યુનિ.ના રજીસ્ટ્રારની કચેરીમાં એન.એસ.યુ.આઈ.એ ગઈકાલે ધરણા-સૂત્રોચ્ચાર કરી વિદ્યાર્થીઓના પ્રશ્નો અંગે રજીસ્ટ્રારને આવેદનપત્ર સુપ્રત કરી રજુઆત કરી હતી. આ અંગે એન.એસ.યુ.આઈ.ના ગુજરાત પ્રદેશ પ્રમુખ નરેન્દ્ર સોલંકીએ જણાવ્યું હતું કે વર્ષ ૨૦૧૦ થી ૨૦૧૮ સુધીના સમયગાળામા જે વિદ્યાર્થીઓ કોઈ કારણસર ગ્રેજયુએટ અથવા તો માસ્ટર થવામાં નિષ્ફળ રહ્યા હતા, તેમને એન.એસ.યુ.આઈ.ના પ્રયાસોથી યુનિવર્સિટીએ ગ્રેજયુએટ થવાની એક વિશેષ તક આપી હતી. વિદ્યાર્થીઓએ નિયત સમયમાં પરીક્ષા ફોર્મ પણ ભરી દીધા હતા. આજે ફોર્મ ભર્યાને સાત મહિનાથી વધુ સમય વીતી ગયો છે, પરંતુ દુઃખની વાત એ છે કે આ વિદ્યાર્થીઓની પરીક્ષા લેવામાં નથી આવી. આ વિલંબને કારણે અનેક વિદ્યાર્થીઓના ભવિષ્ય અને કારકિર્દી પર અસર પડી રહી છે. કારણ કે ડીગ્રી પુર્ણ ન થવાને કારણે તેઓ આગળના અભ્યાસ અથવા નોકરીની તકો માટે અરજી કરી શકતા નથી.

જેથી આ વિદ્યાર્થીઓની તત્કાલ પરીક્ષા લેવા રજુઆત કરાયેલ છે તેની સાથોસાથ બી.એચ.એમ.એસ. (બેચલર ઓફ હોમિયોપેથીક મેડીસીન એન્ડ સર્જરી) દ્વિતીય વર્ષના વિદ્યાર્થીઓના પરિણામમાં ગંભીર વિસંગતતાઓ અને અન્યાય થયાની વ્યાપક ફરિયાદો છે. અનેક મહેનતુ વિદ્યાર્થીઓને અયોગ્ય રીતે નાપાસ કરવામાં આવ્યા હોવાનું જણાય છે, જેનાથી તેમના માનસીક સ્વાસ્થ્ય અને ભવિષ્ય પર ગંભીર અસર પડી છે જેથી આ ફેકલ્ટીમાં પરીક્ષાના પેપરોનું રીએસેસમેન્ટ કરવા તેઓએ માંગણી કરી છે.

આ ઉપરાંત સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં ઘણા સમયથી એકસટર્નલ અભ્યાસક્રમોમાં પ્રવેશ બંધ છે. આ નિર્ણય એવા વિદ્યાર્થીઓ માટે અયોગ્ય છે જેઓ નોકરી, વ્યવસાય કે અન્ય મજબૂરીને કારણે નિયમિત અભ્યાસ કોલેજમાં હાજર રહી શકતા નથી. પરંતુ આવા વિદ્યાર્થી માટે યુનિવર્સિટી દ્વારા એડમીશન પ્રક્રિયા ચાલુ કરવામાં નથી આવી તો જલ્દી એડમીસન પ્રક્રિયા શરુ કરવામાં આવે તે જરૂરી છે. સોલંકીએ જણાવ્યું હતું કે તેઓની આ ત્રણેય માંગણી યુનિ.એ સ્વીકારી પરિપત્ર પણ કરી દીધા છે.

# સૌરાષ્ટ્ર સામેની રણજી મેચમાં કર્ણાટકે બનાવ્યા ૩૯૨

## બીજા દિવસના અંતે સૌરાષ્ટ્રની ટીમે ચાર વિકેટ ગુમાવી નોંધાવ્યા ૨૦૦ રન : ચિરાગ જાનીએ બનાવ્યા સર્વાધિક ૯૦ રન

રાજકોટ તા. ૧૬

કર્ણાટકે ૯૦ ઓવરમાં ૫ વિકેટે ૨૯૫ રનના સ્કોરથી પોતાનો પ્રથમ દાવનો સ્કોર ચાલુ રાખ્યો. કર્ણાટકે પોતાની પહેલી ઇનિંગમાં ૧૧૭.૩ ઓવરમાં ૩૭૨ રન બનાવ્યા. ગઈકાલે ટોસ જીતીને શરૂઆતના દિવસે કર્ણાટકે પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય લીધો. દેવદત્ત પડિકલે ૧૪૧ બોલમાં ૧૧ ચોગ્ગાની મદદથી ૯૬ રન બનાવ્યા. સ્મરણ આરએ ૧૪૩ બોલમાં ૫ ચોગ્ગા અને ૨ છગ્ગાની મદદથી ૭૭ રન બનાવ્યા. શ્રેયસ ગોપાલે ૯૫ બોલમાં ૪ ચોગ્ગા અને ૩ છગ્ગાની મદદથી ૫૬ રન બનાવ્યા. ધર્મેન્દ્રસિંહ જાડેજાએ ૪૨ ઓવરમાં ૯ મેડન સાથે ૧૨૪ રન આપીને ૭ વિકેટ લીધી. ધર્મેન્દ્રસિંહ જાડેજાએ ફર્સ્ટ ક્લાસ મેચોમાં ૪૦૦ વિકેટનો આંકડો પાર કર્યો. જયદેવ ઉનડકટ, યુવરાજસિંહ ડોડિયા અને સમર ગજ્જરે ૧-૧ વિકેટ લીધી.



સૌરાષ્ટ્રએ પોતાની પહેલી ઈનિંગમાં ૬૦ ઓવરમાં ૪ વિકેટ ગુમાવીને ૨૦૦ રન બનાવ્યા હતા. ચિરાગ જાનીએ ૧૪૮ બોલમાં ૧૧ ચોગ્ગા અને ૧ છગ્ગાની મદદથી ૯૦ રન બનાવ્યા હતા. હાર્વિક દેસાઈએ ૪૧ રન બનાવ્યા હતા. પ્રેરક માંકડ ૨૦ રન બનાવીને અણનમ રહ્યો હતો. શ્રેયસ ગોપાલે ૧૭ ઓવરમાં ૨ મેડન સાથે ૫૧ રન આપીને ૩ વિકેટ લીધી હતી. બીજા દિવસની રમતના અંતે, સૌરાષ્ટ્રે પોતાની પહેલી ઈનિંગમાં ૪ વિકેટ ગુમાવીને ૨૦૦ રન બનાવી લીધા છે. પ્રેરક માંકડ ૨૦ અને અર્પિત વસાવડા ૧૯ રન બનાવીને અણનમ છે.

### સૌરાષ્ટ્ર પ્લેઈંગ ૧૧

જયદેવ ઉનડકટ – કેપ્ટન, હાર્વિક દેસાઈ – વિકેટકીપર, અર્પિત વસાવડા, ચિરાગ જાની, ધર્મેન્દ્રસિંહ જાડેજા, પ્રેરક માંકડ, સમર ગજ્જર, યુવરાજસિંહ ડોડીયા, અંશ ગોસાઈ, ચેતન સાકરીયા, તરંગ ગોહેલ.

### કર્ણાટક XI

મયંક અગ્રવાલ – કેપ્ટન, કેએલ શ્રીજીથ – વિકેટકીપર, કરુણ નાયર, સ્મરણ આર, શ્રેયસ ગોપાલ, દેવદત્ત પડિકલ, એસજે નિક્કિન જોસ, શિખર શેટ્ટી, અભિલાષ શેટ્ટી, વેંકટેશ એમ, મોહસીન ખાન.



# શહેરમાં હંગામી પાંચ ફાયર સ્ટેશન થશે ઉભા

## દિવાળી તહેવાર નિમિત્તે કોઈ અનિચ્છનીય ઘટના ન બને તે માટે ફાયર વિભાગ સજ્જ : પરાબજાર, ફૂલછાબ ચોક, સંતકબીર રોડ, નાનામવા સર્કલ અને યુનિવર્સિટી રોડ ખાતે થશે ઉભા

રાજકોટ તા. ૧૬

રાજકોટ શહેરમાં હાલ દિવાળી ત્યોહારને લઈને ઠેર ઠેર થનગનાટ જોવા મળી રહ્યો છે ત્યારે આ બાબતે લોકોની સલામતી અને ભવિષ્યમાં કોઈ પણ પ્રકારની તકલીફનો સામનો ન કરવો પડે ને અનિચ્છનીય ઘટના ન ઘટે તે માટે ફાયર વિભાગ દ્વારા આગમચેતીના ભાગરૂપે પાંચ જગ્યાઓ ઉપર ફાયર ચોકી ઉભી કરી ફાયર ફાઈટરો ઊભા રાખવાનો નિર્ણય લીધો છે. હાલ જે વિગતો મળી રહી છે તેને ધ્યાને લઈને એ વાત સ્પષ્ટ થઈ ચૂકી છે કે અત્યારથી એ તમામ તૈયારીઓ અને આખરી ઓપ આપી દેવામાં આવ્યો છે કારણ કે આ પ્રકારની કોઈ પણ ઘટના ક્યાય પણ ઘટે તો સમય સૂચકતા ને ધ્યાને લઈ ફાયર ટીમ ઘટના સ્થળે પહોંચી શકે અને સ્થિતિ પર કાબુ સરળતાથી મેળવી શકે જે માટે ફાયર વિભાગ દ્વારા પોતાના સાથ ફાયર સ્ટેશન ઉપરાંત વધુ પાંચ જગ્યાઓ ઉપર હંગામી ફાયર ચોકી ઉભી કરવાનો નિર્ણય લીધો છે.

રાજકોટ શહેરમાં દિવાળીના તહેવારોમાં ધનતેરસથી શરૂ કરીને નવા વર્ષ સુધી ફટાકડા ફોડવામાં આવશે છે અને આ દરમિયાન સૌથી વધુ આગ લાગે છે. દીવાળીમાં આગ લાગવાની ઘટનાઓને લઈને ફાયરશાખાએ પોતાના ૭ ફાયર સ્ટેશન ઉપરાંત વધુ ૫ જગ્યાએ ફાયર ચોકી ઊભી કરી છે જ્યાં ફાયર ફાઈટર તૈનાત રાખવામાં આવશે જેથી આગની કોઈપણ ઘટના વખતે સમયસર તે જગ્યાએ પહોંચમાં સરળતા રહે. પરાબજાર, ફૂલછાબ ચોક, સંતકબીર રોડ, નાનામવા સર્કલ અને યુનિવર્સિટી રોડ ખાતે આ હંગામી ફાયર ચોકી ઉભી કરવામાં આવશે



૨૦૨૦માં દિવાળીમાં આગના ૪૫ બનાવ બન્યા હતા. જયારે ૨૦૨૧ની આગના ૫૬ બનાવ બન્યા હતા.

કોરોનાના સમયમાં પણ દિવાળીએ આગનો આંક વધ્યો હતો જ્યારે ૨૦૨૨માં ૮૮ સ્થળોએ,૨૦૨૩માં ૧૫૬ સ્થળે જયારે ૨૦૨૪માં સ્થળે આગ લાગ્યાના કોલ ફાયર બ્રિગેડને મળ્યા હતા અને ફાયર બ્રિગેડને સતત દોડતું રહ્યું હતું. આ વર્ષે ૨૦૨૫માં પણ આ જ ટ્રેન્ડ રહે તેવી શક્યતાને સાથે રાખીને ફાયર બ્રિગેડે પૂરી તૈયારી કરી છે. આ કારણે મહાનગરપાલિકાના જે આઠ ફાયર સ્ટેશન છે તે ઉપરાંત ૫ સ્થળે હંગામી ફાયર સ્ટેશન ઊભા કરાશે. આ ફાયર સ્ટેશનોમાં પરાબજાર, સદર, સંત કબીર રોડ, નાનામવા સર્કલ અને યુનિવર્સિટી રોડનો સમાવેશ થાય છે.

આ સ્થળોએ ફાયર બ્રિગેડના વાહનો અને સ્ટાફ ૨૦/૧૦ થી પાંચ દિવસ સુધી ૨૪ કલાક સ્ટેન્ડ ટુ રહેવાના છે આ કારણે કોઇ વિસ્તારમાં આગનો બનાવ બને એટલે નજીકના સ્થળે ઝડપથી પહોંચી શકાશે. આગના બનાવમાં ૧૦૧ નંબર ઉપરાંત ૮ સ્થાયી ફાયર સ્ટેશને પણ ફોન કરીને ફાયર બ્રિગેડને જાણ કરી શકાશે. ભૂતકાળમાં શહેરમાં એવી ઘણી ખરી ઘટનાઓ ઘટી છે કે જેનાથી ફાયર વિભાગની કામગીરી ઉપર અનેકવિધ પ્રશ્નો ઊભા થયા છે હાલ આ તમામ બાબતોની ગંભીરતાને ધ્યાને લઈને દિવાળી તહેવારમાં કોઈ પણ પ્રકારની એ ઘટના ન ઘટે તેનાથી લોકોને હેરાન થવું પડે અથવા તો ફાયર વિભાગની કામગીરી ઉપર કોઈ અસર પડે તેને ધ્યાને લઈને હાલ તમામ તકેદારીઓ રાખવામાં આવી રહી છે.

### વ્યાજંકવાદના દૂષણને ડામવાના પોલીસના પ્રયાસો વચ્ચે વધુ બે ઘટના

# ૩ાા ના ૮ાા લાખ દીધા છતાં અપહરણ કરી ધોલાઈ

## વેપારીને ચાર વર્ષની દિકરી સાથે ઉઠાવી લઇ વાડીમાં ગોંધી રાખ્યાઃ વધુ પૈસા ચુકવવાની ખાત્રી આપતાં જવા દેવાયાઃ બીજી ઘટનામાં અઢી લાખ સાથે સોળ લાખ દીધા, છતાં વધુ દસ લાખ માંગી મારકુટ-ધમકી

રાજકોટ તા. ૧૬

વ્યાજકંવાદની ઘટનાઓ સમયાંતરે સામે આવતી રહે છે. અલગ અલગ શહેર કે ગામમાં વ્યાજખોરોના ત્રાસથી લોકો ત્રાહીમામ થઈ પોલીસ પાસે દોડતાં હોય છે. અમુક બનાવમાં કંટાળીને આપઘાત કે આપઘાતનો પ્રયાસ કરતાં હોય છે. બે એવી ઘટના સામે આવી છે જેમાં વ્યાજખોરોએ હદ વટાવી દીધી હતી. સાડા ત્રણ લાખ સામે સાડા આઠ લાખ ચુકવ્યા છતાં પઠાણી ઉઘરાણી કરી યુવાનનું અપહરણ કરી મારકુટ કરવામાં આવી હતી. બીજી ઘટનામાં એક યુવાન પાસે વ્યાજખોરોએ બે લાખ એંસી હજાર સામે પંદર લાખ ચોરાણુ લાખ વસુલી લીધા પછી પણ વધુ દસ લાખ માંગી હેરાન કરવામાં આવતાં તેણે પોલીસની મદદ માંગતા ગુનો દાખલ કરાયો હતો.

વિગતો પર નજર કરીએ તો ભાવનગરના ઘોઘા તાલુકાના મોરચંદ ગામે રહેતા યુવાન વ્યાજખોરોના સામે ફરિયાદ નોંધાવી છે, વ્યાજખોરોની ચુંગાલમાં ફસાયેલા એક યુવાને પ્લોટ વેચીને વ્યાજ સહિતની રકમ ચૂકવી દીધા છતાં, વધુ પૈસાની ઉઘરાણી માટે ચાર શખ્સો દ્વારા તેનું અપહરણ કરી એક વાડીમાં ગોંધી રાખવાનો અને માર મારવાનો બનાવ સામે આવ્યો છે. ભોગ બનેલા યુવાને ઘોઘા પોલીસ સ્ટેશનમાં ચારેય આરોપીઓ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. ઘોઘા પોલીસે મથકેના સુત્રોએ જણાવ્યા અનુસાર ઘોઘા તાલુકાના મોરચંદ ગામે રહેતા અને મૂળ રૂવા ગામના વતની મહેન્દ્રભાઈ ઉર્ફે મેઘજી મકાભાઈ જાદવ કે જે તેત્રીસ વર્ષના છે.

તેણે ફરિયાદમાં જણાવ્યું હતું કે આશરે બે વર્ષ પહેલા તેમણે ભાવનગરના બાળ યોગીનગરના પ્રવિણ ઉર્ફે રાહુલ બટુકભાઈ ડાભી પાસેથી ટુકડે ટુકડે કુલ રૂ.૩.૫૦ લાખ ૧૦ ટકા લેખે વ્યાજે લીધા હતા. આજથી વર્ષ દિવસ પહેલા તેમણે રૂવાગામનો પોતાનો પ્લોટ વેચીને વ્યાજ સહિત કુલ રૂ.૮.૫૦ લાખ પ્રવિણ ઉર્ફે રાહુલને ચૂકવી આપ્યા હતા. તેમ છતાં પ્રવિણ ઉર્ફે રાહુલ અને તેના મિત્ર શક્તિભાઈ પરમારે તેમની પાસેથી પૈસાની ઉઘરાણી ચાલુ રાખી હતી. ગયા વર્ષે નવરાત્રીના ત્રીજા નોરતે પણ આ બન્નેએ પૈસા ન આપવા બદલ મેઘજીભાઈને માર માર્યો હતો. જે અંગે તેમણે ભાવનગર બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ પણ નોંધાવી હતી.




આ ફરિયાદ બાદ પણ -વિણ ઉર્ફે રાહુલ અને તેનો ભાઈ હિતેશ બટુકભાઈ ડાભી સતત પૈસાની ઉઘરાણી કરતા હોવાથી મેઘજીભાઈ છૂપાઈને રહેતા હતા.

તેમણે વધુમાં કહ્યું કે હું અને મારી ચાર વર્ષની દીકરી આસ્થા સાથે કોળિયાક નિષ્કલંક મહાદેવના દર્શન કરાવવા લઈ ગયા હતા. દર્શન કરીને પિતા-પુત્રી મોટરસાયકલ પર મોરચંદ ગામે પરત ફરી રહ્યા હતા. સાંજના આશરે પાંચ વાગ્યે તેઓ હાથબ ગામથી આગળ ખડસલીયા ગામની નાળા પાસે પહોંચ્યા હતા. આ સમયે હિતેશ બટુકભાઈ ડાભી મોટરસાયકલ લઈને લાખણકા તરફથી આવ્યો અને મેઘજીભાઈને ભાળી જતાં મોટરસાયકલ આડું મૂકી તેમને ભા રખાવ્યા અને ધમકાવ્યા કે કેટલો સમય ભાગીશ ? આ વખતે મેઘજીભાઈએ પોતાની દિકરી સાથે હોવાની વાત કહી છોડી મૂકવા વિનંતી કરી, પરંતુ હિતેશે તેમને અડધો કલાકથી વધુ સમય ત્યાં બેસાડી રાખ્યા હતાં.

આ દરમિયાન થોડા સમયમાં જ એક સફેદ કલરની ફોર-વ્હીલ ત્યાં આવી હતી. જેમાં પ્રવિણ ઉર્ફે રાહુલ બટુકભાઈ ડાભી, મહેશભાઈ ભોપાભાઈ બારૈયા અને નરેશભાઈ ઉર્ફે ભાયો રમેશભાઈ સોલંકી હાજર હતા. આ ત્રણેય કારમાંથી નીચે ઉતરી આવ્યા અને મેઘજીભાઈને અપહરણ કરી વાડીમાં લઇ ગયા હતાં. ત્યારબાદ પ્રવિણ ઉર્ફે રાહુલ, મહેશ અને નરેશે મેઘજીભાઈને તેમની મરજી વિરુદ્ધ કારમાં બેસાડી લાખણકા તરફ લઈ ગયા અને એક વાડીમાં લઈ ગયા.અહિ દોઢ-બે કલાક સુધી મેઘજીભાઈને તેમની મરજી વિરુદ્ધ ગોંધી રાખી સતત પૈસાની માંગણી ચાલુ રાખી. અંતે, મેઘજીભાઈએ થોડા દિવસમાં પૈસા આપી દેવાનું કહેતા તેમને ત્યાંથી જવા દેવામાં આવ્યા હતાં.

બીજી ઘટના જોઇએ તો નડિયાદ શહેરમાં રહેતા ૨૬ વર્ષીય યુવકે ધંધાના કામથી પૈસાની જરૂરિયાત ઉભી થતા ૨૫ ટકા વ્યાજે રૂ ૨.૮૦ લાખ લીધા હતા.જેમાં વ્યાજખોરોએ રૂ ૨૫ હજાર કાપી રૂ ૨.૫૯ લાખ આપ્યા હતા.જે બાદ યુવકે રૂ ૧૫.૯૪ લાખ ચૂકવી આપ્યા છતાં વ્યાજખોરો ચાર મોપેડ વ્યાજ પેટે લઈ લીધા હતા.આ બાદ વધુ રૂ ૧૦ લાખની માંગણી કરી કોરા ચેક બેંકમાં ભરી બાઉન્સ કરી ધમકી આપી હતી.આ બનાવ અંગે નડિયાદ ટાઉન પોલીસ મથકે બે શખ્સો સામે ફરિયાદ નોંધી છે. આ સમગ્ર લેવડ-દેવડ સોશિયલ મિડિયા ઓઉન્ટ થકી કરવામાં આવી હતી.યુવકે વ્યાજ સહિત કુલ રૂ ૧૫.૯૪ લાખ ચૂકવી દીધા હોવા છતાં આ શખ્સોએ વ્યાજ પેટે ૪ મોપેડ પણ પડાવી લીધા હતા. આટલું ઓછું હોય તેમ આ શખ્સો દ્વારા યુવક પાસે વધુ રૂ ૧૦ લાખની માંગણી કરી રહ્યા છે. આ બનાવ અંગે શાહીલ રજ્જાકભાઇ શાભઇએ નડિયાદ ટાઉન પોલીસ મથકે અબ્દુલસત્તાર ઉર્ફે મુન્નો ઇબ્રાહીમભાઇ ચકાવાલા અને રફીક અબ્દુલસત્તાર ચકાવાલા સામે ગુજરાત નાણાં ધીરધાર કરનારા બાબત અધિનિયમ અન્વયે ફરિયાદ નોંધાવી છે.

# આજીડેમ પોલીસે લોકોને રાજી કર્યાઃ ફ્રોડમાં ગયેલી રકમ, ખોવાયેલા ફોન કર્યા પરત

## તેરા તુજકો અર્પણ હેઠળ ત્રણ ચોરાયેલા બાઇક પણ પરત અપાવ્યા

રાજકોટ તા. ૧૬

અલલગ અલગ રીતે ફ્રોડમાં રકમ ગુમાવનારા લોકોને તેમની રકમ પાછી અપાવી પોલીસ અરજદારોને મદદરૂપ થાય છે. આ જ રીતે ખોવાયેલા મોબાઇલ ફોન પણ શોધી આપવામાં આવે છે અને બાદમાં તેરા તુજકો અર્પણ ઝુંબેશ હેઠળ આ બધુ લોકોને પરત અપાય છે. આજીડેમ પોલીસ દ્વારા ૧૩ અરજદારોને સાયબર ફ્રોડમાં તેમણે ગુમાવેલા રૂા. ૪,૧૬,૪૮૬ પરત અપાયા છે. તેમજ ૨૬ લોકોએ પોતાના મોબાઇલ ફોન ખાવાઇ ગયા હોઇ તેમને સીઇઆઇઆર પોર્ટલના ઉપયોગથી શોધી કાઢી પરત અપાયા છે. આ મોબાઇલની કિંમત




રૂા. ૩,૩૯,૦૩૯ છે. આ ઉપરાંત ત્રણ ચોરાઇ ગયેલા બાઇક રૂા. ૭૦ હજારના પણ શોધીને તેરા તુજકો અર્પણ ઝુંબેશ હેઠળ પરત અપાયા છે. પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, જેસીપી મહેન્દ્ર બગડીયા, ડીસીપી હેતલ પટેલ, એસીપી બી. વી. જાધવની સુચના અંતર્ગત પોલીસ ઇન્સપેક્ટર અશોકસિંહ બી. જાડેજા, પીએસઆઇ વી. એમ. બરાડીયા, હેડકોન્સ. સંજયભાઇ ચૌહાણ, કોન્સ. મનિષાબેન ચીનાભાઇ, લોકરક્ષક રાહુલભાઇ ભુંડીયા, હરેશભાઇ ગામી અને વિશ્વરાજસિંહ પરમારે આ કામગીરી કરી હતી. સમયાંતરે પોલીસ આ રીતે લોકોએ ફ્રોડમાં ગુમાવેલી રકમ, ખોવાયેલા ફોન શોધી આપતી હોય છે અને લોકોને રાજી કરતી હોય છે.

# ગોકુલનગરમાં ગ્રાહક બનેલો ગઠીયો સોનીની નજર ચુકવી બુટી ચોરી ગયો

રાજકોટ તા. ૧૬

તહેવારના દિવસોમાં ચોરટા પણ પોતાની કામગીરીને વેગીલી બનાવવા ઉતરી પડ્યા છે. સામા કાંઠે ગોકુલનગર આવાસ ક્વાર્ટર શોપીંગ સેન્ટરમાં સોનીની દુકાને ગ્રાહક બનીને આવેલો શખ્સ બુટી જોવા માંગી નજર ચુકવી બુટી ચોરી જતાં ફરિયાદ થઇ છે. આ બનાવમાં થોરાળા પોલીસે સંત કબીર રોડ બાલકૃષ્ણા સોસાયટી ગુ.હા. બોર્ડ ક્વાર્ટર નં. ૨૨૬માં રહેતાં અને ગોકુલનગર આવાસ યોજના આરએમસી શોપીંગ સેન્ટરમાં દૂકાન નં. ૨માં મીરાજ જ્વેલર્સ નામની દૂકાન ધરાવતાં પાંસઠ વર્ષના કમલેશભાઇ લાધાભાઇ મુછાળાની ફરિયાદ પરથી અજાણ્યા શખ્સ સામે ફરિયાદ દાખલ કરી શોધખોળ શરૂ



કરી છે.

વિગતો જણાવતાં કમલેશભાઇ મુછાળાએ કહ્યું કે ગત ચોથી તારીખના સવારે હું મારી દુકાન ખોલી એકલો બેઠો હતો. આ વખતે સફેદ રંગનો આખી બાંહનો શર્ટ અને બ્લુ જીન્સ પહેરી એક ગ્રાહક આવ્યો હતો અને કાનમાં પહેરવાની બુટી માંગતા મેં અલગ અલગ બુટી બતાવી હતી. જેમાંથી એક બુટી તેને ગમતાં વનજ કરાવી અલગ રાખી હતી. આ બુટી મેં ટ્રેમાં મુકી હતી. ત્યાર પછી આ શખ્સે બીજી વસ્તુઓ બતાવવાનું કહ્યું હતું. આ દરમમિયાન નજર ચુકવી તેણે બુટી ચોરી લીધી હતી.

બાદમાં તે પોતાને બુટી ગમતી નથી તેમ કહી બહાર નીકળતો હતો. ત્યારે મેં તેને કાલે બીજો માલ આવી જશે તમે કાલે આવજો તેમ કહેતાં તેણે હું ફરી સવારે આવીશ તેમ કહી નીકળી ગયેલો. બાદ બીજ દિવસે મેં દુકાન ખોલી દાગીના ગોઠવતાં સોનાની બુટી રૂા. ૩૭૫૦૦ની ઓછી જણાઇ હતી. આથી તપાસ કરતાં ગ્રાહક બનીને આવેલો શખ્સ ચોરી ગયાની ખબર પડી હતી. થોરાળા પીએસઆઇ એન.આર. ડોબરીયાએ વધુ તપાસ હાથ ધરી ફુટેજને આધારે શોધખોળ શરૂ કરી છે.

### જીવરાજ પાર્ક પાસે રહેતાં ટ્રાવેલ્સ સંચાલકે બંધ કરી દીધેલી અને હાલની કંપનીનીના જીએસટીનું કામ જામનગર રહેતો ફઇનો દિકરો સંભાળતો હોઇ વિશ્વાસઘાત કરી તેણે આ બંને પેઢીના નામે કર્યા લાખોના વ્યવહારો

# ટૂર સંચાલકને ૪.૬૨ કરોડની પેનલ્ટી!

## GST વિભાગ તરફથી નોટીસ મળતાં વેપારી યુવાન નિવેદન લખાવવા ગયા ત્યારે ફઇના દિકરાનો ભાંડો ફુટ્યો

રાજકોટ તા. ૧૬

છેતરપીંડી વિશ્વાસઘાતની ઘટનાઓ રોજેરોજ બનતી રહે છે. મોટા ભાગના કિસ્સામાં પારકા અજાણ્યા છેતરી જતાં હોય છે. પણ ઘણીવાર ઘરના જ ઘા કરી જતાં હોય છે. આવી જે એક વિશ્વાસઘાતની ઘટના સામે આવી છે જેમાં ટૂર ટ્રાવેલ્સ સંચાલક યુવાન સાથે તેના જ ફઇનો દિકરો ફ્રોડ કરી ગયો છે. જામનગરી એવા આ ફઇના દિકરાએ મામાના દિકરાની બંધ થઇ ગયેલી ટૂર ટ્રાવેલ્સ પેઢી અને હાલની પેઢીના જીએસટી નંબરનો ઉપયોગ કરી ખોટા બીલો જીએસટી પોર્ટલ પર મુકી દઇ લાખોના વ્યવહારો દર્શાવી દઇ રીટર્ન્સ મેળવી કમાણી કરી લીધી હતી. ટૂર સંચાલકને જીએસટી વિભાગ તરફથી રૂપિયા ચાર કરોડ બાંસઠ લાખની પેનલ્ટી ભરવાની નોટીસ મળતાં તેને પોતાની સાથે ફ્રોડ થયાની ખબર પડી હતી.

વિગતો પર નજર કરીએ તો શહેરના જીવરાજ પાર્ક પાસે નંદન રેસીડેન્સીમાં રહેતાં અને મોકાજી સર્કલ નજીક આલ્પાઇન થાઇડ્રીમ્સ નામે ટૂર્સ ટ્રાવેલ્સનો ધંધો કરતાં યુવાને અગાઉ એક પેઢી બંધ કરી દીધી હતી તેમ છતાં તેના જીએસટી નંબર જામનગર રહેતાં આ યુવાનના ફઇના દિકરાએ બંધ ન કરાવી જીએસટી નંબર ચાલુ રાખી તેમજ હાલની નવી પેઢીના જીએસટી નંબરનો પણ ઉપયોગ કરી જીએસટી પોર્ટલ ઉપર ભરવા પાત્ર રીટર્ન્સમાં ખોટા બીલો વિગતો ભરી વ્યવહાર-વહીવટ કરી નાંખતાં ટૂર ટ્રાવેલ્સના ધંધાર્થીને જીએસટી તરફથી રૂા. ૪ કરોડ ૬૨ લાખ ભરવાની નોટીસ મળતાં ચકચાર જાગી છે. ફઇના




દિકરાએ જ વિશ્વાસઘાત કર્યો હોઇ આ મામલે પોલીસને જાણ કરવામાં આવી છે. તાલુકા પોલીસે જીવરાજ પાર્ક ૮૦ ફુટ રોડ મોટા મવા નંદન રેસીડેન્સી રીવેરા પ્રાઇડની સામે ૫૦૧ ખાતે રહેતાં અને આલ્પાઇન થાઇડ્રીમ્સ પ્રા.લિ. નામે ટૂર્સ એન્ડ ટ્રાવેલ્સનો ધંધો કરતાં સાડત્રીસ વર્ષિય યુવાન પ્રકાશભાઇ પરષોત્તમભાઇ કમાણીની ફરિયાદ પરથી જામનગર રહેતાં પ્રકાશભાઇના ફઇના દિકરા અલ્કેશ હરિલાલ પેઢડીયા અને તપાસમાં ખુલે તેની સામે એફઆઇઆર દાખલ કરી છે.

પ્રકાશભાઇની પેઢીના જીએસટી આઇડી પાસવર્ડનો ગેરકાયદેસર રીતે ઉપયોગ કરી ખોટા બીલોની ડેટા એન્ટ્રી જીએસટી પોર્ટલ પર જીએસટી રીટર્ન્સમાં ભરી ખોટા રેકોર્ડ ઉભા કરી પેઢી ઉપર રૂા. ૪,૬૨,૪૨,૩૮૯ની જીએસટી પેનલ્ટીની જવાબદારી ઉભી કરી દીધાનો ગુનો નોંધ્યો છે. પ્રકાશભાઇ કમાણી પરિવાર સાથે રહે છે. તેમણે જણાવ્યું છે કે ૧૫૦ રીંગ રોડ બીગ બાઝાર પાસે ચંદ્રપાર્ક-૨ની બાજુમાં સિધ્ધી વિનાયક હોલડીઝ નામે ટૂર્સ એન્ડ ટ્રાવેલ્સ પેઢી મેં વર્ષ ૨૦૧૬-૧૭ના મે મહિનામાં ચાલુ કરી હતી. જેમાં અમે અલગ અલગ ટૂર પેકેજની વ્યવસ્થા કરી આપતાં હતાં. આ પેઢી મેં વર્ષ ૨૦૧૯ સુધી ચાલુ રાખી હતી અને બાદમાં બંધ કરી દીધી હતી. આ દરમિયાન પેઢીના એકાઉન્ટ અને રીટન્સનું કામ મારા ફઇનો દિકરો જામનગર રહેતો અલ્કેશ હરિલાલ પેઢડીયા સંભાળતો હતો.

પ્રકાશભાઇએ વધુમાં કહ્યું કે મેં આ પેઢી વર્ષ ૨૦૧૯માં બંધ કરી એ પછી કોઇપણ પ્રકારના વહિવટ૪ વ્યવહારો આ પેઢીના નામે કર્યા નથી. અલ્પેશને મારા જીએસટી નંબર રદ્દ કરાવવાનું પણ મેં કહી દીધુ હતું. આ પછી ૨૦૧૯માં જ અલ્શે વાત કરી હતી કે ધંધો મોટા પાયે કરવોહ ોય તો આપણે પ્રાઇવેટ કંપની બનાવીએ. જેથી તેના કહેવા મુજબ મેં ૧૫૦ રીંગ રોડ ઇમ્પીરીયલ હાઇટસ એ-૨૦૪ ખાતે ઓફિસ લઇ આલ્પાઇન થાઇડ્રીમ્સ પ્રા.લિ.નામે ટ્રાવેલ્સ કંપની શરૂ કરી હતી. હાલ અમારી આ કંપનીની ઓફિસ મોકાજી સર્કલ પાસે સાશ્વત સ્પેશ-૪૦૬ ખાતે કાર્યરત છે. જેમાં હું અને અલ્કેશના પત્નિ શ્રુતીબેન તથા મારા ઓળખીતા મોનાબેન એમ ત્રણ જણા ડીરેક્ટર છીએ. પેઢીનો સંપુર્ણ વહિવટ હું સંભાળુ છું.

આ કંપનીના જીએસટી રીટર્ન્સ, ઓડીટ, પર્સનલ ટેક્સનું કામ મારા ફઇનો દિકરો અલ્કેશ સંભાળતો હતો. આથી અમારી કંપનીના તમામ ડોક્યુમેન્ટસ તેની પાસે હતાં. મારા જીએસટી રીટર્ન્સના આઇડી પાસવર્ડ પણ તેની પાસે હતાં. થોડા દિવસ પહેલા મને જીએસટી કચેરી રાજકોટ ખાતેથી જીએસટી કાયદાની કલમ-૭૦ (૧) મુજબનું સમન્સ મળ્યું હતું.. જેના આધારે હું તા. ૩૦/૯/૨૫ના બપોરે એક વાગ્યે જીએસટી ઓફિસ ખાતે નિવેદન નોંધાવવા ગયો હતો. ત્યારે મને ખબર પડી હતી કે મેં અલ્કેશને મારી સિધ્ધી વિનાયક હોલીડેઝ પેઢીના જીએસટી નંબર રદ્દ કરાવવાનું કહ્યુ હતું તે તેણે રદ્દ ન કરી મારી જાણ બહાર આ નંબર ચાલુ રાખ્યા હતાં અને આ પેઢી તેમજ મારી નવી કંપની આલ્પાઇન થાઇડ્રીમ્સ એમ બંને પેઢીમાંથી મારી જાણ બહાર ખરીદ વેંચાણના બીલ જીએસટી પોર્ટલ ઉપર દર્શાવી દીધા હતાં. જેના નામના બીલ દર્શાવ્યા છે તે પેઢી કે વ્યક્તિને હું ઓળખતો નથી. અલ્કેશે સિધ્ધી વિનાયક હોલીડેના નામે રૂા. ૧૧,૭૨,૬૯,૩૧૯ની ખરીદી દર્શાવી છે.

તેમજ તેનું વેંચાણ રૂા. ૧૨,૫૯,૬૨,૮૨૫ દર્શાવેલ છે અને ખોટી વેરા શાખ અન્ય વેપારીને તબદીલ કરી છે, જે બદલ મારે જીએસટીના નિયમ મુજબ રૂા. ૨,૨૫,૭૬,૪૮૫ જીએસટી ભરવાનુ થાય છે. આ ઉપરાંત અલ્કેશે આલ્પાઇન થાઇડ્રીમ્સ કંપનીના નામે પણ રૂા. ૧૩,૩૮,૯૦,૧૧૬ની ખરીદી દર્શાવી છે અને તેનું અત્યાર સુધીનું વેંચાણ રૂા. ૧૩,૧૪,૭૭,૧૯૦ દર્શાવ્યું છે . તેના આ ખોટા વહિવટ બદલ મારે જીએસટીના નિયમ અનુસાર રૂા. ૨,૩૬,૬૫,૮૯૪ જીએસટી ભરવાનું થાય છે. મારી જાણ બહાર અલ્કેશે મારી બંધ થઇ ગયેલી અને હાલની એમ બંને પેઢીના નામે ખોટા બીલની ડેટાએન્ટ્રીઓનો ડેટા જીએસટી પોર્ટલ ઉપર ભરવા પાત્ર જીએસટી રિટર્ન્સમાં ભરી દઇ મારી જાણ બહાર અન્ય વેપારીઓને વેરા શાખ તબદીલ કરી દેતાં મને રૂા. ૪,૬૨,૪૨,૩૮૯ની જીએસટી પેનલ્ટી ભરવાની નોટીસ મળી છે.

આમ મારા ફઇના દિકરા અલ્કેશે જીએસટી બીલોની જીએસટી પોર્ટલ પર એન્ટ્રીઓ કરી ખોટા રીટર્ન્સ ભરી ખોટા ઇલેક્ટ્રોનીક્સ રેકર્ડ ઉભા કરી ખરા તરીકે ઉપયોગ કરી મારી સાથે ગુનાહિત વિશ્વાસઘાત કર્યો હોઇ મેં ફરિયાદ નોંધાવી હતી. તેમ વધુમાં પ્રકાશભાઇ કમાણીએ કહેતાં એએસઆઇ નિલેષભાઇ એલ. ચાવડાએ ગુનો નોંધતા તાલુકા પોલીસ સ્ટેશનના ઇન્સપેક્ટર ડી. એમ. હરિપરાએ તપાસનો ધમધમાટ આદરી આરોપીને સકંજામાં લેવા તજવીજ કરી છે.

### વિદેશ જવાની લ્હાયમાં કેટલાય છેતરાઇ ગયા, હજુ છેતરાઇ રહ્યા છે

# પંદર લાખ લઈ ખેડૂત પુત્રીને બોગસ વિઝા પધરાવ્યા

## બીજી ઘટનામાં વેપારી સાથે કાપડના સોદામાં વિશ્વાસઘાત કરી : આ મામલે પોલીસે ફ્રોડની ફરિયાદ દાખલ કરી છે

રાજકોટ તા. ૧૬

વિદેશ જવાની લ્હાયમાં કંઇ કેટલાય છેતરાઇ ગયા છે અને હજુ પણ છેતરાઇ રહ્યા છે. લેભાગુ કહેવાતા એજન્ટો સતત વર્ક પરમીટ વિઝાના નામે લાખો ઉસેડી રહ્યા છે. આવી એફઆઇઆર રોજબરોજ પોલીસ સુધી પહોંચી રહી છે. આમ છતાં લોકો જાગૃત થતાં નથી અને એક જ પ્રકારે છેતરાતા રહે છે. વધુ એક આવા કિસ્સામાં એક ખેડુતની દિકરી સાથે પંદર લાખની ઠગાઇ થઇ છે. યુકેના વિઝા અપાવવાના નામે ગઠીયાએ લાખો ઉસેડી લીધા બાદ નકલી વિઝા પધરાવી દીધા હતાં. વિદેશ જવાની હોંશે હોંશે તૈયારી કરી ચુકેલી યુવતિને વિઝા બોગસ હોવાની ખબર પડતાં તેના અરમાનો ચુર ચુર થઇ ગયા હતાં. આ મામલે પોલીસે ફ્રોડની ફરિયાદ દાખલ કરી છે.

વિગતો પર નજર કરીએ તો બનાવ વડોદરા પંથકનો છે. ખેડૂતની દિકરીને યુ.કે ખાતેના બોગસ વિઝાનો ફોટો આપીને રૂા.૧૪.૯૫ લાખ પડાવી લેનારા માંજલપુરના મિલીન પટેલ વિરૂધ્ધ વરણામા પોલીસ મથકમાં છેતરપીંડીનો ગુનો નોંધાયો છે. પોર-કાયાવરોહણ રોડ પર આવેલી ગોવિંદપાર્ક સોસાયટીમાં રહેતા અને ખેતી કરતા રાજેન્દ્રકુમાર કરસનદાસ મહંત નામના ત્રેસઠ વર્ષના ખેડૂતની દિકરી શિવાંગીને લંડન મોકલવા માટે મિલીન ઈન્દ્રવદન પટેલ (રહે-સોનલ પાર્ક, માંજલપુર)નો સંપર્ક સાંધ્યો હતો. મિલીને લંડન જવા માટેનો ખર્ચ રૂા.૧૫ લાખ જણાવી કુલ રૂા.૧૪.૯૫ લાખ લીધા હતાં. બે વર્ષ સધી મિલીન પટેલે શિવાંગીને વિદેશ મોકલવા માટે કોઈ પ્રોસેસ કરી ન હતી. જેથી ફરિયાદીએ રૂપીયા પાછા માંગતા તેને રૂપીયા પરત ન આપીને રૂા.૭ લાખનો ચેક આપ્યો હતો.

પરંતુ આ ચેક પણ બાઉન્સ ગયો હતો. પોલીસે સમાધાન કરાવ્યા બાદ મિલીન પટેલે રૂા.૧૫ લાખના ચેક આપ્યા હતાં. પરંતું તમામ ચેક




બાઉન્સ ગયા હતા. દરમિયાન મિલીને શિવાંગીના મોબાઈલ પર વિઝા એપ્રુવલનો ફોટો મોકલી આપ્યો હતો. તપાસમાં વિઝા ખોટા હોવાનું જાણવા મળતાં મિલીન પટેલ સામે વરણામા પોલીસે ઠગાઇનો ગુનો નોંધ્યો હતો. આમ વધુ એક વખત યુકેના વિઝાના નામે લાખોનું ફ્રોડ થઇ ગયું હતું.

ઠગાઇની બીજી ઘટનામાં સુરતના સારોલીના વેપારી પાસેથી ઉધારમાં કાપડ લઇ ૨૨.૧૮ લાખની ચીટિંગ કરનાર દિલ્હીના બે વેપારી સહિત ૫ લોકો સામે ગુનો નોંધાયો છે. પરવત પાટીયા રહેતા સુનિલ હરકુટ સારોલી ખાતે કાપડનો ધંધો કરે છે. રિંગરોડમાં મુન્દ્રાના નામે એજન્સી ચલાવતા નંદકિશોર મુન્દ્રા તથા તેના પુત્રો અનુરાગ અને સુરેશે દિલ્હીના લલિત અને દિપક ઠાકુર સાથે વેપારીની મુલાકાત કરાવી હતી. વેપારી સુનિલ હરકુટે આ દલાલ પિતા પુત્રો મારફતે ત્રીસ દિવસના પેમેન્ટની શરતે ૨૨.૧૮નું લાખ કાપડ ઉધાર આપ્યુ હતું.

જો કે નિયત સમય બાદ સુનિલે ઉઘરાણી કરી હતી. પહેલા વેપારીએ બહાના બનાવી ફોન ઉઠાવવાના બંધ કરી દીધા હતા. જ્યારે દલાલ પિતા પુત્રોએ હાથ ઉંચા કરી દેતા સુનિલ હરકુટે ફરિયાદ નોંધાવતા સારોલી પોલીસે પિતા પુત્રો અને દિલ્હીના વેપારી વિરૂદ્ધ છેતરપિંડીનો ગુનો નોંધી તપાસ શરૂ કરી હતી. આમ વધુ બે કિસ્સામાં લાખોની ઠગાઇ થઇ ગઇ હતી. ગઠીયાઓ નજર માંડીને જ બેઠા હોય છે, ગમે તેમ કરીને તેઓ શિકાર કરી લઇ ગઠીયાગીરીથી પોતાના ગજવા ગરમ કરી લેતા હોય છે. રાજ્યભરમાં પોલીસ સ્ટેશનોમાં રોજ ઉઠીને આ પ્રકારની ફરિયાદો આવતી જ રહે છે. આ જોતાં એમ થાય કે ગઠીયાઓને બીજા કોઇ કામ જ નથી. લોકોને કેમ છેતરવા એ જ એમનો મુખ્ય ધ્યેય રહેતો હોય છે. વિઝાના નામે અને વિશ્વાસ કેળવી શરૂઆતમાં કાપડના રોકડા નાણા ચુકવી પછી બાકીમાં લઇ બૂચ મારી દેવાની આ ઘટનાઓમાં પોલીસ તપાસ કરી રહી છે.

### સોશિયલ મિડીયા થકી ગુનાખોરી આચરવાનો વધુ એક બનાવ આવ્યો સામે

# નફાની લાલચ આપી ગઠિયો ૮૯ લાખ ખાઇ ગયો

## મુળ જેતપુરનો શખ્સ કલાકારો સાથેના ફોટા બતાવી ઇ-માર્કેટ પ્લસમાં રોકાણ-ફ્રેન્ચાઇઝીના નામે આચરતો હતો ફ્રોડઃ અનેક રાજ્યોના લોકો બન્યા ભોગ

રાજકોટ તા. ૧૬

ઓનલાઇન સાયબર ફ્રોડની અનેકાનેક ઘટનાઓ વચ્ચે દરરોજ લાખો કરોડો રૂપિયા લોકોના બેંક ખાતાઓમાંથી ગઠીયાઓના ખાતામાં જતાં રહે છે. નીતનવા નુસ્ખાઓ અને જુનાપુરાણા નુસ્ખાઓનો ઉપયોગ કરીને ગઠીયા શિકાર કરતાં રહે છે. આવી જ વધુ એક ઘટના સામે આવી છે જેમાં એક ગઠીયાએ ઓનલાઇન સોશિયલ મિડીયા થકી ઇ-માર્કેટ પ્લસ ઓપન કરવાની અને ફ્રેન્ચાઇઝી આપવાની લાલચ દઇ સાડા અઠ્યાસી લાખ પડાવી લીધા છે.

વિગતો પર નજર કરીએ તો સોશિયલ મીડિયા પર ઈ-માર્કેટ પ્લેસ ઓપન કરવાની ફ્રેન્ચાઇઝી આપવાની વાત કરી ૮૮.૫૦ લાખની રકમ પડાવનાર ગઠીયા વિરૂધ્ધ સુરતમાં એફઆઇઆર દાખલ થતાં પોલીસે તુરત તપાસનો ધમધમાટ શરૂ કરતાં આ ગઠીયા સુધી પહોંચવામાં સફળતા મળી હતી. સાયબર ક્રાઇમ પોલીસે ભેજાબાજને મુંબઇથી દબોચી લીધો છે. પકડાયેલા શખ્સનું નામ સમીર અનવરહુસેન મલેક છે જે હાલ વરસોવા મુંબઇ રહે છે પરંતુ મુળ રાજકોટના જેતપુરનો વતની છે. ચોંકાવનારી વાત એ છે કે આ શખ્સના દાદા જેતપુર પોલીસમાં જમાદાર હતા. આરોપી પોતે સોફ્ટવેર ડેવલોપર છે.

પોલીસ સુત્રોના કહેવા મુજબ અગાઉ તેણે મોટી દમણ કોસ્ટલ પોલીસ સ્ટેશનમાં ઠગાઈના ગુનામાં પકડાયો હતો. અત્યાર સુધીમાં આ શખ્સે તેર રોકાણકારો સાથે ઠગાઈ કરી છે. રોકાણકારોને લેભાગુ કંપનીમાં રોકાણ કરાવી મહિને પંદર ટકા રિટર્ન આપવાના સપના બતાવ્યા હતા એટલું જ નહીં આરોપીએ ફાઇવ સ્ટાર હોટેલમાં મીટીંગ કરી રોકાણકારોને મોટા મોટા સપના બતાવ્યા હતા. આરોપીના કેટલાક



### ડોક્ટરને લોન પાસ કરાવી દેવાના નામે બે ગઠીયા દસ લાખનો ચૂનો ચોપડી ગયા

ફિલ્મી અભિનેતા સાથેના ફોટો સામે આવ્યા છે. વધુમાં આરોપીના બેંક ખાતાની તપાસ કરતા ૧૩ ફરિયાદો થઈ છે. જેમાં ૧.૧૦ કરોડની ચીટીંગ કરી હોવાનું પણ સામે આવ્યું છે. જેમાં મહારાષ્ટ્ર, ગુજરાત,રાજસ્થાન, પશ્ચિમ બંગાળ, કર્ણાટક, દિલ્હી, મધ્યપ્રદેશ અને કેરલામાં ફરિયાદો દાખલ થઇ ચુકી છે.

આ આરોપી ખુબ જ શાતીર દીમાગ ધરાવે છે. તે સામેવાળાને શિકાર બનાવવા માટે ગજબના નુસ્ખા અજમાવતો હતો. આરોપી પોતે સોફ્ટવેર ડેવલોપર હોવાથી જાતે ટુ-વન ટેકનોલોજીસ્ટ નામની કંપની બનાવી હતી. આ કંપનીમાં રોકાણ કરવામાં પંદર ટકા રિટર્ન આપવા સુધીના સપના બતાવ્યા હતા. પોતાની કંપની અલગ અલગ ધંધામાં રોકાણ કરતી હોવાની ડંફાશ મારી હતી. આવી વાતો અને કલાકારો સાથેના ફોટા પણ તે બતાવતો હતો. તેના ફોટો જોઈ લોકો છેતરાઈ જતા હતા.આ ગઠીયો હાથમાં આવી જતાં વધુ ચોંકાવનારી વિગતો સામે આવવાની શક્યતા છે.

ફ્રોડના અન્ય એક બનાવમાં વડોદરામાં ડોક્ટર સાથે દસ લાખની ઠગાઇ થઇ છે. આ મામલે મહારાષ્ટ્રના સાંગલીમાં હોસ્પિટલ ચલાવતા ડોક્ટરની માંજલપુર પોલીસમાં ફરિયાદ દાખલ થતાં તપાસ શરૂ થઇ છે. મહારાષ્ટ્રના ડોક્ટરની હોસ્પિટલના રિનોવેશન માટે રૂા.૫ કરોડની લોન કરાવી આપવાના બહાને શહેરના નયનાબેન મનહરસિંહ મહિડા, રાજેશભાઈ અભેસિંગ ચાવડાએ કુલ રૂા.૧૦.૧૦ લાખ મેળવી લીધા બાદ પણ લોન ન કરાવી આપી છેતરપીંડી કરતા બંને વિરૂધ્ધ માંજલપુર પોલીસ મથકમાં છેતરપીંડીનો ગુનો દાખલ કરાવવામાં આવ્યો છે. ઉલ્લેખનિય છે કે, બંને આરોપીઓએ રોકડા અને બેંક મારફતે આ રકમ લીધી હતી.

---

### એક તરફ તહેવારોની તૈયારીનો ધમધમાટ, બીજી તરફ સ્વજનો ગુમાવનારા પરિવારોમાં કલ્પાંત

# જુદી જુદી ઘટનામાં નવોઢા અને યુવાને આપી દીધો જીવ

## સુંદરમ્ પાર્કમાં પરિણીતા બારીમાં લટકી ગઇઃ સંત કબીર રોડ પર ઈમિટેશનના કારીગરે એસિડ પી મોત મેળવ્યુંઃ બંનેમાં કારણ અકળ

## અન્ય બે અપમૃત્યુમાં દિલની દગાખોરીથી ખેડુત અને વૃધ્ધનું મોત

રાજકોટ તા. ૧૬

દરરોજ શહેરમાં અપમૃત્યુ, આત્મહત્યાની ઘટનાઓ બનતી રહે છે. અનેક એવા બનાવો હોય છે જેમાં આપઘાતના કારણ પણ બહાર આવતાં નથી. ગઇકાલે જ એક પરિણીતાએ પતિને વિડીયો કોલ કર્યા બાદ આપઘાત કરી લીધાની ઘટના બની હતી. જેમાં આત્મહત્યાનું કારણ બહાર આવ્યું નહોતું. વધુ એક આવી ઘટના બની છે જેમાં એક વર્ષ પહેલા જ પરણેલી યુવતિએ ગળાફાંસો ખાઇ મોત વ્હાલુ કરી લીધું છે. બીજી આપઘાતની ઘટનામાં ઈમિટેશનના કારીગરે આપઘાત કર્યો હતો. તેમાં પણ કારણ બહાર આવ્યું નહોતું. અન્ય અપમૃત્યુની ઘટનામાં એક પ્રૌઢ બહેનના ઘરે બેસવા ગયા ત્યારે હૃદય બંધ પડી જતાં અને એક વૃધ્ધનું ઘરે હતાં ત્યારે હૃદય રોગનો હુમલો આવતાં મોત થયું હતું.

વિગતો પર નજર કરીએ તો આજીડેમ ચોકડીથી આગળ માંડા ડુંગર પાસે સુંદરમ્ પાર્કમાં રહેતી મુળ બિહારની પરિણીતાએ ઘરની બારીની ગ્રીલમાં ચુંદડી બાંધી ગળાફાંસો ખાઇ આપઘાત કરી લેતાં અરેરાટી ફેલાઇ ગઇ હતી. એક વર્ષ પહેલા જ આ પરિણીતાના લગ્ન થયા હતાં. પોલીસ સુત્રોના કહેવા મુજબ સુંદરમ્ પાર્ક શેરી નં. ૨ બ્લોક નં. બી-૯માં ત્રેવીસ વર્ષની અંજુકુમારી ગોપાલ વિશ્વકર્મા નામની પરિણીતાએ ઘરની બારીની ગ્રીલમાં ચુંદડી બાંધી ગળાફાંસો ખાઇ આપઘાત કરી લીધાની જાણ ૧૦૮ના તબિબ મારફત પોલીસ કન્ટ્રોલરૂમમાં કરવામાં આવી હતી.

આથી આજીડેમ પોલીસ સ્ટેશનના એચ. જે. સોલંકી સહિતે ઘટના સ્થળે પહોંચી જરૂરી કાર્યવાહી કરી મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડ્યો હતો. આપઘાત કરનાર અંજુકુમારીના લગ્ન એક વર્ષ પહેલા જ થયા છે. મુળ



બિહારની વતની અંજુકુમારીનો પતિ ગોપાલ વિશ્વકર્મા કારખાનામાં મજૂરી કરે છે. આપઘાતનું કારણ બહાર આવ્યું ન હોઇ પોલીસે કારણ જાણવા વધુ તપાસ યથાવત રાખી છે. આપઘાત કરનારના માવતરને પણ જાણ કરવામાં આવી હોઇ તેઓ બિહારથી આવ્યા બાદ પોલીસ નિવેદન નોંધી વિશેષ તપાસ કરશે.

આપઘાતની બીજી ઘટના જોઇએ તો ચોટીલા તાબેના ભેટસુડા ગામના યુવાને રાજકોટમાં એસિડ પી આપઘાત કરી લેતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. આ યુવાન સામા કાંઠે ઈમિટેશનના કારખાનામાં મજૂરી કરતો હતો અને રહેતો હતો. કારખાનામાં જ તેણે આ પગલુ ભર્યુ હતું. ભેટસુડાનો વતની ત્રીસ વર્ષનો મહેશભાઇ વલ્લભભાઇ ગાબુ નામનો યુવાન સંત કબીર રોડ શક્તિ સોસાયટી-૨ દિનેશ પ્રિન્ટ પાછળ જયશ્રી ઈમિટેશન નામના કારખાને હતો ત્યારે એસિડ પી જતાં સારવાર હેઠળ હતો.

તેનું સારવારમાં મૃત્યુ થતાં પરિવારમાં ગમગીની વ્યાપી ગઇ હતી. હોસ્પિટલ ચોકીના રામશીભાઇ વરૂ સહિતે બી-ડિવીઝન પોલીસને જાણ કરી હતી. આપઘાત કરનાર મહેશભાઇ બે ભાઇ અને બે બહેનમાં મોટો તથા અપરિણીત હતો. તે રાજકોટ રહી ઈમિટેશનનું કામ કરતો હતો. આપઘાત કયા કારણોસર કર્યો તે અંગે પરિવારજનો જાણતાં નથી. અંતિમવિધી બાદ પોલીસ કુટુંબીઓ, મિત્રોની પૃછા કરી નિવેદન નોંધી કારણ જાણવા તપાસ કરશે. અ

અપમૃત્યુની અન્ય બે ઘટનામાં દિલની દગાખોરીથી બે લોકોનો જીવ ગયો હતો. કાલાવડ રોડ કણકોટ રોડ પર એવરેસ્ટ વીલામાં રહેતાં પ્રૌઢ નાના મવા રોડ પર રહેતાં બહેનના ઘરે આટોમ ારવા ગયા ત્યારે હૃદય રોગનો હુમલો આવી જતાં મૃત્યુ થયું હતું. બીજા બનાવમાં કોઠારીયા સોલવન્ટના વૃધ્ધનું પણ હૃદય રોગના હુમલાથી મૃત્યુ થયું હતું. કણકોટ રોડ પર એવરેસ્ટ વીલા એપાર્ટમેન્ટમાં રહેતાં હસમુખભાઇ અરજણભાઇ બોડા નામના પંચાવન વર્ષના ખેડુત પ્રૌઢ ઘરેથી બહાર આટો મારવા નીકળ્યા બાદ સાંજે નાના મવા રોડ અંકુર કર્મચારી સોસાયટીમાં રહેતાં પોતાના બહેન ચેતનાબેન પ્રવિણભાઇ તાલપરાના ઘરે બેસવા ગયા હતાં.

જ્યાં એકાએક તબીયત બગડતાં બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ થયું હતું. હાર્ટએટેક આવી ગયાનું તબિબની તપાસમાં ખુલ્યું હતું. મૃત્યુ પામનાર હસમુખભાઇ બોડા ત્રણ ભાઇ અને બે બહેનમાં બીજા હતાં. સંતાનમાં એક દિકરો અને એક દિકરી છે. તેઓ ખેતી કરી ગુજરાન ચલાવતાં હતાં.

જ્યારે કોઠારીયા સોલવન્ટ હાઉસીંગ બોર્ડમાં રહેતાં નટુભાઇ રાણાજી ચૌહાણ નામના સાંઇઠ વર્ષના વૃધ્ધ ઘરે બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ થતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. પોસ્ટમોર્ટમ થતાં હાર્ટએટેક આવી ગયાનું તબિબને જણાયું હતું. બંને બનાવમાં હોસ્પિટલ ચોકીના રામશીભાઇ વરૂ સહિતે માલવીયાનગર અને થોરાળા પોલીસને જાણ કરી હતી. દિવાળી નૂતનવર્ષના તહેવારના દિવસો નજીક છે અને સૌ કોઇ ઉજવણીની તૈયારીમાં છે ત્યારે આ ચાર પરિવારોએ સ્વજનો ગુમાવી દેતાં ગમગીની વ્યાપી ગઇ છે.

---

### બે પાંચ નહિ બત્રીસ ગુનામાં સામેલ શખ્સ બિન્દાસ્ત બની ગયો હતોઃ બાતમી સાચી ઠરી

# ડો.આંબેડકર ભવનમાં દારૂના જથ્થા સાથે ઝડપાયો શખ્સ

## માલવીયાનગર પોલીસે છાંસઠ હજારનો ઇંગ્લીશ દારૂ કબ્જે કર્યોઃ અગાઉ મારામારી, લૂંટ, રાયોટ, જૂગાર સહિતના ગુનાઓમાં સંડોવણી

રાજકોટ તા. ૧૬

અમુક શખ્સો એવા હોય છે જે અનેક ગુનાઓમાં પકડાઇ ગયા હોવા છતાં વારેઘડીએ એક જ સરખા ગુના આચરતા રહે છે. આવા જ એક શખ્સને માલવીયાનગર પોલીસે દબોચ્યો છે. આ શખ્સ દારૂ, જૂગાર, મારામારી, લૂંટ, રાયોટીંગ સહિતના બત્રીસ ગુનાઓમાં પોલીસ ચોપડે ચડી ચુકેલ છે અને ત્રણ વખત પાસામાં જઇ આવ્યો છે. આમ છતાં તેણે વધુ એક વખત દારૂનો ગુનો આચર્યો છે. ક્યાંય નહિ તો ગોંડલ રોડ આસ્થા ચોકના ડો. આંબેડકરભવનની અંદર જ આ શખ્સે દારૂનો ધંધો ચાલુ કર્યો હતો. માલવીયાનગર પોલીસ ત્રાટકી હતી અને તેને જથ્થા સાથે દબોચી લીધો હતો.

વિગતો પર નજર કરીએ તો આગામી દિવાળી તહેવાર અંતર્ગત દારૂની રેલમછેલ થતી રોકવા પોલીસ સક્રિય બની છે. દરમિયાન માલવીયાનગર પોલીસે ૧૫૦ રીંગ રોડ આસ્થા ચોક પાસે આંબેડકરનગર-૧૨માં ડો.




આંબેડકર ભવનની અંદર દરોડો પાડી દેવપરાના ૩૨ જેટલા ગુનાઓમાં સામેલ શખ્સને રૂા. ૬૬૯૨૦ના વિદેશી દારૂના જથ્થા સાથે ઝડપી લીધો હતો. માલવીયાનગર પોલીસની ટીમ પેટ્રોલીંગમાં હતી ત્યારે પીએસઆઇ એમ. જે. ધાધલ અને ટીમને બાતમી મળી હતી કે આસ્થા ચોક આંબેડકરનગર-૧૨ના આંબેડકરભવનની અંદર વિદેશી દારૂ રાખીને અશોક નામનો શખ્સ વેંચાણ કરે છે. આ બાતમી પરથી દરોડો પાડવામાં આવતાં બાતમી સાચી ઠરી હતી.

પોલીસે ડો. આંબેડકર ભવનની અંદરથી શખ્સને દબોચી લઇ રૂા. ૬૬૯૨૦ની કિમતના ઓલ સીઝન વ્હીસ્કીના ૪૭૮ નંગ ૧૮૦ એમએલના ચપલાનો જથ્થો કબ્જે કર્યો હતો. પોલીસે આ દારૂના જથ્થા સાથે અશોક ગોવિંદભાઇ સિંધવની ધરપકડ કરી હતી. સુડતાલીસ વર્ષિય આ શખ્સ મહાત્મા ગાંધી સોસાયટી-૧, દેવપરા પાસે નિલકંઠ પાર્ક રોડ પર રહે છે. પોલીસે દારૂનો જથ્થો ઉપરાંત ૫૦ હજાર અને ૨૦ હજારના બે મોબાઇલ ફોન મળી ૧,૩૬,૯૨૦નો મુદ્દામાલ કબ્જે કર્યો છે. પોલીસ સુત્રોના કહેવા મુજબ અશોક સિંધવ અનેક ગુનાઓમાં સામેલ છે.

પોલીસ સુત્રોએ જણાવ્યું હતું કે અશોક વિરૂધ્ધ બે પાંચ નહિ પણ પુરા બત્રીસ ગુના અગાઉ નોંધાઇ ચુક્યા છે. તેના વિરૂધ્ધ મારામારી, અપહરણ, દારૂ, ધમકી, જૂગાર, હદપાર ભંગ, મારામારી, રાયોટીંગ, લૂંટ સહિતના ૩૨ ગુનાઓ ભક્તિનગર પોલીસ, ગાંધીગ્રામ, માલવીયાનગર, ડીસીબી, પ્ર.નગર, સુરેન્દ્રનગર, માલવીયાનગર, યુનિવર્સિટી પોલીસમાં નોંધાઇ ચુક્યા છે. તેમજ ત્રણ વખત અગાઉ તે પાસા તળે જેલની હવા ખાઇ ચુક્યો છે. હવે તેણે ગોંડલ રોડ આંબેડકરનગરમાં આવેલા આંબેડકર ભવન ખાતેથી દારૂ વેંચવાનું ચાલુ કર્યુ હતું.

આ કામગીરી પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, જેસીપી મહેન્દ્ર બગડીયા, ડીસીપી રાકેશ દેસાઇ, એસીપી બી. જે. ચૌધરીની સુચના અંતર્ગત પોલીસ ઇન્સપેક્ટર જે. આર. દેસાઇના માર્ગદર્શનમાં પીએસઆઇ એમ. જે. ધાધલ, ડી. એસ. ગજેરા, એએસઆઇ કેતનભાઇ શેખલીયા, હીરેનભાઇ પરમાર, હેડકોન્સ. અજયભાઇ વીકમા, ચિત્રકેતુસિંહ ઝાલા, કોન્સ. મનિષભાઇ સોઢીયા, ભાવેશભાઇ ગઢવી, જયદિપસિંહ ભટ્ટી, અમરદિપસિંહ જાડેજાએ આ કામગીરી કરી હતી.

---

### મવડી સાસરૂ ધરાવતી યુવતિનું કોઠારીયા સોલવન્ટમાં માવતરના ઘરે પગલું

# સંતાનોને મળવા ન દેતાં પરણીતા પી ગઇ ફિનાઇલ



રાજકોટ તા. ૧૬

કોઠારીયા સોલવન્ટ સિતારામ ચોકમાં હાલ માવતરના ઘરે રહેતી મવડી લાભદીપ સોસાયટીની પરિણીતા પ્રિયંકાબેન શાંતુભાઇ કાકડીયા નામની સત્યાવસી વર્ષિય પરિણીતાએ ફિનાઇલ પી લેતાં સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવતાં પોલીસે તપાસ હાથ ધરી છે.

ફિનાઇલ પી આપઘાતનો પ્રયાસ કરનારા પ્રિયંકાબેને જણાવ્યું હતું કે તેના લગ્ન શાંતુ કાકડીયા સાથે થયા છે અને સંતાનમાં એક દિકરી તથા એક દિકરો છે. પતિ બોરવેલનો ધંધો કરે છે. તેણીએ આક્ષેપ કર્યો હતો કે પતિ ઘરખર્ચના પૈસા આપતાં ન હોઇ અને સાસરીયા પણ હેરાન કરતાં હોઇ જેથી પોતે ત્રણ મહિનાથી કોઠારીયા સોલવન્ટમાં પિતા શાતિભાઇ લાખાણીના ઘરે રહે છે. સંતાનો પતિના ઘરે હોઇ પોતે ત્યાં મળવા જતાં સંતાનાનો મળવા ન દઇ કાઢી મુકાતાં માઠુ લાગવાથી પોતે ફિનાઇલ પી ગઇ હતી. હોસ્પિટલ ચોકીના રામશીભાઇ વરૂ સહિતે જાણ કરતાં આજીડેમ પોલીસે આક્ષેપો અંગે તપાસ હાથ ધરી હતી.

---

# પ્રેમિકાએ પ્રેમનો ખેલ ખેલી લગ્નની ના કહી દીધી, પ્રેમીએ આપ્યો જીવ

## યુવાનને અપમાનીત કરી મરવા મજબૂર કર્યાની ભાઇની ફરિયાદઃ જામનગર પોલીસે યુવતિ વિરૂધ્ધ દાખલ કરી FIR

રાજકોટ તા. ૧૬

પ્રેમમાં દગાખોરી થતાં એક યુવાને આપઘાત કરી લીધો છે. યુવાન સાથે યુવતિએ પ્રેમ પ્રેમ ખેલી છેલ્લે લગ્ન કરવાની ના કહી દેતાં આ યુવાન ભાંગી પડ્યોહ તો અને ઝેરી દવા પી જીવ આપી દીધો હતો. આ મામલે પોલીસે પ્રેમિકા વિરૂધ્ધ જ્ઞાતિ પ્રત્યે અપમાનીત કરવાનો અને આત્મહત્યા માટે દુષ્પ્રેરણા આપવાનો ગુનો દાખલ કર્યો છે. જામનગર પંથકમાં આ ઘટનાએ ચકચાર જગાવી દીધી છે.

વિગતો પર નજર કરીએ તો જામનગર તાલુકાના મુંગણી ગામમાં રહેતા એક યુવાને તાજેતરમાં ઝેરી દવા પી લઈ આત્મહત્યા કરી લીધા બાદ આ -કરણમાં યુવકની મોબાઈલ ફોનની ડિટેઈલના આધારે પ્રેમ પ્રકરણ કારણભૂત હોવાનું અને પ્રેમિકાએ યુવકને તેની જ્ઞાતિને કારણે તરછોડી દઇ લગ્ન નહીં કરવાનું જણાવી લગ્નનો ઈન્કાર કરી દેતાં યુવકે આત્મહત્યા કરી લીધી હોવાનું તારણ નીકળ્યું છે. પોલીસે પ્રેમિકા સામે મૃતકને હડધુત કરવા અને મરી જવા માટે મજબૂર કરવાની કલમ હેઠળ ગુનો નોંધ્યો હતો. પોલીસ સુત્રોએ કહેવા મુજબ આ બનાવની વિગત એવી છે કે જામનગર તાલુકાના મૂંગણી ગામમાં રહેતા અને મજૂરી કામ કરતા અશ્વિન મલજીભાઈ પરમાર નામના પચ્ચીસવર્ષના યુવાને ઝેરી દવા પી લઈ આત્મહત્યા કરી લીધી હતી. જે તે વખતે પોલીસ તપાસમાં કોઈ કારણ જાણવા મળ્યું ન હતું.

પરંતુ પરિવારજનો દ્વારા મૃતક યુવાનના મોબાઈલ ફોનમાં ચેક કરતાં તેને સિક્કા ગામમાં રહેતી દિપાલી નામની એક યુવતી સાથે પ્રેમ સંબંધ હતો. પરંતુ યુવતીએ અને તેના પરિવાર જ્ઞાતિનું કારણ આગળ ધરી દઇ લગ્ન થવા શક્ય ન હોવાનું જણાવી લગ્ન કરી લેવાનો ઇનકાર કર્યો હતો. જેથી પ્રેમી યુવાન હતાશ બન્યો હતો, અને ઝેરી દવા પી લઈ આત્મહત્યાનું પગલૂ ભરી લીધુ હતું. પોલીસે આપઘાત કરી લેનારા અશ્વિન પરમારના ભાઈ હસમુખભાઈ પરમાર દ્વારા જામનગરના સિક્કા પોલીસ મથકમાં પોતાના ભાઈને સમાજમાં હલકો પાડવા માટે જ્ઞાતિ પ્રત્યે અપમાનીત કરવા અંગે તેમજ તેણીને મરવા મજબુર કરવા અંગે દિપાલી સામે ફરિયાદ નોંધાવતાં પોલીસે એટ્રોસિટી સહિતની કલમો હેઠળ કાર્યવાહી કરી અટકાયતની તજવીજ કરી હતી.

---

### વિકૃત હવસખોરો કરી રહ્યા છે સતત સગીરાઓ-બાળાઓનો શિકારઃ ચેતતા રહેજો

# પ્રેમજાળમાં ફસાવી સોળ વર્ષની બાળા સાથે દૂષ્કર્મ

## પહેલા વાતો કરી, પછી મોબાઇલ લઇ દીધો અને પછી ઢગાએ આચરી વારંવાર બળજબરીઃ બીજી ઘટનામાં દસ વર્ષની બાળા સાથે મોલના સ્વીપરે કરી લીધા ચેનચાળા

રાજકોટ તા. ૧૬

હવસખોરી, છેડતી, પજવણીની ઘટનાઓ રાજ્યમાં સતત બનતી રહે છે. વધુ આવા બનાવો સામે આવ્યા છે. તાજેતરમાં રાજકોટમાં સાત વર્ષની બાળાને ઢગાએ હવસખોરીનો શિકાર બનાવી લીધી હતી. ત્યાં હવે એક સોળ વર્ષની સગીરાને વાત કરવાના બહાને બોલાવી તેની સાથે એક શખ્સે દૂષ્કર્મ આચરી લીધુ હતું. આ બાળાની સાથે પહેલા ઢગાએ વાતચીત ચાલુ કરી હતી, પછી મિત્રતા કરી ફોન લઇ દીધો હતો અને પછી હવસખોરી આચરવાનું ચાલુ કર્યુ હતું. અન્ય ઘટના જોઇએ તો દસ વર્ષની બાળકીને મોલના એક કર્મચારીએ ચુંબન કરી લેતાં ચકચાર મચી ગઇ છે. શારીરિક છેડછાડની આ ઘટનામાં પોલીસે ગુનો દાખલ કરી હવસખોર સામે કાર્યવાહી હાથ ધરી હતી. માતા સાથે મોલમાં આવેલી બાળકી આ વિકૃતીનો ભોગ બની ગઇ હતી.

પ્રથમ ઘટના જોઇએ તો સુરતના લસકાણામાં એક સગીરા સાથે બળાત્કાર થયો છે. લસકાણા રહેતા અને ફ્રુટની લારી ચલાવતા યુવકે સગીરાને વાત કરવાના બહાને અગાસી પર બોલાવી બળાત્કાર કર્યો હતો. લસકાણા રહેતો કરણ ફ્રુટની લારી ચલાવે છે. તેણે નજીકમાં રહેતી સોળ વર્ષની સગીરા સાથે આશરે અઢી મહિના પહેલા વાતચીત કરવાનું શરૂ કર્યું હતું. બાદમાં મોબાઇલ નંબરની આપલે કરી પ્રેમમાં ફસાવી હતી. થોડા દિવસ પહેલા કરણ સગીરાને મળવા અગાસી પર બોલાવી હતી. ત્યાં અડપલાં કરી નીકળી ગયો હતો.

ત્યારબાદ બે ત્રણ દિવસ ફરીથી રાત્રે એક વાગ્યાના સમયે કરણે સગીરાને ફોન કરી મળવા



માટે અગાસી પર બોલાવી કરણે તેની સાથે બળજબરી કરી હતી પરંતુ સગીરાએ ના પાડતા હોવા છતાં પણ તેની સાથે કરણે બળજબરી કરી બળાત્કાર ગુજાર્યો હતો. જેથી સવારે સગીરાએ સઘળી હકીકત માતા-પિતાને જણાવતા તેમણે લસકાણા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે કરણ સામે બળાત્કારનો ગુનો દાખલ કરી તેની ધરપકડ કરી હતી.

અન્ય એક ઘટના પર નજર કરીએ તો વડોદરા માંજલપુરના ઇવા મોલના સ્વિપર દ્વારા મોલમાં માતા સાથે આવેલી દસ વર્ષની બાળકી સાથે શારીરિક છેડછાડ કરતા માંજલપુર પોલીસે ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. માંજલપુર વિસ્તારમાં રહેતી પરિણીતા તેના પરિવાર સાથે ગઇકાલે માંજલપુર ઇવા મોલમાં ડિનર માટે ગઇ હતી. તેમની દસ વર્ષની બાળકી મોલમાં ગેલેરીમાં ત્રીજા માળે આવેલા કોમન બાથરૂમની ગેલેરીમાં ફ્રેશ થવા માટે ગઇ હતી. તે સમયે ત્યાં હાજર મોલનો સ્વિપરે તેની સાથે હાથ મિલાવ્યો હતો.

ત્યારબાદ બાળકી ફરીથી આવતા તેણે પૂછ્યું કે, તું જમી કે નહીં? ત્યારબાદ ચોથી વખત બાળકી આવતા સ્વિપરે તેના ગાલ પર ચુંબન કર્યુ હતું. જે અંગે બાળકીના પરિવારને જાણ થતા તેમણે પોલીસને કોલ કર્યો હતો. પોલીસે સ્થળ પર જઇને કાર્યવાહી હાથ ધરી હતી. બાળકીની માતાની ફરિયાદના આધારે પોલીસે ગુનો દાખલ કરી આરોપી પારસ દિલીપસિંહ પરમારની ધરપકડ કરી હતી. ખરેખર શું ઘટના બની હતી. તેની માહિતી મેળવવા પોલીસે મોલમાં ફિટ કરેલા સીસીટીવીના ફૂટજેની ચકાસણી હાથ ધરી છે. આરોપીએ ખરેખર બાળકીની સાથે ખરાબ ઈરાદાથી આ કૃત્ય કર્યુ હતું કે, પછી તેનો ઈરાદો ખરાબ ન હતો. જે અંગે પોલીસ તપાસ કરી રહી છે.

# મનપાના ઈન્ચાર્જ TPO સુમરાની સુરત બદલી

## ક્રિસ્ટલ નેક્સેસ બિલ્ડીંગનો કેસ ફરી અધરતાલ : નવા અધિકારી શું નિર્ણય લેશે તેના પર દરેકની મીટ, બિલ્ડરની સુધરી દિવાળી

રાજકોટ, તા. ૧૬

ટાઉન પ્લાનિંગ વિભાગની કામગીરી હાલ દરેક માટે ચર્ચાનો વિષય બની રહી છે કારણ કે અહીં કોઈ અધિકારી લાંબા સમય સુધી કાતો ટકતું નથી કાતો કોઈને કોઈ કૌભાંડમાં તેની સંડોવણી ખુલી જતી હોય છે હાલ જ ભૂતપૂર્વક ટાઉન પ્લાનિંગ અધિકારી સાગઠીયા જામીનમુક્ત થયા છે અને દિવાળી ઉજવવા પરિવાર સાથે ઘરે પરત ફર્યા છે ત્યાં જ ઇન્ચાર્જ ટાઉન પ્લાનિંગ અધિકારી કિરણ સુમરા ની સુરત ખાતે બદલી કરી દેવામાં આવી છે. હાલ એ બાબતે કોઈ સ્પષ્ટતા કરવામાં આવી નથી કે તેમનો ચાર્જ કોને સોંપવામાં આવે પરંતુ હવે રાજકોટ મહાનગરપાલિકાને કાયમી ટીપીઓ મળે તે ખૂબ જરૂરી છે કારણ કે ઘણી ખરી કામગીરી હજુ પણ અધડતાલ છે અને ઇન્ચાર્જ ટીપીઓ હોવાના કારણે કોઈપણ જવાબદારી પૂર્વકના નિર્ણયો આજ દિન સુધી લેવામાં આવ્યા ન હોવાનું પણ જણાઈ રહ્યું છે.

ત્યારે ગઈકાલે રાજ્ય સરકારના શહેરી વિકાસ વિભાગ દ્વારા નગર આયોજન અને મૂલ્યાંકન ખાતાના વર્ગ એકના અધિકારીઓની સામૂહિક બદલી કરવામાં આવી છે જેમાં રાજકોટ કોર્પોરેશનમાં ઇન્ચાર્જ તરીકે ફરજ બજાવતા કિરણ સુમરા ને સુરત મૂકવામાં આવ્યા છે ત્યારે હજુ સુધી તેમનો કાચા જ કોઈ અન્ય અધિકારીને સોંપવામાં આવ્યો નથી.

રૂડાના નગર નિયોજક કિરણ સુમરા અને દિનકર પટેલ હાલ સુરત ખાતે ફરજ બજાવશે જ્યારે અમદાવાદના વિવેક પારેખને ગાંધીનગર કચેરી ખાતે મૂકવામાં આવ્યા છે તો સુરતના કૌશિક પટેલને નવસારી, જ્યારે ગાંધીનગરના પરીન ગાંધીને જુનાગઢ મનપામાં મૂકવામાં આવ્યા છે. મળતી માહિતી મુજબ શહેરી વિકાસ વિભાગના નિકુંજ શાહને ગાંધીનગર ખાતે જ્યારે જામનગર સત્તા મંડળના મુકુંદ કોઠીયાને અને જુનાગઢ સતામંડળના રામસિંગ પરમાર ને અનુક્રમે રૂડા અને રાજકોટ નગર રચના યોજનામાં મૂકવામાં આવ્યા છે.

વડોદરાના દર્શિત પટેલને નગર રચના યોજના સાથે અમદાવાદનો ચાર્જ, પ્રતિક ગીલેટવાળાને અમદાવાદથી ગાંધીનગર, હિમાંશુ પરમારને અમદાવાદ, દિનેશ રાઠોડને વડોદરાથી બદલાવી ગાંધીનગર મુકવામાં આવ્યા છે. હાલ રાજકોટ પુરતી વાત કરીએ તો દોઢ વર્ષ પહેલા ટીઆરપી ગેમ ઝોન અગ્નિકાંડ બાદ ટીપીઓની જગ્યા ખાલી પડી હતી. તેમની જગ્યાએ રૂડામાં ફરજ બજાવતા સુમરાને મુકવામાં આવ્યા હતા.






હવે તેમની બદલી થતા ટીપીઓનો ચાર્જ રાજકોટ આવેલા કયા અધિકારીને સોંપવામાં આવે છે તેની વિભાગ રાહ જુએ છે. કારણ કે વેરવિખેર થયેલા ટીપી શાખામાં હવે ઇન્ચાર્જ નહીં પરંતુ કોર્પો.ના જ કાયમી અધિકારીની જરૂર હોવાનો મત છે. બીજી તરફ અત્યારે કિરણ સુમરા ની જો વાત કરવામાં આવે તો તેમના દ્વારા હાલ અને તેમના હસ્તે ક્રિસ્ટલ નેક્સેસ બિલ્ડીંગ ની કામગીરી હાથ ધરવામાં આવનાર હતી કારણ કે તેઓએ સ્પષ્ટ પણે જણાવ્યું હતું કે હાલ મહાનગરપાલિકા નેક્સેસનો બિલ્ડીંગ પ્લાન મંજૂર કરી રોડ ઇન બિલ્ડિંગમાં અભિપ્રાય અર્થે મોકલશે પરંતુ હવે તેઓની બદલી થઈ જતા ફરી વખત બિલ્ડરે રાહતનો શ્વાસ લીધો હોય તેવી સ્થિતિનું નિર્માણ થયું છે.

રૂડામાં ફરજ બજાવી ચૂકેલા કિરણ સુમરાએ શરૂઆતમાં જ આ બિલ્ડીંગ નો પ્લાન મંજૂર કર્યો હતો અને ત્યારે તેઓ ઇન્ચાર્જ તરીકે રાજકોટ ટીપીમાં આવતા બિલ્ડરને જાણે છાવરવામાં આવ્યા હોય તે પ્રકારની કામગીરી કરવામાં આવેલી છે જેનો વિરોધ કોંગ્રેસ દ્વારા અગાઉ પણ કરવામાં આવ્યો હતો અને હાલ પણ કરવામાં આવી રહ્યો છે કારણ કે ટાઉન પ્લાનિંગ વિભાગ પાસે અગાઉ પણ અભિપ્રાય રોડ એન્ડ બિલ્ડીંગ દ્વારા આપવામાં આવેલા હતા અને ખુદ જે તે વખતે મ્યુનિસિપલ કમિશનર દ્વારા બિલ્ડીંગ ને સીલ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો પરંતુ કોઈ કારણોસર નક્કર કામગીરી કરવામાં આવી ન હતી અને જેમ કોર્ટમાં તારીખ પે તારીખ હોય તેવી રીતે અહીં અભિપ્રાય પે અભિપ્રાય લેવાનો સિલસિલો ચાલુ થયો હતો. જેનો સ્પષ્ટ મતલબ એ જ થાય કે આ બિલ્ડિંગના બિલ્ડરની દિવાળી સુધારવી કાતો કોઈ અન્ય ક્ષતિ તથા છબી ન ખડાય તે માટે એવા કોઈ પણ આંકડા નિર્ણય ન લેવા.

ત્યારે ફરી એક વખત ક્રિસ્ટલ નેક્સેસ બિલ્ડીંગનો મુદ્દો ચર્ચાનો વિષય બન્યો છે કારણ કે વિવિધ સમાચાર પત્રોમાં આ અંગે અનેક લખાણા ત્યારે જાગૃત નાગરિકોને જાણકાર વર્તુળોને આશા હતી કે હવે ગેર રેતી થતી અટકશે ત્યાં જ રાજ્ય સરકાર દ્વારા જે બદલ્યો કરવામાં આવી તેના કારણે આ કામગીરી ફરી વખત ઠપ થઈ ગઈ છે. જાણકાર વર્તુળોના જણાવ્યા અનુસાર એવી પણ ચર્ચા એ જોડ પકડ્યું છે કે કદાચ કિરણ સુમરા ને ખ્યાલ હતો કે તેઓની બદલી થવાની છે માટે ગોળ ગોળ જવાબ આપી પ્લાન મંજૂર કરવાની વાત કરી હોવાનું પણ જણાઈ રહ્યું છે. ત્યારે આ કેસમાં નવા ટાઉન પ્લાનિંગ અધિકારી શું પગલાં લેશે તે જોવાનું રહ્યું એટલું જ નહીં ફરી વખત આ જ મુદ્દો હજુ બે મહિનાથી વધુ સમય સુધી ચાલે તેવું જાણવા મળ્યું છે પરંતુ હાલના તબક્કે એ વાત તો સ્પષ્ટ થઈ ચૂકી છે કે ક્રિસ્ટલ નેક્સેસ બિલ્ડીંગના બિલ્ડરની દિવાળી સુધરી ગઈ છે. કારણ કે હવે આગામી સમય સુધી કોઈ એક્શન લેવામાં આવશે નહીં તે વાત પણ નક્કી છે.







### નવેક મહિનાથી માનસિક અસ્વસ્થ પત્નિ સતત દેકારા મચાવી હેરાન કરતી હોઇ પતિ ત્રાસી ગયા'તા

# પત્નિને મોતને ઘાટ ઉતારી વૃધ્ધ પોલીસ સ્ટેશનમાં પહોંચ્યા!

**કુવાડવા રોડ ડી માર્ટ પાછળ ભક્ત કવિ નરસિંહ મહેતા ટાઉનશીપનો અરેરાટી જગાવતો હત્યાનો બનાવઃ બી-ડિવીઝન પોલીસે રિક્ષાચાલક વૃધ્ધની કરી ધરપકડ : વૃધ્ધે પહેલા તો પોતે જ આપઘાત કરી લેવાનું નક્કી કર્યુ, પણ પછી પત્નિનું શું થશે? તેમ વિચારી તેણીની હત્યા કરી નાંખી**

રાજકોટ, તા. ૧૬

શહેરમાં તહેવારના દિવસો નજીક છે ત્યાં હત્યાની ઘટના બની છે. જેમાં એક વૃધ્ધે પોતાના જ પત્નિને ગળુ દાબી મોતને ઘાટ ઉતારી દીધા છે. માનસિક તકલીફ ધરાવતાં પત્નિ સતત દેકારો મચાવી રડતાં હોઇ અને રૂમ બંધ કરી વૃધ્ધને ઘરમાં આવવા દેતાં ન હોઇ પત્નિની આ તકલીફથી તે કંટાળી ગયા હોઇ જેથી હત્યા કરી નાંખી હતી. ઠંડે કલેજે પત્નિને પતાવી રાતભર રૂમમાં બેસી રહી સવારે જાતે જ તે પોલીસ સ્ટેશનમાં હાજર થઇ જતાં બી-ડિવીઝન પોલીસે ગુનો નોંધી ધરપકડની તજવીજ કરી હતી.

કુવાડવા રોડ પર ડી માર્ટ પાછળ આવેલી ભક્ત કવિ નરસિંહ મહેતા ટાઉનશીપમાં રહેતાં રિક્ષાચાલક વૃધ્ધે પોતાના પત્નિની ગળાટૂંપો દઇ હત્યા કરી નાંખ્યા બાદ સામેથી પોલીસ સ્ટેશનમાં હાજર થઇ ગુનો સ્વીકારી લીધો હતો.બી-ડિવીઝન પોલીસ સ્ટેશનમાં પીએસઓ પાસે એક વૃધ્ધ આવ્યા હતાં અને 'સાહેબ મેં મારા પત્નિને મારી નાંખ્યા છે' તેમ કહી ગુનો કબુલ્યો હતો. કુવાડવા રોડ ડી-માર્ટ પાછળ સ્વામિનારાયણ મંદિર નજીક આવેલી ભક્ત કવિ નરસિંહ મહેતા ટાઉનશીપ ડી-વીંગમાં છઠ્ઠા માળે બ્લોક નં. ૬૦૪માં રહેતાં ૬૦ વર્ષના રિક્ષાચાલક જયેન્દ્રભાઇ બચુભાઇ ધકાણ નામના સોની વૃધ્ધ સવારે બી-ડિવીઝન પોલીસ સ્ટેશને પહોંચ્યા હતાં અને ફરજ પર હાજર પીએસઓને જણાવ્યું હતુ કે મેં મારા પત્નિ મંજુલાબેનને ગળાટુંપો આપી હત્યા કરી નાંખી છે!

વૃધ્ધની આ વાત આ સાંભળી પીએસઓ ચોંકી ગયા હતાં. તુરત જ તેણે આ વૃધ્ધને ત્યાં બેસાડી દીધા હતાં અને જાણ કરતાં ઇન્સપેકટર એસ. એસ. રાણે, રાઇટર એએસઆઇ હીરાભાઇ રબારી અને ઇન્વેસ્ટીગેશન સ્ટાફને બોલાવી લીધો હતો. પોલીસે પુછતાછ કરતાં વૃધ્ધ જયેન્દ્રભાઇ ધકાણે સમગ્ર હત્યાની વિગતો જણાવી હતી. તેણે કહ્યું હતું કે મારે બીજા ત્રણ ભાઇઓ છે, કુલ ચાર ભાઇમાં હું ત્રીજા નંબરે છે. આજથી ચોવીસ વર્ષ પહેલા મેં મંજુલાબેન સગર સાથે મૈત્રીકરાર કર્યા હતાં. તેના અગાઉના પતિનું મૃત્યુ થયું હતું. ચોવીસ વર્ષથી હું અને મંજુલા પતિ-પત્નિ તરીકે રહેતાં હતાં. હું રિક્ષા હંકારી ગુજરાન ચલાવું છું. અમારે કોઇ સંતાન નથી. અત્યાર સુધી બધુ બરાબર ચાલતું હતું.

પરંતુ છેલ્લા આઠ નવ મહિનાથી મંજુલાને માનસિક તકલીફ લાગુ પડી હોય તેવુ લાગતાં મેં અલગ અલગ ડોક્ટરો પાસે સારવાર દવા ચાલુ કરાવ્યા હતાં. પરંતુ તેણીને કોઇ ફરક પડતો નહોતો. પત્નિ મંજુલાને માનસિક તકલીફ લાગુ પડતાં તે ગમે ત્યારે ઘરમાં મોટે મોટેથી દેકારા કરતી અને ગમે ત્યારે મારા પર હુમલો કરી મારકુટ કરી લેતી, દેકારો મચાવી ગાળો બોલી ક્યારેક પડોશી સાથે પણ માથાકુટ કરી લેતી હતી. ઘણીવાર તો એવુ બનતું કે તે મને ઘરમાં પણ આવવા ન દેતી, જેથી હું ટાઉનશીપમાં આવેલા મંદિરે સુઇ રહેતો હતો. મેં તેની ખુબ દવા સારવાર કરાવ્યા હતાં પરંતુ તેને ફરક પડતો નહોતો. અમુક ડોક્ટર તો એમ કહેતાં કે આમને કોઇ તકલીફ નથી.

પરંતુ તેણીને માનસિક તકલીફ હોઇ તેવુ લાગતું હતું. રાતે તે ગમે ત્યારે દેકારો કરી મોટે મોટેથી રડવાનું ચાલી કરી દે પછી તેને શાંત પાડવાનું અઘરૂ થઇ પડતું હતું. આ કારણે પડોશીઓને પણ ખલેલ પડતી હતી. તેણી ગમે ત્યારે ઘરમાંથી નીકળી પણ જતી હતી. વૃધ્ધ જયેન્દ્રભાઇએ વધુમાં કહ્યું હતું કે હું જો સતત તેણીનું ધ્યાન રાખવા ઘરે રહું તો રિક્ષાના ફેરા ન થાય અને ઘરનું ગુજરાન ન ચાલે. પત્નિની આ તકલીફથી હું સતત કંટાળી ગયો હતો, તેની પીડા જોઇ શકતો નહોતો. આથી તેને પીડામાંથી મુક્ત કરવાનો વિચાર આવ્યો હતો. દરમિયાન રાત્રે ફરીથી પત્નિએ જોર જોરથી દેકારો મચાવવાનું અને રડવાનું ચાલુ કરી દીધુ હતું. આથી મેં તેણીને શાંત પાડવા ખુબ પ્રયાસ કર્યો હતો.

પરંતુ તે શાંત ન પડતાં અંતે તેને છુટકારો આપી દેવાનું નક્કી કરી ગળાટૂંપો દઇ હત્યા કરી નાંખી હતી. એ પછી હું રૂમમાં જ બેસી રહ્યો હતો અને સવાર પડ્યે પોલીસ સ્ટેશનમાં હાજર થઇ જવાનું નક્કી કરી પોલીસ સ્ટેશને પહોંચી ગયો હતો. વૃધ્ધ જયેન્દ્રભાઇ ધકાણની પત્નિને પતાવી દીધાની ઉપરોક્ત કેફીયતની પોલીસે ખરાઇ કરી હતી. ફ્લેટમાંથી મંજુલાબેનનો મૃતદેહ મળી આવતાં જરૂરી કાર્યવાહી કરી પોસ્ટમોર્ટમ માટે ખસેડવા તજવીજ કરી હતી. આ બનાવમાં પોલીસે હત્યાનો ભોગ બનનાર મંજુલાબેનના બહેન શારદાબેન મોહનભાઇ ભેંસાણીયા જેઓ મોરબી રોડ રાજનગરમાં રહે છે તેમની ફરિયાદ પરથી રમેશભાઇ ધકાણ વિરૂધ્ધ ગુનો દાખલ કરવા તજવીજ કરી હતી. હત્યાનો ભોગ બનનાર મંજુલાબેનના માતા-પિતા હયાત નથી.

મંજુલાબેન સગર જ્ઞાતિના હતાં. તેમને બે ભાઇ અને ત્રણ બહેન છે. તેમાં તે મોટા હતાં. જો કે મંજુલાબેનને કોઇપણ ભાઇ-બહેન સાથે કોઇ વ્યવહાર નહોતો. તેમની હત્યા થતાં પોલીસે તેમના બહેન સહિતને બોલાવી ઘટનાની જાણ કરી ફરિયાદ નોંધી હતી. આરોપી વૃધ્ધે રટણ કર્યુ હતુ કે-મેં મારા પત્નિને પીડામાંથી છુટકારો અપાવ્યો છે! જયેન્દ્રભાઇ ધકાણે એવું રટણ કર્યુ હતુ કે આઠ નવ મહિનાથી મંજુલા પીડાતી હતી, માનસિક બિમારીની ઘણી દવા સારવાર છતાં સારુ થતું ન હોઇ હું ખુબ કંટાળી ગયો હતો. ગઇકાલે સાજે ઘરો હતો ત્યારે મેં મનોમન નક્કી કર્યુ હતુ કે હું કેસરી પૂલે જઇ ત્યાંથી કૂદીને આપઘાત કરી લઉં. પણ પછી તરત જ એવો વિચાર આવ્યો કે મારા મર્યા પછી બિમાર પત્નિનું શું થશે? આથી મેં આપઘાતનું પડતું મુકી પત્નિને જ પતાવી દેવાનો નિર્ણય કર્યો હતો.

# રાજકોટમાં ૮-૯ જાન્યુઆરીએ રિજિયોનલ વાઈબ્રન્ટ સમિટ

## વિદેશી રોકાણકારોને કરાશે આમંત્રિત : કરોડો રૂપિયાના થશે સૈદ્ધાંતિક કરારો, રાજકોટની વિશ્વ ફલક ઉપર પ્રસ્થાપિત થશે નવી છબી




રાજકોટ, તા. ૧૬

હાલ ગુજરાત માત્ર ભારતમાં જ નહીં પરંતુ વૈશ્વિક ફલક ઉપર પોતાનું આગવું સ્થાન ઊભું કરી ચૂક્યું છે કારણ કે ગુજરાતના વેપાર ઉદ્યોગ હાલ જે ગતિએ આગળ વધી રહ્યા છે અને વિકાસ હાથ ધરી રહ્યા છે તેને જોઈને વિશ્વ આખાની મીટ ગુજરાત ઉપર છે. ત્યારે જે સમયથી તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા વાઇબ્રન્ટ ગુજરાત સમિટનું આયોજન કરવામાં આવ્યું તેનાથી ગુજરાતને ઘણો ફાયદો મળ્યો છે. હાલ ગુજરાતની અર્થવ્યવસ્થામાં રાજકોટનો સિંહફાળો જોવા મળે છે. ત્યારે આગામી આઠ અને નવ જાન્યુઆરીના રોજ રાજકોટ ખાતે સૌરાષ્ટ્ર કચ્છની રિજનલ વાઇબ્રન્ટ સમિટનું આયોજન હાથ ધરવામાં આવશે. જે માટે અત્યારથી જ તૈયારીઓનો ધમધમાટ શરૂ કરી દેવામાં આવ્યો છે.

ગાંધીનગરની ખાસ ટીમ આ આયોજન માટે વિવિધ સ્થળો ની ચકાસણી કરી રહી છે જે બાદ જ નક્કી થશે કે રાજકોટ રિજીયન વાઇબ્રન્ટ સમિટ કઈ જગ્યા પર યોજાશે. આ સમિટમાં કરોડો રૂપિયાના સૈદ્ધાંતિક કરારો હાથ ધરવામાં આવશે જેનાથી રાજકોટની છબી હજુ પણ વૈશ્વિક ફલક ઉપર અને સાથોસાથ ભારતમાં પ્રસ્થાપિત થશે.

રાજ્ય સરકાર દ્વારા આગામી તા.૮ અને ૯ જાન્યુઆરીના રાજકોટ ખાતે સૌરાષ્ટ્ર-કચ્છ રીજીયનની વાઈબ્રન્ટ સમિટ આયોજીત કરવામાં આવી છે. જેમાં ઔદ્યોગીક વિકાસ માટે કરોડો રૂ.ના એમઓયુ કરવામાં આવનાર છે. આ અંગે રાજ્ય સરકાર અને જીલ્લા વહીવટી તંત્ર દ્વારા તડામાર તૈયારીઓ આરંભી દેવામાં આવી છે. ઉત્તર ગુજરાતના મહેસાણા ખાતેની રીજીયન વાઈબ્રન્ટ સમિટની સફળતા બાદ સૌરાષ્ટ્રના પાટનગર એવા રાજકોટમાં યોજાનાર આ બે દિવસીય સૌરાષ્ટ્ર-કચ્છ રીજીયનની વાઈબ્રન્ટ સમિટના સ્થળની પસંદગી માટે ઈન્સ્પેકશનની કામગીરી પણ પૂર્ણ કરી દેવામાં આવી છે. જેમાં સૌરાષ્ટ્ર યુનિ. મારવાડી યુનિ. અટલ સરોવર અને રેસકોર્સ ગ્રાઉન્ડનું રાજકોટ જીલ્લા કલેકટર ડો.ઓમપ્રકાશ અને રાજય સરકારના પ્રતિનિધી દ્વારા ગઈકાલે સ્થળ મુલાકાત કરી ઈન્સ્પેકશનની કામગીરી કરી હતી.

આ સૌરાષ્ટ્ર-કચ્છ રીજીયન વાઈબ્રન્ટ સમિટમાં વિદેશી રોકાણકારોને પણ આમંત્રીત કરવામાં આવેલ છે. રીજીયન વાઈબ્રન્ટ સમિટમાં સૌરાષ્ટ્રના એગ્રો પ્રોસેસીંગ અને કૃષિલક્ષી ઉદ્યોગોને પ્રાધ્યાન્ય અપાશે. અહીં એ ઉલ્લેખનીય છે કે રાજકોટ મશીન ટુલ્સ ડીઝલ એન્જીન, સીએનજી, ઓટોમોબાઈલ પ્લાસ્ટીક મશીનરી સહિતના ઉદ્યોગનું ઔદ્યોગીક હબ તરીકે ઉપસી આવેલ છે.

ત્યારે ઔદ્યોગીક ક્ષેત્રે રોકાણની ઉદ્યોગકારોને તક મળશે આ સૌરાષ્ટ-કચ્છ વાઈબ્રન્ટ સમિટમાં રાજય સરકારના મંત્રીઓ તેમજ સૌરાષ્ટ્ર-કચ્છના ઉદ્યોગકારો ઉમટી પડશે. વિદેશી રોકાણકારોને સૌરાષ્ટ્ર-કચ્છમાં ઔદ્યોગીક રોકાણ કરવાની તક સાંપડશે.

અહીં એ પણ ઉલ્લેખનીય છે કે તાજેતરમાં મહેસાણા ખાતે યોજાયેલ વાઈબ્રન્ટ સમિટમાં કરોડો રૂ.ના એમઓયુ (કરાર) થતા આ સમિટને મોટી સફળતા સાંપડી હતી. જે બાદ હવે રાજકોટમાં આગામી તા.૮ અને ૯ જાન્યુઆરીના સૌરાષ્ટ્ર-કચ્છ રીજીયનની વાઈબ્રન્ટ સમિટ રાજય સરકાર દ્વારા આયોજીત કરવામાં આવી રહી છે. આ સમિટમાં વિદેશથી રોકાણકારોને આમંત્રીત કરવામાં આવી રહ્યા છે. રાજકોટ મશીન ટુલ્સમાં પોતાનું આગવું સ્થાન ધરાવે છે ત્યારે રાજકોટના ઉદ્યોગો વધુ વિકસિત થાય અને મશીન ટૂલ્સ સહિતના ક્ષેત્રમાં રોકાણ આવે તે માટેના આ પ્રયત્નો હાથ ધરવામાં આવ્યા છે ત્યારે રાજકોટ વાઈબ્રન્ટ સમિટ પર રાજ્ય સરકારની પણ મીટ મંડાઇ છે.

રાજકોટને MSME ક્ષેત્રનું હબ ગણવામાં આવે છે અને એન્જિનિયરિંગ ક્ષેત્રમાં તે અગ્રેસર છે. રાજકોટની એન્જિનિયરિંગ પ્રોડક્ટ્સ વિશ્વભરના દેશોમાં નિકાસ થાય છે. અહીં સાયકલના નાના પાર્ટ્સથી લઈને નાસા અને સેટેલાઈટ્સ માટેના અદ્યતન ઘટકો બનાવવામાં આવે છે. મર્સિડીઝ જેવી લક્ઝરી કારના પાર્ટ્સ પણ રાજકોટમાં તૈયાર થાય છે, જે શહેરની ઔદ્યોગિક ક્ષમતાને દર્શાવે છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં દેશના ઉદ્યોગોનો ઝડપી વિકાસ થયો છે અને ગુજરાતની ઔદ્યોગિક નીતિઓ શ્રેષ્ઠ ગણાય છે. આ નીતિઓએ રાજકોટ સહિત ગુજરાતના ઉદ્યોગોને નવી ઊંચાઈઓ પર પહોંચાડ્યા છે. સરકારે GST દરોમાં ઘટાડો અને ઈન્કમ ટેક્સમાં રાહત જેવા પગલાં લીધા છે, જે ઉદ્યોગકારો માટે ખૂબ જ ફાયદાકારક છે. આ પગલાંથી રાજકોટના ઉદ્યોગોને વધુ પ્રોત્સાહન મળ્યું છે.

### રાજકોટની નિકાસ
### વૈવિધ્યસભર ઉત્પાદનો

રાજકોટથી ઓટોમોબાઈલ, મશીન ટૂલ્સ, ફૂડ પ્રોસેસિંગ મશીનો, એરોસ્પેસ, ડિફેન્સ, રેલવે જેવા અનેક ક્ષેત્રોના એન્જિનિયરિંગ ઘટકોની નિકાસ થાય છે. રાજકોટનો પ્લાસ્ટિક ઉદ્યોગ અને કિચનવેર ઉદ્યોગ પણ વૈશ્વિક બજારમાં નામના મેળવી રહ્યા છે. શહેરની વૈવિધ્યસભર ઉત્પાદન ક્ષમતા તેના વૈશ્વિક એન્જિનિયરિંગ હબ તરીકેની ઓળખને મજબૂત કરે છે.

### ભવિષ્યની દિશા
### ઉદ્યોગો માટે નવી શક્યતાઓ

વાઈબ્રન્ટ સમિટ અને સરકારની ઉદ્યોગલક્ષી નીતિઓના કારણે રાજકોટના ઉદ્યોગો માટે નવી શક્યતાઓ ખુલી રહી છે. આ સમિટ દ્વારા રાજકોટના ખજાઊત અને ગામડાઓના નાના ઉદ્યોગોને વૈશ્વિક બજારમાં પ્રવેશવાની તક મળશે. સરકારના સહયોગ અને રાજકોટની ઔદ્યોગિક ક્ષમતાને કારણે શહેર ભવિષ્યમાં પણ એન્જિનિયરિંગ ક્ષેત્રમાં વૈશ્વિક મંચ પર પોતાનું સ્થાન મજબૂત કરશે.